# શ્રી ઓસિયાજી મહાતીર્થ

## (પરિચય)

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
જ્ઞાન ભંડાર, કોબા
(જી. ગાંધીનગર)

સમીક્ષક

પરમપૂજ્યપાદ આચાર્યદેવ

કૈલાસસાગરસૂરીશ્વરજીમ.સા.ના પાદપદ્મરેણુ

કલ્યાણસાગર

પ્રકાશક

શ્રી મોક્ષકલ્યાણક સમ્યક્ શ્રુતનિધિ



# શ્રી ઓસિયાજી મહાતીર્થનો પરિચય

સમીક્ષક

પરમપૂજ્યપાદ આચાર્યદેવ કૈલાસસાગરસૂરીશ્વરજીમ.સા.નો

પાદપદ્મરેણુ કલ્યાણસાગર

પ્રકાશક

શ્રી મોક્ષકલ્યાણક સમ્યક્ શ્રુતનિધિ

પ્રથમ સંસ્કરણ ] [ ૧૯૮૨

© સમીક્ષકશ્રી (પુનઃ સંસ્કરણના સર્વાધિકાર સમીક્ષકને સ્વાધીન)

મુદ્રક :

કે. ભીખાલાલ ભાવસાર

卐 શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિર 卐

૬૧૨/૨૧, પુરુષોત્તમનગર

નવા વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩

# સમર્પણ

અનાદિ-અનન્ત ભવચક્રમાં ભમતા ભૂતની જેમ ભટકતા મારા જેવા પરમ પામર મહા અજ્ઞ ઉપર અનન્ત અનન્ત મહાઉપકાર કરીને જે પૂજ્યો મારા માટે પરમ કલ્યાણકારી મોક્ષપદ પ્રાપ્તિના પરમ પથ-પ્રદર્શક બન્યા હોય, બનતા હોય, કે બનવાના હોય, તે સર્વે અનન્તાનન્ત પરમોપકારક પરમતારકોના પરમપુણ્ય પાદપુંડરીકે પરમોલ્લસિત મૃદુ ભાવે પ્રાંજલિબદ્ધ પ્રણતશીર્ષે પ્રતિસમયે પરમ સબહુમાન અનન્તાનન્તકોટાકોટિશઃ વન્દન નમસ્કાર કરીને એ જ પરમતારકશ્રીઓના પરમ કમનીય કરકમળોમાં સાદર સમર્પણ કરું છું.

—કલ્યાણસાગર

# અનુક્રમણિકા


શ્રી ઓસિયાજી મહાતીર્થનો માર્મિક પરિચય ૧

શ્રીમાન્ યુવરાજશ્રીજીનું રાજકુમારિકા સાથે પાણિગ્રહણ અને રાજ્યાભિષેક ૨

શ્રી રત્નચૂડમહારાજાનું શ્રી નન્દીશ્વરાદિ મહાતીર્થોની યાત્રાર્થે પ્રયાણ અને સૂરીશ્વરજીનો સમાગમ ૨

જ્ઞાનનો ઉપયોગ મૂકીને દીક્ષા અંગીકાર કરવાની અનુમતિ આપી ૪

એકતાલીસમા વર્ષે ચારિત્ર અંગીકાર અને બાવનમા વર્ષે આચાર્યપદથી વિભૂષિત ૫

શ્રી સૂર્યવંશીય ચંદ્રવંશીયરૂપે પરમ સુવિખ્યાત ૬

ભાલપ્રદેશે સવિતાનારાયણ—સૂર્યની જેમ ઝળહળતું દિવ્ય ઓજસ ૭

શ્રી પુંજરાજાએ કરેલ માયાવીપણું ૭

શ્રી ઉત્પલદેવ યુવરાજશ્રીજીનું અન્યત્ર પ્રયાણ ૮

મહારાજાધિરાજશ્રીએ આપેલ વસમી વિદાય અને યુવરાજશ્રીનું પશ્ચિમ રાજપૂતાના પ્રતિ પ્રયાણ ૧૨

વિશ્વવિખ્યાત ભવ્ય બંદર અને નરવીર ક્ષત્રિયબ્રાહ્મણોનું આગમન ૧૫

મહાઅધર્મિ—વામમાર્ગિઓનો મહાક્રુર હિંસાજન્ય પાપોપદેશ અને પાખંડલીલા ૧૫

પશુવધ આદિ મહાપાપ છે, એટલું બોલનારને પણ મહા· નાસ્તિક ગણાવતા. ૧૭

શ્રી રાજપૂતાનાની પવિત્ર ધરાનો અત્યંત કમકમાટ ઉપજાવે તેવો કરુણ આર્તનાદ ૧૮

વામમાર્ગને આચરનારો મહાક્રુર કપૂતવર્ગ ૧૮

આ તે રાજપૂતાની પવિત્ર પુણ્યભૂમિ કે કુરુક્ષેત્રની કારમી મહારૌદ્ર યુદ્ધભૂમિ ૧૯

માબોમનો અત્યન્ત કરુણાજન્ય આર્તનાદથી કમકમી ઉઠેલ પ. પૂ. આ.શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજ ૨૦

| | |
|---|---|
| પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રીજીનો શુભસંકેત. | ૨૧ |
| શ્રી અર્બુદાચલ મહાતીર્થ પ્રતિ પ્રયાણ | ૨૧ |
| શ્રી. અર્બુદાચળ મહાતીર્થે ચક્રેશ્વરીદેવીનું આગમન | ૨૨ |
| પરમપૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજનું શ્રી ઉપકેશપુર મહાનગર પ્રતિપ્રયાણ | ૨૩ |
| પ્રચંડ પાપમય પાખંડ લીલારૂપ નિહાળેલ અભદ્ર વ્યવહાર | ૨૪ |
| પરમ પૂજ્ય શ્રી જૈનધર્મ શ્રી દિવ્ય દર્શન કરાવવા પરમ પૂજ્ય-પાદશ્રીની સ્થિરતા | ૨૫ |
| એષણીય શુદ્ધ આહારપાણીની ગવેષણા | ૨૬ |
| અન્યત્ર વિહાર પુનરાગમન | ૨૭ |
| પરમપૂજ્યપાદશ્રીજી અમૃતમય ધર્મદેશનાનો ધોધ વહેવરાવતા હતા. | ૩૦ |
| રાજકુમારિકા શ્રીસૌભાગ્યસુંદરીનું પણિગ્રહણ અને શ્રી ત્રૈલોક્ય-સિંહને સર્પદંશ | ૩૦ |
| નિર્વિષ કરવા માટે ધૃતપાન આદિના કરાયેલ અનેક પ્રયોગો | ૩૧ |
| શ્રી ઉત્પલદેલ રાજાએ કરાવેલા ઉદ્‌ઘોષણ | ૩૨ |
| શ્રીમતી સૌભાગ્યસુન્દરીજીને સતી થવાની અનુમતિ અને સ્મશાનયાત્રા | ૩૨ |
| એ સર્વસ્વ જૈનાચારથી વિરુદ્ધ છે | ૩૯ |
| જૈનાચાર્ય કેવા હોય ? | ૪૦ |
| આપણી સહુની ભવ્ય ભાવના એ તો આપણી અગ્નિપરીક્ષા છે. | ૫૦ |
| અશુભકર્મ કેટલું દુષ્કર થાત ? | ૫૦ |
| આપણે કોણ માત્ર ? | ૫૧ |
| પરમ પૂજ્યપાદશ્રીજીની અમૃતસમ ધર્મદેશના | ૫૧ |
| પરમપૂજ્ય ગુરુવર્યશ્રીજીના હાર્દિક શુભ આશીર્વાદ | ૫૨ |

| | |
|---|---|
| પરમપુજ્યપાદશ્રીજીનો નગરપ્રવેશ | ૫૩ |
| અન્નશુદ્ધિ મીમાંસા ઉપર દૃષ્ટિપાત | ૫૪ |
| સર્વોપરી ઉચ્ચતમ કક્ષાએ પરમધર્મી માનવસૃષ્ટિ | ૫૫ |
| પરમ ઉચ્ચતમ કર્તવ્યપરાયણતા અને ધર્મપરાયણતા | ૫૫ |
| તો તેને માનવજીવન કહેવાય જ શી રીતે ? | ૫૬ |
| એ તો મહાબાલિશ નર્યો પશુમાર્ગ છે. | ૫૭ |
| વામમાર્ગીઓના પાપી હૈયે ખળભળાટ | ૫૮ |
| શ્રી ચક્રેશ્વરી પ્રમુખ શાસનદેવીઓનું સુભગ આગમન | ૫૯ |
| આત્માની અસ્મિતા અને અમરતા અનાદિકાલીન છે. | ૬૦ |
| એષણીય શુદ્ધ આહારપાણી માટે મહારાજાધિરાજથી પ્રમુખ કરેલ વિજ્ઞપ્તિ | ૬૦ |
| અન્તરાયાદિ અશુભકર્મ વિચિત્રતા જૈનધર્મ અંગીકાર કરાવવા માટે | ૬૧ |
| પરમપુજ્યપાદશ્રીજીને મહારાજા ધિરાજશ્રીએ કરેલ વિજ્ઞપ્તિ | ૬૨ |
| જૈનધર્મ અંગીકાર કરાવી "શ્રી મહાજન સંઘ" રૂપે ઘોષિત કર્યા | ૬૩ |
| નૂતન શ્રાવકોનું સ્થૈયીકરણ | ૬૪ |
| પ્રબળ પુણ્યલક્ષ્મનરૂપ શ્રી જિનેન્દ્ર ભક્તિ અને જિનવાણી | ૬૪ |
| શ્રી ઓસિયાજી તેમજ કોરંટકની સ્થાપના અને ઓસિયાજી વંશની સ્થાપના | ૭૮ |
| પરમ પુજ્યપાદશ્રીની પુણ્ય ઉપસ્થિતિમાં મહારાજાધિરાજે કાઢેલ શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ | ૮૬ |
| કાયા વિનાનો કાળ કળાતો નથી. | ૮૬ |
| કાળનો અટલ નિયમ | ૮૭ |
| વજ્ર જેવાં અભેદ્ય હૈયાં | ૮૭ |

પરમ પુજ્યપાદશ્રીજીની પાદપરમ્પરા ૮૮
મારી સમૃદ્ધિ અને શોભા કેવી અદ્ભુત હશે? ૯૨
અડિખમ ઊભેલા વિરાટકાય જિનેન્દ્રપ્રાસાદો સાક્ષી પુરે છે. ૯૨
ભવ્યભૂતકાળનાં કેટલાંક સંસ્મરણો ૯૩
શ્રી રાજનગર (અમદાવાદ)નાં ભવ્ય જિનાલયો ૯૪
શ્રી સૂર્યપુર (સૂરત)નાં ભવ્ય જિનાલયો ૯૫
શ્રી મુંબઈનાં ભવ્ય જિનાલયો ૯૬
૫૦૦ મુનિઓની હત્યા, અને ઓસવાળોએ વહોરાવેલ ૨૧ પુત્રો ૯૮
પ.પૂ. શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજીમહારાજને 'તપા'પદથી વિભૂષિત ૯૯
શ્રી ઉપકેશપુર એ જ આજનું મહાતીર્થ શ્રી ઓસિયાજી ૧૦૦
ઓ મારા પરમ સપૂત ઓસવાળો! તમો કુંભકર્ણીય નિદ્રામાં કેમ ઘોરો છો? ૧૦૧
ઓસવાળ ભોપાળ મા ભોમ કાજે કેવા વર્ષે છે ૧૦૨
તેજી તોખાર ઘોડાને માત્ર ઈશારો જ બસ છે. ૧૦૨
વીશા દશાની સમીક્ષા ૧૦૩

卐

॥ ॐ ह्रीं तत्सत ॥

શ્રી સીમન્ધરસ્વામિને નમો નમઃ
શ્રી પાર્શ્વનાથાય નમો નમઃ
શ્રી મહાવીરસ્વામિને નમો નમઃ

# શ્રી ઓસિયાજી મહાતીર્થનો માર્મિક પરિચય

**શ્રી ઓસવંશના આદ્યસંસ્થાપકશ્રીજીનો જન્મ, અને અનેક-વિધ ધર્મઆરાધનાથી તેઓશ્રીજીનું મઘમઘાયમાન પરમ સુવાસિત જીવન.**

શ્રી ઓસવંશ (ઓસવાળ) ના આદ્યસંસ્થાપકશ્રીજીનો જન્મ આજથી સાધિક ૨૫૦૦ વર્ષ પૂર્વે અર્થાત્ શ્રી વીરસંવત્ ૧ માં શ્રી વૈતાઢયપર્વત ઉપર સ્થિત શ્રી રથનૂપુર નગરના રાજવી શ્રી મહેન્દ્રચૂડ વિદ્યાધર મહારાજાધિરાજની પટ્ટરાજ્ઞી શ્રીમતી લક્ષ્મીદેવીજી સુશ્રાવિકાજીની પવિત્ર કુક્ષિથી થયો હતો. યુવરાજશ્રીજીનું શુભનામ શ્રી રત્નચૂડ સ્થાપવામાં આવ્યું હતું.

શ્રીમાન્ યુવરાજશ્રીજીની જીવનસમૃદ્ધિ–અભિવૃદ્ધિ સાથે પ્રતિદિન અપૂર્વ ઉલ્લાસથી ત્રિકાળ જિનેન્દ્રભક્તિ–સામાયિક–પ્રતિક્રમણ–પૌષધ-શ્રીજિનવાણી શ્રવણ-વ્રતપચ્ચકખાણ-સુપાત્રદાન અનુકમ્પાદાન-જીવદયા પ્રમુખ ધર્મ આરાધના, તેમજ અભક્ષ્ય-અનન્તકાય-રાત્રિભોજન–સપ્તવ્યસનાદિ મહાપાપોનો ત્યાગ કર-વાથી યુવરાજશ્રીજીના પવિત્ર જીવનમાં ધર્મ આરાધનાનો

પ્રચંડ પ્રવાહ શ્વાસોચ્છવાસની પ્રક્રિયાની જેમ સહજ બની ગયો હતો.

સુવર્ણમાં સુવાસની જેમ ધર્મ આરાધનાની સાથે વિનય-વિવેક-શીલ-સદાચાર-સહિષ્ણુતા—ઉદારતા—પ્રસન્નતા- દાક્ષિણ્યતા-આચારશુદ્ધિ-વ્યવહારશુદ્ધિ તેમજ ગુણાનુરાગ પ્રમુખ પાયાના અનેકવિશિષ્ટ ગુણગણ પુષ્પમાળથી અલઙ્કૃત હોવાના કારણે એ પુષ્પમાળની મઘમઘાયમાન સુમધુરસુવાસથી યુવરાજશ્રીજીનું જીવન પરમ સુવાસિત હતું.

## શ્રીમાન્ યુવરાજશ્રીજીનું રાજકુમારિકા સાથે પાણિગ્રહણ અને રાજયાભિષેક

શ્રીમાન્ યુવરાજશ્રીજી યુવાસ્થાને પ્રાપ્ત થતાં શ્રી મહેન્દ્ર-મહારાજાએ વિનય-વિવેક-શીલ-સદાચાર-ધર્મશ્રદ્ધાશીલ આદિ અનેકસદ્ગુણગણનિધાન વિદ્યાધર રાજકુમારિકા સાથે પાણિગ્રહણ કરાવી યોગ્ય સમયે શ્રી મહેન્દ્રચૂડ મહારાજાએ મહામહોત્સવપૂર્વક યુવરાજશ્રીજીનો અભિષેક કરાવી શુભમુહૂર્તે પરમપુણ્યવતી સુકુમારિકાના પુણ્ય શુભહસ્તે યુવરાજશ્રીજીના ભાલપ્રદેશે રાજતિલક કરાવીને તેમને રાજસિંહાસને પ્રતિષ્ઠિત કર્યા. વિભૂષિત કર્યા.

## શ્રી રત્નચૂડ મહારાજાનું શ્રી નન્દીશ્વરાદિ મહા—તીર્થોની યાત્રાર્થે પ્રયાણ અને સૂરીશ્વરજીનો સમાગમ

કોઇ એક સમયે શ્રી રત્નચૂડ મહારાજા પરિવાર સહિત

વિમાનારૂઢ થઈને આકાશમાર્ગે શ્રી નન્દીશ્વરદ્વીપ આદિ શાશ્વત્ મહાતીર્થોની યાત્રા કરીને **શ્રી** સિદ્ધગિરિરાજ મહાતીર્થની યાત્રાએ જઈ રહ્યા હતા. તે સમયે નીચે પરમપૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબને વન્દન કરવા આવેલ શ્રી જિનેન્દ્રશાસનરક્ષિકા શ્રી ચક્રેશ્વરીજી-અમ્બિકાજી-પદ્માવતીજી અને સિદ્ધાયિકાજી આ ચારે દેવીઓને ધર્મોપદેશદ્વારા શ્રી જિનવાણીનું શ્રવણ કરાવી રહ્યા હતા. તે પરમ પૂજયપાદશ્રી-જીના મસ્તક ઉપર વિમાન આવતાંજ વિમાન સ્તમ્ભિત થાય છે.

શ્રી રત્નચૂડ મહારાજા નીચે ઉતરીને પરમ પૂજ્યપાદશ્રી-જીને પરમ બહુમાનપૂર્વક વન્દન કરીને પરમપૂજ્યપાદશ્રીજીના મસ્તક ઉપર થઈને જવાથી પરમ પૂજ્યપાદશ્રીજીની થયેલ આશાતાનાની ક્ષમાપના અર્થે મિચ્છામિ દુક્કડં દઈને, પરમ વૈરાગ્યમય ધર્મદેશના શ્રવણ કરે છે. શ્રી રત્નચૂડ મહારાજાના નવનીત જેવા વિનમ્ર, અને પારિજાતપુષ્પ જેવા પરમ પવિત્ર સુકુમાલ અન્તરમાં પરમ ઉત્કટવૈરાગ્ય પ્રગટે છે. શિઘ્રાતિશીઘ્ર ચારિત્ર અંગીકાર કરવાના અધ્યવસાય પરમ ઉત્કટ બને છે.

શ્રી રત્નચૂડ મહારાજા પરમ વિનમ્રભાવે પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજને વિજ્ઞપ્તિ કરે છે, કે હે પૂજ્યપાદશ્રીજી! આજથી લગભગ ૧૧,૫૦,૦૦૦ અગિયાર લાખ પચાસ હજાર વર્ષ પૂર્વે મહાસતી શ્રી સીતાજીની મુક્તિ માટે શ્રી રામચંદ્રજી અને લક્ષ્મણજીએ સેના સહિત લંકા પ્રતિ પ્રયાણ કર્યું, તે સમયે અમારા પૂર્વજ શ્રી ચન્દ્રચૂડ

નામના વિદ્યાધર મહારાજા શ્રી રામચંદ્રજીના પક્ષમાં તેમની સાથે હતા. શ્રી રાવણ મહારાજાએ સ્વગૃહજિનમન્દિરમાં શ્રી પરિવાર સહિત હજારો વર્ષ પર્યન્ત પરમોત્કટ અજોડ ભક્તિભાવથી પૂજેલા એવા પરમ પ્રભાવક અને મહાચમત્કારક શ્રી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી જિનેન્દ્ર પરમાત્માના મરકતમણિરત્નના પ્રતિમાજી હતા. તે પ્રતિમાજી અમારા પૂર્વજ શ્રી ચન્દ્રચૂડ મહારાજાએ પરમ સબહુમાનપૂર્વક કર-સમ્પૂટમાં ગ્રહણ કરી, રથનૂપુર લાવીને તેની ગૃહજિન-મન્દિરમાં સ્થાપના કરી હતી. તે સમયથી એ અનન્તાનન્ત પર-મોપકારક પરમતારકને દેવરૂપે માનતા અને પૂજતા આવ્યા છીએ. એ પરમતારક દેવાધિદેવ પ્રત્યે મને પણ અનન્ય પરમ પૂજ્યભાવ અર્થાત્ અજોડ ભકિતભાવ છે. એ દેવાધિદેવની પૂજા સેવા ભકિત કર્યા વિના પચ્ચકખાણ ન પારવાનો અર્થાત્ અન્નજળ ન લેવાનો મારો અટળ નિયમ છે. તે કારણથી એ પરમતારક દેવાધિદેવના પ્રતિમાજી હું સદાકાળ મારી સાથેજ રાખું છું. આપશ્રીની પ્રબળ વૈરાગ્ય વાહિની ધર્મદેશના શ્રવણના પરમપ્રભાવે મારા અન્તરમાં દીક્ષા અંગીકાર કરવાની તીવ્ર ભાવના પ્રગટેલ છે. આપ પૂજ્યપાદપ્રવરશ્રીજી પરમઉદારભાવે અનુમતિ આપો તો પ્રતિમાજી સાથે રાખીને દીક્ષા અંગીકાર કરું.

### જ્ઞાનનો ઉપયોગ મૂકીને દીક્ષા અંગીકાર કરવાની અનુમતિ આપી

પરમપૂજ્યપાદશ્રીજીએ જ્ઞાનનો ઉપયોગ મૂકયો, આ પુણ્ય-

વન્ત નિકટના ભવિષ્યમાં પરમ આરાધક અને શ્રી જિનેન્દ્ર-શાસનના પરમ પ્રભાવક થશે. એવો અપૂર્વલાભ જ્ઞાનબળથી જાણી સમજીને પરમપૂજ્યપાદશ્રીએ શ્રી રત્નચૂડરાજાને પ્રતિમાજી સાથે રાખીરે દીક્ષા અંગીકાર કરવાની અનુમતિ આપી.

## એકતાલીશમાં વર્ષે ચારિત્ર અંગીકાર, અને બાવનમા વર્ષે આચાર્યપદથી વિભૂષિત

શ્રી રત્નચૂડ મહારાજાએ શુભ મુહૂર્તે જયેષ્ઠ પુત્ર શ્રી કનકચૂડ યુવરાજશ્રીનો અભિષેક કરીને સુકુમારિકાના શુભહસ્તે રાજતિલક કરાવીને રાજસિંહાસને વિરાજિત કરીને, ચરિત્રનાયકે પરમપૂજ્યપાદ શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજશ્રીની પરમ પાવનીય તારક નિશ્રામાં ભર્યા ભર્યા સંસારનો સર્પની કાંચ-ળીની જેમ સર્વથા ત્યાગ કરીને, એકતાલીશ (૪૧) માં વર્ષે કેસરી સિંહવત્ પ્રબળ વૈરાગ્યભાવે પરમ પૂજ્યપાદશ્રીજીના શિષ્યરૂપે તેઓશ્રીના તારકના વરદ શુભહસ્તે ચારિત્ર અંગી-કાર કર્યું. પરમ વિનયત્ત-ઉત્કટ તપ-ત્યાગ-વૈરાગ્ય-અપ્રમત્તભાવ અપ્રતિમપ્રગલ્ભ બુદ્ધિવૈભવ અને મતિશ્રુત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ આદિના કારણે અલ્પ સમયમાં જ તેઓશ્રી

क्रमेणाधीत द्वादशाङ्गी चतुर्दशपूर्वी बभूव

પરમ વન્દનીય શ્રી દ્વાદશાઙ્ગીરૂપ સમ્પૂર્ણ શ્રુતજ્ઞાનના પારગામી થયા. અર્થાત્ પરમ બહુશ્રુત ચતુર્દશપૂર્વધર શ્રુતકેવળીરૂપે વિશ્વવિખ્યાત થયા. અનેક મહાપ્રભાવક લબ્ધિઓ પ્રગટ થઈ પરમપૂજ્યપાદ તારક ગુરુદેવેશ આચાર્યપ્રવરશ્રી સ્વયમ્પ્રભસૂ-

રીશ્વરજી મહારાજ સાહેબે ચારિત્રનાયકને બાવન (૫૨) વર્ષની વયે આચાર્યપદથી વિભૂષિત કરી સ્વપટ્ટે સ્થાપન કરીને આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી નામે ઘોષિત કર્યા. તેઓ શ્રી પાર્શ્વનાનાથજી જિનેન્દ્રપરમાત્માની પટ્ટપરમ્પરારામાં છઠ્ઠા પટ્ટધર થયા. गुरुणा स्वपदे स्थापिताः श्रीमद्वीरजिनेश्वराद् द्विपञ्चाशत्तमे वर्षे आचार्यपदे स्थापिताः पञ्चशत-साधुभिःसह धरां विचरन्ति

અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક દેવાધિદેવ પ્રગટ પ્રભાવક પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી પરમાત્માના ચતુર્થ પટ્ટધર શ્રી કેશી મહારાજાએ અનન્તાનન્ત પરમ ઉપકારક પરમ તારક ચરમ શાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માનું શાસન સ્વીકાર્યું, ત્યારથી કેશી મહારાજા આદિ મુનિવરોની દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી પરપાત્માના શાસનના મુનિવરો રૂપે ગણના થવા લાગી. પરમપૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ કયા ગણધર મહારાજાની પરમ્પરામાં ગણાય? એવી કોઈ અસંગતતા કે અસત્કલ્પના ઊભી ન થાય, એટલા માટે પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબને અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક પ્રગટપ્રભાવક દેવાધિદેવ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી જિનેન્દ્ર પરમાત્માના છઠ્ઠા પટ્ટધર રૂપે જણાવ્યા છે.

**"શ્રી સૂર્યવંશીય ચન્દ્રવંશીયરૂપે પરમ સુવિખ્યાત**

પ્રથમ ચક્રવર્તિ શ્રી ભરત મહારાજાના જયેષ્ઠ સુપુત્ર શ્રી

સૂર્યયશા, અને અતુલબલિ શ્રી બાહુબલિજીના સુપુત્ર શ્રી ચન્દ્રયશાના વંશજ અનુક્રમે "સૂર્યવંશીય" અને "ચન્દ્રવંશીય" ક્ષત્રિયોરૂપે પરમ સુવિખ્યાત થયા. પરમ ખમીરવન્ત તે વંશોમાં જેના લેખાં કે ગણિત ન થઈ શકે, એટલા કોટાકોટિ મહારાજા આદિ ક્ષત્રિય નરવીરોએ ભૂતકાળમાં અનન્ત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનમાં જન્મપામી જૈન ધર્મની પરમ ઉત્કટ આરાધના કરવાપૂર્વક શ્રી જિનેન્દ્રશાસનનો પરમ ઉદ્દ્યોત અને મહાપ્રભાવના કરવાપૂર્વક સ્વરનું કલ્યાણ કરીને મોક્ષપદને પામ્યા હતા.

## ભાલપ્રદેશે સવિતાનારાયણ-સૂર્યની જેમ ઝળહળતું દિવ્ય ઓજસ

સૂર્યચન્દ્રવંશીય લાકખો ક્રોડો પરમખમીરવન્ત રણબંકા ક્ષત્રિય નરવીર મહારથિઓના ભાલપ્રદેશરૂપ નભોમંડળ ઉપર ક્ષાત્ર – તેજોમય પરમ દિવ્ય – ઔજસ મધ્યાહ્નના સવિતાનારાયણસૂર્યની જેમ ઝળહળતું હતું. આવા પરમ ખમીરવન્તોને પણ ધર્મના ફળસ્વરૂપ સુખની ભૂખ તો હતી જ ધર્મના વાસ્તવિક સ્વરૂપની તલસ્પર્શી માર્મિક સમજ આપનાર સુગુરુઓનો સુયોગ અને સદુપદેશના અભાવે, એકાન્તે પરમ હિતકર કલ્યાણકારક યાને મોક્ષદાયક ધર્મને પામી શક્યા ન હતા. આ પરિસ્થિતિ ૨૫૦૦ વર્ષ પૂર્વે હતી.

## શ્રી પુંજ રાજાએ કરેલ માયાવીપણું

"શ્રી શ્રીમાળ" નગરમાં સૂર્યવંશીય શ્રી ભીમસેન મહા-

રાજાના જયેષ્ઠપુત્ર શ્રીપુંજ રાજકુમાર રાજ્ય કરતા હતા, અને તેમના લઘુભ્રાતા શ્રી ઉત્પલદેવ રાજકુમાર યુવરાજપદે વિરાજિત હતા. શ્રીપુંજે જયેષ્ઠભ્રાતાએ કોઈક પ્રસંગે લઘુભ્રાતા શ્રી ઉત્પલદેવથી અમુક વાત ગુપ્ત રાખીને માયાવીપણું કર્યું. કેટલાક સમય પછી તે વાત પ્રગટ થતાં, લઘુભ્રાતા યુવરાજ–શ્રીને અત્યાઘાત લાગ્યો. યુવરાજશ્રીએ જયેષ્ઠભ્રાતાને જણાવ્યું, કે આપ તો રાજ્યાધિકારી રાજા છો. આપે મારાથી પ્રચ્છન્નતા ન રાખતા પ્રગટપણે કર્યું હોત, તો ય આપને કોઈ પ્રતિબન્ધ કે નિષેધ કરે તેમ ન હતું. આપે મારાથી ગુપ્તતા રાખવા પ્રયાસ કર્યો, છતાં ગુપ્તતા ગુપ્ત ન રહી. માયાવીપણુ પ્રગટ થયું. આપ જેવા રાજવીને આ શોભાસ્પદ નથી. એ પ્રમાણે જયેષ્ઠ-ભ્રાતાને નિવેદન કરી, ઔચિત્ય વ્યવહારે જયેષ્ઠભ્રાતા મહા–રાજાધિરાજને પ્રણામ કરી સ્વનિવાસસ્થાને આવ્યાં

**શ્રી ઉત્પલદેવ યુવરાજશ્રીનું અન્યત્ર પ્રયાણ**

શ્રી ઉત્પલદેવ યુવરાજશ્રીને અત્યાઘાત લાગવાથી "ચંદ્ર-વંશીય શ્રી ઊહડ" નામના પોતાના મિત્રની સાથે "શ્રી શ્રીમાળ" નગરનો ત્યાગ કરીને, ઉત્તર રાજપૂતાની પવિત્રધરા પ્રતિ શુભદિને શુભમુહૂર્તે પ્રયાણ કર્યું.

ગ્રામાનુગ્રામ પ્રયાણ કરતા કેટલાંક દિવસે આજના માર-વાડ જંકશન પાસેના આઉઆ નગરે આવે છે. તે નગરના મહારાજાધિરાજ શ્રી સંગ્રામસિંહજીએ આદર સત્કાર કરીને આડમ્બરપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો. મહારાજાધિરાજશ્રીએ

પોતાની રાજપુત્રી શ્રી જ્વાલાદેવી રાજકુમારિકાનું પાણિગ્રહણ કરવા આગ્રહ કર્યો.

યુવરાજશ્રીએ જણાવ્યું અમારી નાત જાત અને ભાત જાણ્યા વિના આપ આપની કન્યા મને અર્પણ કરવા તત્પર થયા છે, તે ઉચિત ગણાય? મહારાજાધિરાજશ્રી અતિચતુર અને માનવપારખુ માણસ હતા. તેઓશ્રીએ યુવરાજશ્રીને જણાવ્યું, કે આપનો વિનય, વિવેક અને શિષ્ટવાણીયુક્તનો આદર્શ શિષ્ટાચાર એ જ આપની પરમ ઉચ્ચનાત જાત અને પરમ સુકુલીનતાની પરીક્ષા, અને પ્રતીતા ઝળહળતા સૂર્ય જેવી આપની પરમ દિવ્ય ક્ષાત્રતેજોમય મુખમુદ્રા "आकृति गुणान् कथयति" અને શ્રી ઇન્દ્ર મહારાજાના ઐરાવણ ગજરાજના જેવી આપની પરમ સુલક્ષણવતી શુભગતિછિલ એ જ પૂર્ણ પ્રતીતિ કરાવે છે, કે આપ પરમ ઉચ્ચતમ સુકુલીનક્ષાત્ર રાંજબીજ છે. એટલે મારે એથી વિશેષ અન્ય કોઈ પરીક્ષા કે પ્રતીતિ કરવાની રહેતી નથી.

એ ઉત્પલ રાજકુમાર અને એવા જ પરમ ઉચ્ચતમ સુકુલીન અન્ય ક્ષત્રિયોના સપુત વંશ જો એ જ આજના ઓસવાળો.

ચન્દ્રવંશીય શ્રી ઊહડ મિત્રે જણાવ્યું રાજન્! આપ પ્રગલ્ભબુદ્ધિનિધાન, અતિચતુર અને માનવ પરીક્ષક છો. શ્રી ઉત્પલદેવ યુવરાજશ્રીની પરમ ઉચ્ચતમ સુકુલીનતા અંગેનું આપશ્રીનું અનુમાન શતપ્રતિશત અંશે અક્ષરશઃ સત્ય છે.

"શ્રી શ્રીમાલ" નગરના સૂર્યવંશીય મહારાજાધિરાજશ્રી ભીમસેનના પરમ સુવિનીત લઘુ સુપુત્ર યુવરાજશ્રી ઉત્પલદેવ છે. યુવરાજશ્રીના જયેષ્ઠભ્રાતા મહારાજાધિરાજશ્રીએ યુવરાજશ્રી સાથે કરેલ છળ પ્રપંચના કારણે "શ્રી શ્રીમાળ" નગરથી પ્રયાણુ કરીને કેટલાંક દિવસથી પર્યટન કરતાં કરતાં આજ દિને અત્ર આગમન થયેલ છે. આ સત્યઘટના જાણ્યા પછી તો, રાજકુમારિકા શ્રી જવાલાદેવીનું પાણિગ્રહણુ કરવા માટે મહારાજાધિરાજશ્રીએ પૂર્ણુ આગ્રહ રાખ્યો.

ત્યારે પરમ વિનમ્ર સુવિનીતભાવે યુવરાજશ્રીએ જણાવ્યું, કે રાજન્ ! આપશ્રીએ રાજકુમારિકાના પાણિગ્રહણ માટે કરેલ અત્યાગ્રહને હું સર્વથા નકારી શકતો નથી. પરંતુ હું મારા ભુજાબળના સ્વપુરુષાર્થથી જ્યારે રાજ્ય વસાવું, ત્યારે જ આપશ્રીજીની રાજકન્યાને તેડાવી શકું, ત્યાં સુધી પાણિગ્રહણુ કર્યા પછી પણ રાજકન્યાને આપશ્રીજીને ત્યાં જ રાખવી પડે. નીતિકારો પણુ કહે છે, કે વિદેશ ગમનમાં સ્ત્રી બન્ધનકર્તા છે. પગમાં બેડી સમાન છે. મારું આ પરમવિનમ્ર નિવેદન છે.

યુવરાજશ્રીનું નિવેદન ઉચિત યોગ્ય હોવાથી મહારાજાધિરાજશ્રીએ માન્ય રાખીને, રાજકુળને યોગ્ય ઉચિત મહાઆડમ્બરપૂર્વક યુવરાજશ્રી સાથે શ્રી જવાલાદેવી રાજકન્યાનું પાણિગ્રહણુ કરાવ્યું. રાજકન્યાના કરમોચન સમયે મહારાજાધિરાજશ્રીએ હીરા–પન્ના–માણેક–મોતી–પ્રવાળ પ્રમુખ અનેક પ્રકારના રત્નો, રત્નજડિત અનેકવિધ સુવર્ણુના આભૂષણો,

સોના રૂપાના વિવિધ પ્રકારના થાળ, થાળી, વાડકા કળશ પ્રમુખ ભાજનો, તેમજ હાથી–ઘોડા–રથ–દાસ દાસી પ્રમુખ સામગ્રી વિપુલ પ્રમાણમાં કન્યાદાનમાં અર્પણ કરી.

કેટલાક દિવસ ત્યાં સ્થિરતા કર્યા પછી, શ્રી ઉત્પલદેવ તથા શ્રી ઊહડ મિત્ર ત્યાંથી પશ્ચિમ રાજપૂતાના પ્રતિ પ્રયાણ કરવાનું વિચારીને મહારાજાધિરાજશ્રીને જણાવ્યું, કે હે રાજન્! સ્વતન્ત્ર નૂતન રાજ્ય વસાવવાની ગણનાથી અમો શ્રી શ્રીમાળ નગરીથી પ્રયાણ કરેલ હોવાથી, હવે અમને પશ્ચિમ રાજપૂતાના પ્રતિ પ્રયાણ કરવા અનુમતિ આપો.

મહારાજાધિરાજશ્રીએ જણાવ્યું કે યુવરાજકુમારસિંહજી! આપની યથારુચિ જે ભૂમિપટ ઉપર આપને રાજ્ય વસાવવું હોય, તે ભૂમિપટનો આપ નિર્ણય કરીને જણાવો, એટલે આપની રુચિ પ્રમાણે આપણા મન્ત્રીશ્વરજી સેનાપતિજી પ્રમુખ રાજરત્નો આયોજન કરીને અનેક ગગનચુમ્બી વિશાળ પરમરમણીય રાજભવનો, મહાલયો, રાજસભાઓ હાટ હવેલી યુક્ત પાટનગર પૂર્વકનું વિશાળ રાજ્ય વસાવી આપે.

યુવરાજશ્રીએ જણાવ્યું રાજન્! આપશ્રીજીએ આપની પરમસૌજન્યતા દાખવીને રાજ્ય વસાવી આપવાની ઔદાર્યપૂર્ણ ભલી લાગણી વ્યક્ત કરી, તે આપશ્રીજીનું પરમ સૌજન્ય છે, અને તદર્થે હું આપશ્રીજીનો આભારી છું. પરન્તુ ઉત્તમ પુરુષો સ્વનામથી ખ્યાત થાય, મધ્યમ હોય તે પિતાજીના નામે ખ્યાત થાય, અધમ હોય તે મામાજીના નામે ખ્યાત

થાય, અને અધમાધમ હોય, તે શ્વસુરજીના નામે ખ્યાત થાય. નીતિશાસ્ત્રો અને લોકવ્યવહાર પણ એ વાતનું સમર્થન કરે છે રાજન્! અધમાધમ કોટીની તો વાત જ નહિ, પરન્તુ મધ્યમશ્રેણિ રૂપે અર્થાત્ પિતાજીના નામે ખ્યાત થવાનો પણ સ્વપ્નમાં માનસિક વિચાર આવી જાય, તો ય હું એમ માનું છું, કે પરમ્પરાગત ચાલી આવતી મારા પૂર્વજોની સુકુલીનતા અને પરમ સુઉજ્જવળ કીર્તિમાં કલંકરૂપ છે, પરમ સુકુલીન પિતાજીનો સુપુત્ર હોય, તે તો સ્વોપાર્જિત પૂર્વ-પુણ્યોદય ઉપર અટળ વિશ્વાસ રાખીને તદનુસારના સત્પુરુષાર્થ ઉપર જ નિર્ભર રહે. એ જ એની સાચી પરમસુકુલીનતા અને સૌજન્યતા છે. માટે આપશ્રીજી પ્રસન્નતાપૂર્વક પ્રયાણની અનુમતિ આપો.

## મહારાજાધિરાજશ્રીએ આપેલ વસમી વિદાય અને યુવરાજશ્રીનું પશ્ચિમ રાજપૂતાના પ્રતિ પ્રયાણ

શુભ દિન અને શુભ મુહૂર્તવેળાએ શુભશકુનપૂર્વક યુવરાજશ્રીજી તથા શ્રી ઊહડમિત્રની પશ્ચિમ રાજપૂતાના પ્રતિ પ્રયાણ સજ્જ થઈને રાજભવનથી નીત્ત પ્રયાણ કરે છે, તે સમયે મહારાજાધિરાજ પ્રમુખ સમસ્ત રાજકુળ, મન્ત્રીશ્વર, સેના-પતિ, સેના તેમ જ નગરજનો અશ્રુપૂર્ણ નેત્રોએ દુઃખિત હૈયે વસમી વિદાય આપે છે. આઉઆથીં લગભગ સાઠ બાસઠ ૬૦–૬૨) ગાઉ એટલે આધુનિક કિલોમિટરના માપે લગભગ ૨૦૦ કિલોમિટર દૂર ગયા. એટલે અતિરમણીય પર્વતીય વિભાગ યુક્ત અતિવિશાળ ભૂમિપટ આવ્યો. જેની પશ્ચિમ

દિશાએ લગભગ બસો (૨૦૦) કિલોમિટર પ્રમાણનો અતિવિસ્તૃત સમુદ્રકીનારો હતો. જેથી એ વિશાળ ભૂમિપટ પ્રત્યે યુવરાજશ્રીનું મન આકર્ષાયું. તેઓશ્રીને વિચાર આવ્યો, કે જે રાજ્ય કે નગરને અતિવિસ્તૃત સમુદ્રકીનારો મળતો હોય, તે રાજય કે નગરમાં દેશ વિદેશથી અનેક સાહસિક વાણિજ્યકારો (વેપારીઓ) વેપાર અર્થે આવીને વસવાટ કરે, અને રાજ્યદ્વારા આયાત નિકાસ આદિ કોઈપણ પ્રકારના વેપાર ઉપર નિયન્ત્રણ પ્રતિબન્ધ, કે કોઈ પણ વિશેષ પ્રકારના શુલ્ક કે આયવ્યયકર આદિના મહાઅનીતિમય કરભાર ન હોય, તો સાહસિક વ્યવસાયિકો મનમૂકીને ભરપેટ વ્યવસાય કરી શકે. જેટલા અંશે વાણિજ્યનો વિકાસ એટલા અંશે રાજ્ય સમૃદ્ધિશાળી બને. એ રાજય આર્થિકદૃષ્ટિએ મહાસમૃદ્ધ અને મહાશક્તિ સમ્પન્ન ગણાય.

યુવરાજશ્રી ઉત્પલદેવને આ વિશાળ ભૂમિપર ઉપર આગામિ નિકટના ભવિષ્યમાં એક નામાંકિત અર્થાત્ ખ્યાતનામ મહાસમૃદ્ધ રાજયના પાટનગર થઇ શકે તેવા દર્શન થયા. આ બધા કારણોથી આ વિશાળ ભૂમિપટ ઉપર રાજય વસાવવા માટે યુવરાજશ્રીનું મન આકર્ષાયું—લલચાયું.

યુવરાજ શ્રી ઉત્પલદેવની વિચારણાનું આપણે વિશ્લેષણ કરતાં નિષ્કર્ષ એ નીકળે છે, કે શ્રી ઉત્પલદેવ પ્રગલ્ભપ્રતિભા સમ્પન્ન, અપ્રતિમ વિશિષ્ટ બુદ્ધિશાળી, મહાચતુર માર્મિક રાજય નીતિજ્ઞ, આદર્શ વાણિજ્ય નીતિજ્ઞમાં એક્કા,

સમયજ્ઞ હતા, તેમ જ ઔચિત્ય ઔદાર્ય–પ્રમુખ અનેક વિશિષ્ટ ગુણપુષ્પોની મઘમઘતી સુમધુર સુવાસથી યુવારાજશ્રીજીનું જીવન પ મ સુવાસિત હશે. અને એ વિશિષ્ટ ગુણપુષ્પોની મઘમઘાયમાન સુમધુર સુવાસથી અન્ય જનોને પણ પ્રસન્નતા થતી હશે.

એ વિશાળ ભૂમિપટ ઉપર સમૃદ્ધ રાજ્ય વસાવવાનો યુવરાજશ્રી ઉત્પલદેવને ઉદ્‌ભવેલ વિચાર શ્રી ઊહડ મિત્રને જણાવે છે. તેઓ પણ અતિવિશિષ્ટ બુદ્ધિશાળી હતા. રાજ્ય વસવાટ માટે પરસ્પર વિચાર વિનિમય કરતાં, ઉભયનો એક વિચાર થતાં. એ વિશાળ ભૂમિપટ ઉપર રાજ્ય વસાવવાનો નિર્ણય કરે છે.

**શ્રી ઉપકેશપુર મહાનગરનો વસવાટ રાજ્યની સ્થાપના અને શ્રી ઊહડની મહામન્ત્રીશપદે નિયુક્તિ**

શુભ દિન શુભ મુહૂર્ત અને શુભ શકુનપૂર્વક એ વિશાળ ભૂમિપટ ઉપર શ્રી ઉત્પલદેવે નન્દનવનસમ નૃત્ય કરતું, અને અમરાવતીસમ ઓપતું અતિરમણીય બારયોજન લાંબું અને નવયોજન પહોળું "શ્રી ઉપકેશપુર" નામે અતિવિરાટ પાટનગર વસાવીને રાજ્યની સ્થાપના કરી. શ્રી ઊહડ મિત્રને મહામન્ત્રીશ પદે નિયુક્ત કર્યા.

ઘુઘવાતા મહાસાગરનો અતિવિરાટ સમુદ્રકિનારો મળવાથી વ્યવસાયાદિમાં દિન પ્રતિદિન અપ્રિતમ પ્રગતિ સધાતી ગઈ.

વાણિજ્યકારો સમૃદ્ધ મહાસમૃદ્ધ થતા ગયા. ગણનાપાત્ર વાણિજ્ય ક્ષેત્રોમાં શ્રી ઉપકેશપુરે એક અજોડ મુખ્ય અને મહાસમૃદ્ધ વાણિજ્ય ક્ષેત્રરૂપે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લીધી. જેથી અલ્પ સમયમાં ભવ્યબંદર રૂપે વિશ્વવિખ્યાત થયું.

**વિશ્વવિખ્યાત ભવ્યબન્દર અને નરવીર ક્ષાત્રય બ્રાહ્મણોનું આગમન**

શ્રી ઉપકેશપુર મહાનગર અલ્પસમયમાં જ વિશ્વવિખ્યાત ભવ્યબંદર થવાથી વાણિજ્યક્ષેત્રે અજોડ કેન્દ્રસ્થાન પ્રાપ્ત કર્યું. જેથી એ મહાનગરની ખ્યાતિ દિગન્ત વ્યાપી થઈ. આ મહાનગરમાં વસવાટ કરવા માટે અનેક પુણ્યવન્તોનાં મન લલચાયા. "શ્રી શ્રીમાળ" નગરથી અઢાર હજાર ક્ષત્રિય કુટુંબો અને નવ-હજાર બ્રાહ્મણ કુટુમ્બો, તેમ જ અન્યત્રથી ક્ષાત્રય, બ્રાહ્મણ, વણિક પ્રમુખ અઢારે વર્ણના હજારો કુટુમ્બોએ તે મહાનગરમાં આવીને વસવાટ કર્યો.

"ततः श्री श्रीमालनगराद् अष्टादशसहस्रक्षत्रियकुटुम्बकानि नवमहस्र ब्राह्मणकुटुम्बकानि च आगत्य उपकेशपुरे निवसिताः। द्वादशयोजनमीता नगरी जाता

**મહાઅધર્મિ- વામમાર્ગિઓનો મહાક્રૂરહિંસાજન્ય પાપોપદેશ અને પાખંડ લીલા**

શ્રી સૂર્યચન્દ્રવંશીય રાજા પ્રમુખ નરવીર ક્ષત્રિયો અને અન્ય પ્રજાજનો કાળક્રમે મહામિથ્યાત્વિ-વામમાર્ગીય અધર્મિઓના કુસંસ્કારની પૂર્ણ અસરતળે આવી ચૂકયા હતા.

મહાઅધર્મિ વામમાર્ગિઓ ધર્મના નામે, અને દેવદેવીઓને સન્તુષ્ટ કરવાના નામે યજ્ઞમાં પશુઓનો બલિ દેવાનો મહાક્રૂર હિંસાજન્ય પાપોપદેશ નિઃશંકપણે જોરશોરથી કરવા લાગ્યા. યજ્ઞમાં બલિ દેવાતા પશુઓને સ્નાન આદિથી પવિત્ર કરીને, કંકુનું મસ્તકે તિલક કરી ગુલાલ અબીલ આદિ છાંટીને મન્ત્રોથી અભિમન્તિ કરીને સુસંસ્કારિત કરીને પછી જ યજ્ઞવેદીના કુંડમાં હોમવા માટે વધ કરવામાં આવે છે. જેથી દેવદેવીઓ સન્તષ્ટ રહે, અને વધ કરાયેલ પશુઓ સ્વર્ગની ગતિને પામે છે. માટે એ હિંસા હિંસા ગણાતી નથી.

મન્ત્રથી સંસ્કારિત કરેલ હોવાના કારણે વધ કરીને યજ્ઞવેદીમાં હોમાયેલ પશુઓનું માંસભક્ષણ, અને મદ્યપાન અવશ્ય કરવું જ જોઇએ. એ રીતે માંસાહાર અને મદ્યપાન ન કરીએ, તો યજ્ઞધર્મનો અનાદર કર્યો ગણાય. એ મહાપાપ ગણાય. યજ્ઞમાં પશુવધ, માંસાહાર, અને મદ્યપાન કરવું, એ તો પુણ્યકાર્ય ગણાય. આવા ધાર્મિક પુણ્યકાર્યનો અપલાપ કરવો એ મહાપાપ છે.

યજ્ઞમાં પશુવધ, માંસાહાર અને મદ્યપાન ન કરીએ, તો આપણે દેવ દેવીઓનો ઘોર અનાદર કર્યો ગણાય. એ અનાદરથી દેવ દેવીઓ અપમાનિત થાય, કોપાયમાન થાય, દુષ્કાળ,-મારિ આદિ અસાધ્ય ભયંકર રોગાદિના ઘોર ઉપસર્ગો અને ઉપદ્રવો પણ કરે. માટે દેવ દેવીઓને સન્તુષ્ટ રાખવા માટે યજ્ઞમાં પશુવધ, માંસાહાર, અને મદ્યપાન અવશ્ય કરવું જ

જોઇએ. એ પાપ કાર્ય નથી, પરંતુ પુણ્યકાર્ય છે. ધર્મના નામે કરાતો મહાક્રૂર હિંસાજન્ય પાપોપદેશ, માંસાહાર-મદ્યપાન અને અનાચાર વ્યભિચાર, મહાપાપમય વામમાર્ગે-પાખંડીઓની પાખંડલીલાથી વ્યામોહિત થયેલ સરળ આશયી નરવીર ક્ષત્રિય મહારથિઓ અને અન્ય પ્રજાજનો ધર્મબુદ્ધિથી યજ્ઞમાં પશુવધ માંસાહાર, મદ્યપાન આદિ મહાપાપો નિઃશંકપણે, કરતા હતા. પશુવધ આદિના એ મહાપાપે એટલી બધી સીમાતીત માઝા મૂકી હતી, કે એ મહાપાપ શ્વાસોચ્છ્‌વાસની પ્રક્રિયાની જેવું સહજ બની ગયું હતું. વ્યામોહિત આત્માઓ સીમાતીત એવું મહાપાપ કરીને, પણ પોતે એક વિશિષ્ટ ધર્મ આરાધના કરી છે, એવો આત્મસંતોષ અનુભવતા હતા.

**પશુવધ આદિ મહાપાપ છે, એટલું બોલનારને પણ મહા-નાસ્તિક ગણાવતા.**

મહાપાખંડી વામમાર્ગીઓએ ધર્મના નામે મહાક્રૂર-હિંસાજન્ય પાપોપદેશ દઇ દઇને પશુવધ આદિના એ મહા-પાપને ઠાંસી ઠાંસીને, કૂટી કૂટીને સરળ આશયી લોકમાનસ ઉપર એવું સ્થિર પ્રતિષ્ઠિત કર્યું હતું, કે યજ્ઞ આદિમાં ધર્મના નામે કરાતો પશુવધ, અને માંસાહાર આદિ ધર્મ નથી. પણ મહાઅધર્મ છે. મહાપાપ છે. માત્ર એટલું બોલનારને પણ મહાપાખંડી વામમાર્ગીઓ મહાનાસ્તિકરૂપે ગણાવતા હતા. તે કાલે એ મહાપાપનો વિરોધ કરનારને જીવવું દુષ્કર હતું.

**શ્રી રાજપૂતાનાની પવિત્ર ધરાનો અત્યંત કમકમાટ ઉપજાવે તેવો કરુણ આર્તનાદ**

યજ્ઞયાગાદિમાં દેવદેવીઓને સન્તુષ્ટ કરવાનું કપોલકલ્પિત નિમિત્ત ઊભું કરીને ધર્મના નામે યજ્ઞવેદીકુંડમાં બલિ દેવાના નામે વધ કરવાથી પશુઓને થતી મહાત્રાસજન્ય રૌદ્રવેદનાથી અત્યંત કરુણામય કારમી કિકિયારીઓના કકળાટથી કમકમી ઊઠેલ અને પશુઓના રક્તવર્ણ શોણિતના પ્રવાહથી ખળભળી ઊઠેલ રાજપૂતાનાની પવિત્રધરાથી એ મહાવેદના સહન ન થવાથી, જાણે એ પવિત્રધરાનું પેટાળ ચીરાઇને તેમાંથી શોણિત ન વહેતું, હોય એવું અતિભયાનક રૌદ્રસ્વરૂપ ભાસતું હતું. મહાપાખંડી વામમાર્ગીઓ પાખંડલીલા આચરીને પવિત્ર ધરાને નરકાગાર જેવી બનાવી દીધી હતી.

પાખંડીઓના અસહ્ય મહાત્રાસમય ધમપછાડાથી ધમધમી ઉઠેલ એ પવિત્રધરા પાખંડલીલામય તાંડવનૃત્યથી મોક્ષ મેળવવા માટે જાણે હૈયાફાટ રુદન કરતી ન હોય ? પોતાના ઉદ્ધાર માટે સન્તોને સંકેત કરવા, મહન્તોને મહેર કરવા અને શૂરાઓ સાદ દેવા જ જાણે એ પવિત્રધરા સજ્જ થઈ ન હોય એવી ભાસતી હતી.

**વામમાર્ગને આચરનારો મહાક્રૂર કપૂતવર્ગ**

મહદંશનો જનસમુદાય મને સમસ્ત જીવસૃષ્ટિની આધારશિલા માને છે. મને પૃથ્વીમાતા કે ધરતીમાતા કહીને સમ્બોધે છે. મિથ્યાત્વમોહનીયરૂપ મહામાદકમદ્યનું પાન

કરવાથી મદોન્મત્ત થઇને, અને સન્નિપાત જેવા મહાભયંકર કામજ્વરના તીવ્રોન્માદમાં અન્ધ બનીને અત્યન્ત અવિવેકભર્યો અનાચારને નિ:શંકપણે સેવન કરનાર, અને અજ્ઞાનરૂપ ગાઢ અન્ધકારમાં અથડાતો કૂટાતો એવો મારો જ અમુક કપૂતવર્ગ વામમાર્ગને આચરનારો મહાક્રૂર પાખંડી બન્યો છે.

**આ તે રાજપૂતાનાની પવિત્ર પુણ્યભૂમિ કે કુરુક્ષેત્રની કારમી મહારૌદ્ર યુદ્ધભૂમિ?**

મહાક્રૂર વામમાર્ગી–પાખંડ–કપૂતોએ પોતાની પાખંડ-લીલાને હિંસાનું ધારદાર કાતિલ શસ્ત્ર આપી મહા આક્રમક બનાવીને મારા મૂક સન્તાનોની સામે યુદ્ધે ચઢાવી છે. એ યુદ્ધને દેશવ્યાપી બનાવીને મહાયુદ્ધમાં પરિવર્તિત કર્યું છે, જેના મહાકટુફળ સ્વરૂપે પ્રતિવર્ષે મારા કરોડો મૂકસન્તાનોની અતિક્રૂરતાભરી ઘોર મહાહત્યા, અને માંસાહાર, મદ્યપાન, અનાચાર, દુરાચાર, વ્યભિચાર આદિ મહાપાપોએ એવી માઝા મૂકી છે, કે તેનું શબ્દ દ્વારા વર્ણન કરવું અશક્ય છે.

હત્યા કરાયેલ પશુઓના રક્તપાતથી મારી એવી મહા-ભયંકર કારમી કદર્થના અને દુર્દશા થઈ છે કે, મારા દેદાર જોનારને તો એમ જ લાગે (ભાસે) કે, આ તે રાજપૂતાનાની પવિત્ર પુણ્યભૂમિ છે કે કુરુક્ષેત્રની મહારૌદ્ર યુદ્ધભૂમિ છે?

ઓ મારા માડીજાયા ભડવીર સપૂતો! મારી એવી કારમી કદર્થના અને ભયંકર દુર્દશા જોઇને પણ કેમ તમને મારા પ્રત્યે કરુણા ઊપજતી નથી? ઓ મારા સપૂતો! હવે

તો તમે જાગો, છે કોઈ તમારામાં મહાકરુણાસાગર ભડવીર? છે કોઈ મારું કલ્યાણ કરનાર? છે કોઇ મારો મોક્ષ કરનાર? મારા ઉપર અસીમ કરુણામય અનન્ત ઉપકાર કરી મારી થતી ભયંકર કદર્થનાથી મારું રક્ષણ કરો! મારો ઉદ્ધાર કરો! મારો પરમ ઉદ્ધાર કરો!

## મા ભોમનો અત્યન્ત કરુણાજન્ય આર્તનાદથી કમકમી ઊઠેલ પ. પૂ. આ. શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજ

માભોમનો અત્યન્ત કરુણાજન્ય આર્તનાદમય સાદથી પરમપૂજ્યપાદ પરમકારુણિક આચાર્યપ્રવરશ્રી સ્વયમ્પ્રભ-સૂરીશ્વરજી મહારાજનું પરમવાત્સલ્યમહાનદહૈયું દ્રવિત થઈને અકથ્ય મનોવેદનાથી જાણે કકળી ન ઊઠયું હોય? અને એ મનોવેદનાની પરમ ઉપશાન્તિ માટે જ, જાણે પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજે સ્વપટ્ટધર આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજને ઉત્તરરાજ-પૂતાનાની પવિત્ર પુણ્યભૂમિ ઉપર વિચરવાનો કઇ રીતે શુભ સંકેત કરે છે? એ શુભ સંકેતમાં જ સ્વપરનું કલ્યાણ અને મોક્ષ માનીને પરમપૂજ્યપાદ ગુરુમહારાજશ્રીજીની આજ્ઞા શિરસાવન્દ્ય શિરોમાન્ય કરીને શ્રી "શ્રીમાળ"થી શુભ મુહુર્તે પ્રયાણ કરીને કઇ રીતે શ્રી અર્બુદાચળ મહાતીર્થ પ્રતિ પધારે છે? ત્યાં શાસનદેવી શ્રી ચક્રેશ્વરીદેવી આવીને સબહુમાન વિનતિપૂર્વક શું શુભ સંકેત કરે છે? અને એ સંકેતાનુસાર પરમપૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ

આદિ પાંચસો (૫૦૦) મુનિવરો વિહાર કરીને "શ્રી ઉપકેશપુર" પ્રતિ કઈ રીતે પધારે છે? તેનું વિહંગાવલોકન કરીએ.

**પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રીજીનો શુભ સંકેત**

પરમ પૂજ્યપાદ, પરમ આરાધ્યપાદ, પ્રાતઃસ્મરણીય, ચતુર્દશપૂર્વધર પરમબહુશ્રુત ચતુર્જ્ઞાનધારક શ્રી જિનેન્દ્રશાસનના પરમહિતચિન્તક અને પરમપ્રભાકર, જંગમ યુગપ્રધાનકલ્પ આચાર્યપ્રવરશ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજ સ્વપટ્ટધર ચરિત્રનાયક આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજને તારક શુભસંકેતરૂપે જણાવે છે કે, મારી અતિવૃદ્ધાવસ્થાના કારણે હું તો ક્ષીણજંઘાબળી થયેલ હોવાથી, હું તો ઉત્તર પશ્ચિમ રાજપૂતાનાની ખમીરવતી પવિત્ર પુણ્યભૂમિ ઉપર વિચરવા અસમર્થ છું. પરન્તુ તમે સશક્ત છો, ચતુર્દશપૂર્વધર બહુશ્રુતિ છો, ચતુર્જ્ઞાન અને અનેક લબ્ધિના ધારક છો. જંગમ યુગપ્રધાન કલ્પ છો, શ્રી જિનેન્દ્રશાસનના પરમ હિતચિન્તક અને મહાપ્રભાવક પણ છો, એટલે તમો એ ખમીરવતી પવિત્ર પુણ્યભૂમિ ઉપર વિચરી શકો તેમ છો. એ પવિત્ર ભૂમિ ઉપર વિચરવાથી અનન્ત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનની અપૂર્વપ્રભાવનાનો અપ્રતિમ લાભ થશે. ચારિત્રનાયકે અંજલિબદ્ધનત મસ્તકે જણાવ્યું કે જેવી "પરમ પૂજ્યપાદશ્રીજીની આજ્ઞા" એ રીતે પરમ વિનયથી ગુરુઆજ્ઞાને શિરસાવન્દ્ય શિરોમાન્ય કરી.

**શ્રી અર્બુદાચળ મહાતીર્થ પ્રતિ પ્રયાણ**

પરમપૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી

મહારાજને પરમસબહુમાન વિધિવત્ ગુરુવન્દન કરીને તેઓશ્રીના હાર્દિક આશીર્વાદ રૂપ અભિમન્ત્રિત વાસચૂર્ણ મસ્તકે લઈને શુભદિને શુભમુહૂર્તે ચરિત્રનાયક આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભ-સૂરીશ્વરજી મહારાજના પાંચસો (૫૦૦) શિષ્ય મુનિવરોના પરિવાર સહિત વિહાર કરીને શ્રી અર્બુદાચળ મહાતીર્થ પધારે છે. કેટલાક દિવસો ત્યાં સ્થિરતા કરીને તીર્થયાત્રાનો અપૂર્વલાભ લેતાં શ્રી જિનેન્દ્રપરમાત્માની ભક્તિમાં ઓતપ્રોત બને છે.

**શ્રી અર્બુદાચળ મહાતીર્થે ચક્રેશ્વરીદેવીનું આવાગમન**

એક દિવસે શાસનદેવી શ્રી ચક્રેશ્વરીદેવી શ્રી અર્બુદાચળ મહાતીર્થે આવે છે. શ્રી જિનેન્દ્ર પરમાત્માની હર્ષોલ્લાસથી ભક્તિ કરીને, પરમપૂજ્યપાદ ચરિત્રનાયકશ્રીજી મહારાજ વિરાજિત છે, ત્યાં આવીને પરમપૂજ્યપાદશ્રીને પરમ સબહુમાન વિધિવત્ વન્દન કરીને સંયમ યાત્રા નિર્વહનની અને પરમ-પુણ્યવતી ધર્મકાયાએ સુખાશાતા પ્રવર્તે છે કે કેમ ?–તેની પૃચ્છા કરીને અંજલિબદ્ધ નતમસ્તકે સબહુમાન પરમનિમ્રભાવે સુમધુરવાણીએ વિજ્ઞપ્તિ કરતાં જણાવ્યું કે ભગવન્ત રાજપૂતાના મરુધરની પવિત્ર પુણ્યભૂમિ ઉપર આદિત્યની જેમ ઓપતા અને તપનની જેમ તપતા પરમખમીરવન્તઃ સૂર્યચન્દ્રવંશીય રણબંકા ક્ષત્રિય નરવીરોનું આધિપત્ય આદિત્યની જેમ તપી રહ્યું છે. પરન્તુ એ પ્રદેશનો સમસ્ત જનસમુદાય જૈનધર્મના પરમ સુસંસ્કારથી સર્વથા રહિત હોવાના કારણે, જૈનાચારના સર્વથા અજાણ હોય એ તો સ્વાભાવિક જ છે. એટલે એ પવિત્ર ધરા

પર ઉવિચરતા અમુક સમય પર્યન્ત તો, ઉગ્ર તપ, ઉગ્ર પરિષહો અને ઉગ્ર કષ્ટો સહન કરવાં પડશે, પરંતુ અન્તમાં એ પ્રદેશનો આપશ્રીજીનો ઉગ્રવિહાર જિનેન્દ્રશાસનની પ્રભાવનાની દૃષ્ટિએ સફળતાના શિખરે રહેશે આપશ્રીજીના જીવનમાં એક અવિસ્મરણીય પરમ અનુમોદનીય પ્રસંગ લેખાશે.

આપશ્રીજીનું ઉત્કટ સંયમ-તપ-ત્યાગ અને અપ્રતિમ પ્રભાવશાલી સુમધુર-સદુપદેશથી એ શાસનકર્તાઓ અને લાખો રણબંકા નરવીર ક્ષત્રિયો મહામિથ્યાત્વનો અને મહાક્રૂરતાભર્યો ઘોરપશુવધનો સર્વથા ત્યાગ કરવાપૂર્વક જૈનધર્મને અંગી કરીને ધર્મના અપૂર્વ આરાધક અનન્ત મહાતારક શ્રી જૈનેન્દ્રશાસનનો મહાઉદ્દ્યોત અને પરમપ્રભાવના કરનારા થશે, એ રીતે આપશ્રીને શ્રી જિનેન્દ્રશાસનની યાને સત્યધર્મની અપૂર્વ પ્રભાવના કર્યાનો અપ્રતિમ લાભ થશે. જેનો અપૂર્વ આનંદ, અને પરમપ્રસન્નતા આપશ્રીજીને આજીવન રહેશે. પરમપૂજ્યપાદ ચરિત્રનાયકશ્રીજીએ જણાવ્યું જેથી ક્ષેત્રસ્પર્શના, ત્યાર પછી પરમપૂજ્યપાદશ્રીને પરમ સબહુમાન વન્દન નમસ્કાર કરીને શ્રી ચક્રેશ્વરી દેવી ત્યાંથી અન્તર્ધ્યાન થયાં.

**પરમપૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજનું શ્રી ઉપકેશપુર મહાનગર પ્રતિપ્રયાણ**

ઉત્તર રાજપૂતાનાની પવિત્ર પુણ્યધરા ઉપર વિચરવા માટે પરમપૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી ગુરુમહારાજના હાર્દિક શુભ આશીર્વાદપૂર્વકનો મહામાંગલિક શુભસંકેત

અને શાસનદેવી શ્રી ચક્રેશ્વરીદેવીની પરમ બહુમાનપૂર્વકની અત્યાગ્રહપૂર્ણ વિનતિ એટલે સુવર્ણમાં સુવાસ. એથી ઉત્તર રાજપૂતાના પ્રતિ વિચરવાનો પરમપૂજ્યપાદ ચરિત્રનાયક આચાર્ય-પ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજનો ચિત્તોત્સાહ અનેકગુણો અભિવર્ધિત થયો.

હવે પછી જ્યાંજ્યાં પરમપૂજ્યપાદશ્રી કે પરમપૂજ્ય-શ્રીજી એવો ઉલ્લેખ આવે ત્યાં સર્વત્ર પરમપૂજ્યપાદ ચારિત્ર નાયક આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ સમજવા.

પરમપૂજ્યપાદશ્રીજી પાંચસો (૫૦૦) શિષ્ય મુનિવરોના પરિવાર સહિત શ્રી અર્બુદાચલમહાતીર્થથી શુભમુહૂર્તે પ્રયાણ કરી ઉત્તર રાજપૂતાના પ્રતિ વિહાર લંબાવ્યો ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં કેટલા સમય પશ્ચાત્ પશ્ચિમ રાજપૂતાનાની પુણ્યવતી ધરાના મુગટસમ પરમ ખ્યાતનામ પાટનગર શ્રી ઉપકેશપુર મહાનગરમાં પધાર્યા.

## પ્રચંડપાપમય પાખંડલીલારૂપ નિહાબાલિશ અભદ્રવ્યવહાર

મહાઅધર્મ યાને પ્રચંડપાપમય પાખંડલીલારૂપ મહા-બાલિશ અભદ્રવ્યવહારજનિત મનોવેદનાથી પરમપૂજ્યપાદશ્રી મહાકરુણાસિન્ધુ અને પરમવાત્સલ્યમહાનદ પૂતઆત્મા કમકમી ઊઠે છે. એ અસહ્ય મનોવ્યથાની પૂર્ણશાન્તિ માટે દેવાધિદેવને માનસિક અભ્યર્થના કરે છે, કે હે અનન્તાનન્ત પરમઉપકારક પરમતારક દેવાધિદેવ ! આપ એક જ અનન્તાનન્ત

પરમકરુણાના અને પરમવાત્સલ્યના મહાસાગર છો. આપ એક જ વિશ્વના પરમઉદ્ધારક છો. આપ જેવા અનન્તાનન્ત પરમ-તારકશ્રીનું ઝળહળતું શાસન જયવન્તુ પ્રવર્તતું હોવા છતાં મહામોહથી મૂચ્છિત અને અજ્ઞાનથી અભિભૂત એવા મહા-મિથ્યાત્વિ-વામમાર્ગી પાખંડીઓ ધર્મના નામે મહાક્રૂરતાભરી ઘોરહિંસા, માંસાહાર, અને મદ્યપાન પ્રમુખ મહાપાપમય પાંખંડ-લીલાના તાંડવનૃત્યનો મહાભયંકર ઉત્પાત મચાવીને પરમ ખમીરવન્ત સરળ આશયવાળા પુણ્યવન્તોને પાપમય મહા-અધર્મના ઉન્માર્ગે દોર્યો છે. હે નાથ! આપના અનન્તાનન્ત પરમ પ્રભાવે આ પાપ આચરણથી જીવમાત્રની મુક્તિ થાઓ. શીઘ્રાતિશીઘ્ર પરમકલ્યાણકારક શ્રી આર્હતધર્મની પ્રાપ્તિ થાઓ જેથી જીવમાત્ર આત્મકલ્યાણ સાધીને મોક્ષપદ પામી શકે. એજ એક મારી પરમ વિનમ્રતમ હાર્દિક અભ્યર્થના.

**પરમપૂજ્ય શ્રી જૈનધર્મના દિવ્ય દર્શન કરાવવા પરમપૂજ્ય-પાદશ્રીની સ્થિરતા**

પરમપૂજ્યપાદશ્રીજી વિચારે છે, કે "શ્રી ઉત્પલદેવ" રાજા પ્રમુખ લાખો નરરત્ન ક્ષત્રિયો પરમ ખમીરવન્ત અને પરમ સુકુલીનપાત્ર હોવા છતાં એ પુણ્યવન્તોને અનન્ત-મહાતારક પરમસત્ય શ્રી જૈનધર્મના દિવ્ય દર્શન થવાનો પરમ સુયોગ પ્રાપ્ત ન થવાથી, અને મહાપાખંડમયવામમાર્ગીઓની તાંડવ-લીલાનૃત્યની અને તાન્ત્રિકવિદ્યાની કારમી અસર તળે હોવાના એ પુણ્યવન્તો મહારૌદ્રહિંસા આદિ મહાપાપનું તાંડવલીલાનૃત્ય

ખેલી રહ્યા છે. એ મહાપાપ-માર્ગ સર્વથા બંધ કરાવવા માટે, કોઈ પણ અપેક્ષા વિના પ્રબળ નિઃસ્વાર્થભાવે એ પુણ્યવન્તોને પરમસત્ય શ્રી જૈનધર્મના દિવ્ય દર્શન અવશ્ય કરાવવા જ જાઇએ એમ વિચારીને ત્યાં સ્થિરતા કરે છે.

## એષણીય શુદ્ધ આહારપાણીની ગવેષણા

પરમપૂજ્યપાદશ્રીની અનુમતિ મેળવીને બેંતાલીશ (૪૨) દોષ રહિત એષણીય શુદ્ધ આહાર પાણીની ગવેષણા કરવા માટે શ્રી ઉપકેશપુર નગરના ભિન્ન ભિન્નપાટકો (પાડા-વિભાગો)માં પ્રતિદિન મુનિવરો ગોચરીએ જાય છે. પરન્તુ જનસમુદાય જૈનધાર્મિક સંસ્કારો અને જૈનાચારથી સર્વથા અનભિજ્ઞ (અજાણ); તેમ જ મહદંશનો લોકસમુદાય માંસાહાર અને મદ્યપાન આદિ કરનારો હોવાથી શુદ્ધ આહાર પાણીનો લાભ થતો નથી. એટલે પ્રતિદિન આહારપાણી વિના ખાલી પાત્રે એમને એમ સંઘાટક મુનિવરો વસતિમાં પાછા આવે છે.

પરમપૂજ્યપાદશ્રીજીને તથા પાંચસો (૫૦૦) મુનિવરોને નિર્જળ ચોવિહારા ઉપવાસ ઉપર ઉપવાસ થવા લાગ્યા પરમપૂજ્યપાદશ્રીને સંઘાટક મુનિવરોએ પરમસબહુમાન વિનમ્રભાવે વિનયપૂર્વક વિનંતી કરી, કે ભગવન્ત : પ્રતિદિન એવણીય શુદ્ધ આહારપાણીની ગવેષણા કરવા છતાં, તથા પ્રકારના એષણીય શુદ્ધ આહારપાણી ઉપલબ્ધ થતા નથી, અને નિકટના ભવિષ્યમાં એ પ્રકારના શુદ્ધ આહારપાણી ઉપલબ્ધ થાય, તેવા કોઈ શુભ એંધાણ પણ જણાતા નથી. હવે એ વિષયમાં

આપશ્રીજીના જે આજ્ઞા એજ અમારા માટે તો "તહત્તિ"-પૂર્વક શિરસાવન્ઘ શિરોમાન્ય છે.

પરમ પુજ્યપાદશ્રીજીએ જણાવ્યું, કે આ ઘટના એક દાદ માંગે તેવી અતિવિકટ અને ગંભીર સમસ્યા હોવાથી વિચારણીય છે, એટલુંજ જ નહિ, પણ તાત્કાલિક નિર્ણય કરવા પ્રબળ પ્રેરણા કરે છે. એ નિઃશક છે. નિકટના ભવિષ્યમાં શુદ્ધ આહારપાણી ઉપલબ્ધ થવાની શકયતા ન હોય, તો અન્યત્ર વિહાર કરવા માટે મુનિવરોને સુસજ્જ થવા માટે સૂચના આપો. પરમપૂજ્યપાદશ્રીની આજ્ઞા અનુસાર સર્વે મુનિવરોને વિહાર માટે સુસજ્જ થવા સંઘાટક મુનિવરોએ સૂચના આપી.

### અન્યત્ર વિહાર-પુનરાગમન

અન્યત્ર વિહાર કરવા છતાં, ત્યાં પણ જનસમુદાયની એજ પરિસ્થિતિ હોવાથી આહાર પાણીની કોઈ ઉપલબ્ધિ ન થવાથી પુનઃ ઉપકેશપુર પધારે છે. ત્યાં કેટલાક દિવસ સ્થિરતા કરે છે

એષણીય શુદ્ધ આહારપાણી ઉપલબ્ધ ન થવાથી પરમ-પૂજ્યપાદશ્રીજીપ્રમુખ પાંચસો (૫૦૦) મુનિવરોને નિર્જળ ચોવિહારા ઉપવાસ થતા જાય છે. તથાપિ એષણીય શુદ્ધ આહાર-પાણી ઉપલબ્ધ થવાની કોઈ શકયતા ન જણાતાં પરમપૂજ્ય-પાદશ્રીની આજ્ઞાથી અન્યત્ર વિહાર અર્થે સુસજ્જ થઈ રહ્યા છે. એવું શ્રી ઉપકેશપુર મહાનગરના અધિષ્ઠાત્રી શ્રી ચામુંડા

દેવીએ જ્ઞાનબળથી જાણીને વિચારે છે કે શ્રી જિનેન્દ્રશાસનની અપૂર્વપ્રભાવનાનો અપ્રતિમ લાભ થશે. એવી પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી મહારાજની હાર્દિક શુભ આશીર્વાદપૂર્વકની આજ્ઞાથી, અને શ્રી ચક્રેશ્વરદેવીના શુભ-સંકેતપૂર્વકની વિનતિથી, તો પરમપૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ પાંચસો (૫૦૦) મુનિવરોના વિરાટ પરિવાર સાથે અત્રે પધાર્યા, અને પારણું કર્યા વિના એમને એમ ચોવિહાર ઉપવાસ કરતાં જ આ મહાવિરાટનગરથી અન્યત્ર વિહાર કરે, એ તો મારા માટે મહાકલંક અને મહા અભિશાપરૂપ ગણાય, એમ વિચારીને શ્રી ચામુંડાદેવી પ્રગટ થઈને પરમપૂજ્યપાદશ્રીજીની પવિત્ર સેવામાં ઉપસ્થિત થાય છે.

પરમપૂજ્યપાદ શ્રીજીની પરમબહુમાન અંજલિબદ્ધનત મસ્તકે વન્દન નમસ્કાર પ્રણામ કરીને પરમ વિનમ્રતમભાવે વિનતિ કરે છે, કે ભગવન્તઃ! પરમપૂજ્યપાદ ગુરુમહારાજની આજ્ઞાને પરમતારક માનીને શિરસાવન્દ્ય શિરોમાન્ય કરીને તો આપશ્રીજી પરમ ઉલ્લાસથી અત્ર પધાર્યા. અને ઉપવાસ ઉપર ઉપવાસ કરીને એમને એમ વિહાર કરીને અન્યત્ર પધારો એ મારા માટે શોભાસ્પદ તો નથી જ. પરન્તુ મહાકલંક અને મહાઅભિશારૂપ છે આપશ્રીજી આ પવિત્રવસુંધરા ઉપર સ્થિરતા કરો. અમુક સમય ઉગ્રતપ કરવું પડશે, ઉગ્રપરિષહો અને મહાકષ્ટો પણ સહન કરવા પડશે. પરન્તુ અન્તમાં એ ઉગ્રતપ-ઉગ્રપરિષહો અને મહાકષ્ટો અનન્તમહાતારક શ્રી જિનેન્દ્ર શાસનની અપૂર્વપ્રભાવના અપ્રતિમલાભમાં પરિવર્તિત થશે.

એ અપ્રતિમલાભરૂપ યશનો ચાંદ આપના ભાલપ્રદેશે અંકાશે. માટે આપશ્રીજી અન્યત્ર વિહાર ન કરતાં અત્ર સ્થિરતા કરવા કૃપા કરો. "भो आचार्यदेवाः। चातुर्मास्यामत्रैव स्थातष्यं, महालाभो भविष्यति"

અર્થઃ-ભો આચાર્યભગવન્તઃ! ચાતુર્માસમાં અહીંયા જ સ્થિરતા કરવી આપશ્રીજીને મહાન્ લાભ થશે. એ રીતે શ્રી ચામુંડાદેવી વિનતિ કરીને વન્દન નમસ્કાર કરવાપૂર્વક દેવી અન્તર્ધ્યાન થયાં.

પરમપૂજ્યપાદશ્રીએ સર્વે મુનિવરોને જણાવ્યું, કે આ મહાનગરના અધિષ્ઠાત્રી શ્રી ચામુંડાદેવીએ અત્ર ચાતુર્માસ કરવાની વિનતિ કરીને જણાવ્યું, કે અત્ર સ્થિરતા કરવાથી મહાન્ લાભ થશે. એટલે મેં તો ચાતુર્માસ અહીંયાજ સ્થિરતા કરવાનો નિર્ણય કર્યો છે. ચારમાસના ચોવિહારા ઉપવાસ કરવાની શક્તિ અને ભાવના હોય, તેઓ અત્ર ચાતુર્માસમાં સ્થિરતા કરે. અને જેમની શક્તિ અને ભાવના ન હોય તેઓને અન્યત્ર વિહાર કરી શકે છે

**परमपूज्यपादप्रवराः पञ्चत्रिंशन्मुनिभिः सह स्थिताः**

પરમપૂજ્યપાદશ્રીજીની સાથે અન્ય પાંત્રીશ (૩૫) મુનિવરો શ્રી ઉપકેશપુર મહાનગરમાં ચાતુર્માસ અર્થે સ્થિરતા કરી તેમાં સાત મુનિવરો તો ૧૦ થી ૧૨ વર્ષની બાળવયના હતા. તેઓશ્રીની પરમપૂજ્યપાદશ્રીજીની સાથે જ ચાતુર્માસ કરવાની પ્રબળ ભાવના હોવાના કારણે સાથે જ રહ્યા હતા. અને શેષ-મુનિવરો પરમપૂજ્યપાદશ્રીજીની આજ્ઞા અનુસાર અન્યત્ર વિહાર કર્યો હતો.

**પરમપૂજ્યપાદશ્રીજી અમૃતમયધર્મદેશનનાનો ધોધ વહેવરાવતા હતા.**

પૂજ્ય સંઘાટક મુનિવરો પ્રતિદિન મહાનગરના ભિન્ન-ભિન્ન પાટકમાં એષણીય શુદ્ધ આહારપાણીની ગવેષણા કરવા જતા હતા, પ્રાસુક શુદ્ધ આહારપાણીનો યોગ ન થવાથી એમ' ને એમ ખાલી પાત્રે સંઘાટક મુનિવરો વસતિમાં પાછા આવતા હતા તે સમયે પરમપુજ્યપાદશ્રીજી પુષ્કરાવર્ત્ત મહામેઘસમાન અતિગંભીર એવી પરમ સુમધુરવાણીએ અસ્ખલિત-પ્રબળ-ધારાબદ્ધ પ્રવાહે પરમવૈરાગ્ય અને પ્રબળવીર્યોલ્લાસજન્ય અમૃતમય ધર્મદેશનાનો ધોધ વહેવરાવતા હતા. તેથી સર્વે મુનિવરો પરમપૂજ્યપાદશ્રીને પરમબહુમાન વિધિવત્ વન્દન કરીને પરમપ્રસન્નતાપૂર્વક સહર્ષ ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરતા હતા. એ રીતે પરમપૂજ્યપાદશ્રીજી સહિત પાંત્રીશે (૩૫) મુનિવરોને ચારમાસના ચોવિહારા ઉપવાસ પૂર્ણ થયા.

**રાજકુમારિકા શ્રી સૌભાગ્યસુંદરીનું પાણિગ્રહણ અને શ્રી ત્રૈલોકયસિંહને સર્પ દંશ**

આ તરફ શ્રી ઉત્પલદેવરાજાનાં પટ્ટરાજ્ઞી શ્રીમતી જ્વાલાદેવીની કુક્ષિથી જન્મેલ રાજકુમારિકા શ્રી સૌભાગ્યસુન્દરીનું લગ્ન અત્યાડમ્બરથી ચન્દ્રવંશીય શ્રી ઊહડ મહામન્ત્રીશના સુવિનીત સુપુત્ર શ્રી ત્રૈલોકયસિંહની સાથે ચારેક માસ જેવા અલ્પ સમય પૂર્વે થયું હતું.

કેટલાક સમય વ્યતીત થયા પછી એક રાત્રિએ સુખશય્યામાં

સુસુપ્ત દમ્પતીમાંથી મન્ત્રીશ્વર શ્રી ઊહડસુપુત્ર શ્રી ત્રૈલોકય-સિંહજી(પતિદેવ)ને સર્પ દંશે છે. मन्त्रीश्वर श्री ऊहडसूतो भुजङ्गेने दष्ट ।श्री ત્રૈલોકયસિંહજીના મુખમાંથી ચીસ પડે છે. સમીપમાં સૂતેલ શ્રીમતી સૌભાગ્યસુંદરીજી સહસા જાગૃત થાય છે. રત્નજડિત સુવર્ણ ઝુમરોમાં ઝળહળતા ઘૃતદીપકોના શાન્ત પ્રકાશમાં સર્પને જતાં જુવે છે. પતિદેવના પગના અંગૂઠામાંથી લોહીની ધારા વહેતી જોઈને શ્રીમતી સૌભાગ્ય-સુન્દરીજીના મુખમાંથી ચિત્કાર અને પોકાર પડે છે, પથ્થર અને વજ્ર જેવા મહાકઠોર હૈયાં પણ માખણ અને મીણની જેમ ઓગળી જાય તેવું અતિ હૈયાફાટ કરુણ આર્ત રુદન કરે છે. આ કરુણ સમાચાર વાયુવેગે સમસ્ત નગરમાં પ્રસરતાં રાજ કુળ અને સમસ્ત નગરમાં ભયંકર હાહાકાર–શોકાકુળ અને મહાકારમી ઉદાસીનતા ફેલાય છે. સર્પ-દંશથી કાયામાં પ્રવેશેલ કાતિલ વિષની કારમી અસરથી અલ્પસમયમાં મન્ત્રી-પુત્ર શ્રી ત્રૈલોકયસિંહજી મૂચ્છિત થાય છે.

**નિર્વિષ કરવા માટે ઘૃતપાન આદિના કરાયેલ અનેક પ્રયોગો**

મહારાજાધિરાજ-મહામન્ત્રીશ્વર-સેનાપતિ-તેમ જ નગરશેઠ પ્રમુખ અને રાજરત્નો એકત્રિત થઈને શ્રી ત્રૈલોકયસિંહજીની કાયાને નિર્વિષ કરવા માટે, મન્ત્રીશપુત્રને ઘૃતપાન, સુવર્ણ ઉકાળેલ જળપાન, મણિ–મન્ત્ર–ઔષધિ ગુટિકા આદિના કરાયેલ અનેક પ્રયોગો નિષ્ફળ ગયા.

એક રાત્રિમાં અઢીસો (૨૫૦) યોજન જઈ શકે, તેવી

વાયુવેગી સાંઢણીઓ દોડાવીને " मन्त्रवादिन आहूताः परं न कोऽपि समर्थस्तत्र" માન્ધાતા જેવા ખ્યાતનામ ગણાતા અનેક માન્ત્રવાદીઓને બોલાવ્યા. તેમણે પોતાની મન્ત્રશક્તિ ઉપર અતૂટ વિશ્વાસ હતો, કે અમારી મન્ત્રશક્તિ નિષ્ફળ જાય નહિ. એવા મન્ત્રવાદીઓએ કરેલ ઝાડાઝપટ અને ફૂંક આદિના પ્રયોગોની કોઈ અસર ન થઈ. અર્થાત્ સર્વ પ્રયોગો નિષ્ફળ ગયા.

**શ્રી ઉત્પલદેવ રાજાએ કરાવેલ ઉદ્ઘોષણા**

જમાઈરાજ શ્રી ત્રૈલોક્યસિંહજીને સર્વથા નિર્વિષ કરનારને મારું અર્ધરાજ્ય અર્પણ કરવામાં આવશે. એ રીતે શ્રી ઉત્પલદેવરાજાએ પાટનગરમાં ઠેર ઠેર ઉદ્ઘોષણા કરાવી એટલામાં તો શ્રી ત્રૈલોક્યસિંહજીના મુખમાંથી ફીણના ગોટેગોટા નીકળવા લાગ્યા. શરીર લીલુછમ થઈને કાષ્ટવત્ નિશ્ચેષ્ટ થઈને ઢળી પડ્યું. મન્ત્રાદિઓએ જણાવ્યું કે "अयं मृतो दाहो दीयताम्" શ્રી ત્રૈલોક્યસિંહજી મરણ પામ્યા. એમનો અગ્નિસંસ્કાર કરો.

રાજકુળ અને સમસ્ત પાટનગરમાં ભયંકર હાહાકાર મચ્યો. શ્રીમતી સૌભાગ્યસુંદરીજીના મહાકલ્પાન્તમય અતિકરુણ્ય હૈયાફાટ રુદનથી સમસ્ત રાજકુળ શોકાકુળ થઈને ચોધાર આંસુએ રડતું હતું. મહાનગરની નન્દવન જેવી નયનરમ્ય શોભા શત સહસ્રધા હતપ્રહત યાને છિન્નભિન્ન થવાથી જેવું અતિરૌદ્ર- વિકરાળ–ભયાનક અને બિહામણું લાગે, તેના જેવું નગર ભાસતું હતું.

## શ્રીમતી સૌભાગ્યસુન્દરીજીને સતી થવાની અનુમતિ અને સ્મશાનયાત્રા

શ્રીમતી સૌભાગ્યસુન્દરીજીની અતિકાકલુદીભરી આજીજીથી તેમને સતી થવાની અનુમતિ આપી. દેવવિમાનકલ્પ સુ-સજ્જિત શિબિકામાં શ્રી ત્રૈલોકયસિંહજીને આરૂઢ કરીને સુગંધી પુષ્પમાળાઓથી અલંકૃત કરાવેલ-લાખો મનુષ્યોની પુષ્ટવૃષ્ટિ-ઝીલતી, રાજા, મન્ત્રીશ સેનાપતિ-નગરશેઠ-રાજગુરુ પ્રમુખ લાખો ક્રોડો મનુષ્યો અને સેનાથી માન સન્માન પામતી, રાજશાહી મહાઆડમ્બરપૂર્વક અને અનેક પ્રકારના વાજિન્ત્રોના ગગનગુંજિત મહાનાદપૂર્વક રાજગઢથી સ્મશાનયાત્રા પ્રયાણ થઈ.

ભયંકર હાહાકારથી સમસ્ત નગરમાં મહા-ઉદાસીનતાભર્યો સોપો પડ્યો. પૂરજોરમાં વહેતી ગંગાયમનાની જેમ સમસ્ત પ્રજાના નેત્રોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. મહાવિરાટ્-માનવમેદનીયુક્ત સ્મશાનયાત્રા પાટનગરના મુખ્ય મુખ્ય રાજ-માર્ગો ઉપરથી ફરીને નગરીની બહાર લૂણાદ્રહી પર્વતની સમીપમાં આવવા લાગી.

તે સમયે શ્રી ચામુંડાદેવીએ જ્ઞાનનો ઉપયોગ મૂકીને જાણ્યું કે, મન્ત્રીશપુત્ર તો જીવિત છે. એટલે જૈનમુનિવરનું રૂપ લઈને સ્મશાનયાત્રા સમક્ષ પ્રગટ થયા. ત્યારે કેટલાક પટ્ટાવલીકારો એમ જણાવે છે કે, મન્ત્રીશપુત્ર જીવિત છે. એ પ્રમાણે પરમપૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરશ્વરજી મહારાજે જ્ઞાનબળનો ઉપયોગ મૂકીને જાણેલ હોવાથી જૈન

મુનિવરોને સંકેત કરવા માટે મોકલાવ્યા હતા. " अस्मिन् विषये किं सत्यं ? तन्निर्णितुं तु श्री जिनेन्द्रपादानां ज्ञानमेव प्रमाणम्" "આ વિષયમાં શું સત્ય છે ? તેના નિર્ણય માટે તો અનન્તાનન્ત પરમતારક શ્રી જિનેન્દ્રપરમાત્માનું જ્ઞાન જ પ્રમાણ છે." પરન્તુ એટલું નિર્વિવાદ છે, કે સ્મશાનયાત્રા નીકળતી હતી, ત્યાં મુનિવર પધાર્યા હતા. તેઓશ્રીએ સ્મશાનયાત્રિકોને પૂછયું કે, એક બાજુ ભેરી ભંભા દુંદુભિ પ્રમુખ બૃહદ્ વાજિન્ત્રોનો ગગનગુંજિત મહાનાદ, ખોબે ખોબે ગુલાલ ઉડાવી, ઢોલ, નગારા, શરણાઈ ભેરી, ભંભા, ઝલરી કાંસીજોડા, મંજીરા તથા ખંજરી પ્રમુખ વાજિંત્રોના સુમધુરનાદપૂર્વક તાલબદ્ધ રાસદાંડિયા લેતા યુવકવર્ગથી કરાતું પ્રભુકીર્તન, ભજન, અને બીજી બાજુ પહાડહૈયાને પણ પીગળાવી દે તેવું આતઆર્ત-નાદમય હૈયાફાટ રુદન–આક્રન્દ અને મહાકકળાટ આ કઈ જાતનું મહાવિચિત્ર નાટક ? બસ નાટક શબ્દ સાંભળતાં જ યુવકવર્ગ ક્રોધાવેશમાં આવીને અત્યન્ત આક્રોશપૂર્વક એકદમ તાડુકીનેકહે છે કે, ઓ ભાંડ ! તું તે માણસ છે કે રણનો રોજ ? મહામન્ત્રીશ્રીજીના સુપુત્ર અને મહારાજાધિરાજશ્રીના જમાઈરાજનું સર્પદંશથી મૃત્યુ થયેલ, અને તેના અસહ્યદુઃખથી આકુળવ્યાકુળ અને શોકાકુળથી મહાવ્યથિત થયેલ નગરના સમસ્ત પ્રજાજનોના હૈયાફાટ મહારુદન–આક્રન્દ અને કારમા કકળાટને તું નાટક કહે છે. ધૃષ્ટતાની પણ કોઈ અવધિ ખરી ?

અપમાનજન્ય આવા તિરસ્કારમાં પણ મુનિવર અંશ–માત્ર ક્રોધાવેશ કે ઉગ્રતામાં આવ્યા વિના, પરમ સમતાપૂર્વક

શિષ્ટાચારયુક્ત સુમધુરભાષામાં જણાવે છે, કે "अयं तु जीवित कथं ज्वालयत" આ મહામન્ત્રીશ્વરજીના સુપુત્ર તો જીવિત હોવા છતાં, તમે એને કેમ અગ્નિસંસ્કાર કરવા લઈ જાઓ છો ? જુઓ સામે દેખાતા લૂણાદ્રહી પર્વત ઉપર ગુફામાં મારા પરમપૂજ્ય પાદશ્રી ગુરુમહારાજ બિરાજે છે મહામન્ત્રીશ્વરજીના સુપુત્રને ત્યાં લાવવામાં આવે, તો મારા પરમપૂજ્યપાદ ગુરુ-મહારાજ શ્રીજીના પરમપ્રભાવે મન્ત્રીશ્વરજીના સુપુત્ર નિર્વિષ થઈ શકે એવો મને અટળ-દૃઢ-આત્મવિશ્વાસ છે. એથી વિશેષ મારે કંઈજ કહેવાનું નથી.

યુવકવર્ગ તાડુકીને જણાવે છે, કે જેમ જમાઈરાજની સ્મશાનયાત્રા નાટકરૂપે ઓળખાવી છે તેના જેવું अयं तुं जीवितः कथं ज्वालयत" આ વાક્ય પણ ફોક લાગે છે, માન્ધાતા જેવા ખ્યાતનામ મોટા મોટા મન્ત્રવાદિઓના મન્ત્ર પ્રયોગો અને ઝાડાઝપટો પણ નિષ્ફળ ગયા ત્યાં આવા મૂર્ખના ગુરુ કેવા મહામૂર્ખ હશે ? તેની પાસે જવાથી શો લાભ ? માટે આવા ભીંડામાર મૂર્ખની વાતમાં શું તથ્ય હોય ? કે એની વાત ઉપર વિશ્વાસ કરી શકાય, આપણે ત્યાં કંઈ જવું નથી. એટલામાં સ્થિરપજ્ઞ વૃદ્ધો વચમાં આડા પડયા. તેઓએ જણાવ્યું કે, આપણા સહુનો જાત અનુભવ છે. કે ઘાસનું તણખલું પકડવાથી કોઈ બચી શકતું નથી. તથાપિ મરતો માણસ ઘાસનું તણખલું પકડીને બચવા માટે હવાતીયા મારે છે, તેમ આપણે પણ ત્યાં જઇને ઉપાય તો કરાવવો

જ જોઈએ. નહિ તો મનમાં વસવસો રહી જાય. વૃદ્ધો શિબિ-કામાંથી શ્રી ત્રૈલોક્યસિંહજીને ઉપાડીને લૂણાદ્રહી પર્વતની ગુફામાં પરમપૂજ્યપાદશ્રીજીની પુણ્યનિશ્રામાં લાવીને સર્પદંશની સમસ્ત ઘટના પરમપૂજ્યપાદશ્રીજીને જણાવે છે. યુવકવર્ગ પણ કુતૂહલવૃત્તિથી ત્યાં જોવા આવે છે.

"तस्मिन्नवसरे श्री चामुण्डादेवीक्षुल्लकमुनि रूपेणं प्राशुकं जलमानीय पूज्यपादानां परमपावने पादपङ्कजे प्रक्षाल्य तस्योपरि आच्छोशटितम्" "परमपूज्यपादप्रवरैः सूरिमन्त्रेणाभि-मन्त्रितं वासचूर्णं त्रैलोक्यसिंहस्य मस्तकोपरि क्षिप्तं, तेन त्रैलोक्यसिंहो निर्विषो जात."

અર્થ :– તે સમયે શ્રી ચામુંડાદેવી ક્ષુલ્લક મુનિવરનું રૂપ ધારણ કરીને પ્રાશુક એટલે એષનીય શુદ્ધ જળ લાવીને પરમપૂજ્યપાદશ્રીજીના પરમપવિત્ર બન્ને પાદપંક્જો સુવર્ણ થાળ રાખીને તેનું પ્રક્ષાલન કરીને ત્રૈલોક્ય સિંહ ઉપર છાંટ્યું, અને પરમપૂજ્યપાદ પ્રવરશ્રીએ સૂરિમન્ત્રથી પરમમન્ત્રિત વાસચૂર્ણ ત્રૈલોક્યસિંહજીના મસ્તક ઉપર નાંખ્યું. તેના અચિ-ન્ત્ય મહાપ્રભાવથી મહાકાતિલવિષ હતપ્રભ થવાથી ત્રૈલોક્યસિંહ નિર્વિષ થયા. નેત્રો ઉઘાડીને જાણે નિદ્રામાંથી જાગૃત થયા હોય, એ રીતે આળસ મરડીને ત્રૈલોક્યસિંહજી ઊભા થયા.

શ્રી ત્રૈલોક્યસિંહજીને મહા–આશ્ચર્ય થાય છે, કે હું રાત્રે તો રત્નજડિત સુવર્ણ ઝુમરોમાં ઝળહળતા ઘૃતદીપકોથી સુસજ્જ રાજભવનમાં શયનગૃહમાં સુખશય્યામાં સુતો હતો, અને અત્યારે ગુલાલથી રંગાયેલા લાખો માનવી અતિવિરાટ

એ અશુભકર્મ ઉદયમાં આવ્યું હોત, તો સમતાપૂર્વક પરમ-પ્રસન્નચિત્તે એ અશુભકર્મ વેદવું (ભોગવવું) કેટલું દુષ્કર થાત ?

### આપણે કોણ માત્ર ?

અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક દેવાધિદેવ શ્રી આદીશ્વરજી પરમાત્મા, પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી પરમાત્મા અને ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્મા જેવા અનન્તાનન્ત પરમઉપકારક પરમતારક આરાધ્યપાદ પુરુષોને બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથજી-પરમાત્માના તારક શ્રીમુખે ત્રિખંડાધિપતિ શ્રીકૃષ્ણ મહારાજા સમક્ષ અઢાર હજાર (૧૮૦૦૦) મુનિવરોમાં ઉત્કૃષ્ટકોટીના ગણનાપાત્રરૂપે વર્ણવાયેલ, અને શ્રી જિન આગમ જેવા તારક ધર્મગ્રન્થોમાં ઉલ્લેખાયેલ મહામુનીશ્વર શ્રી ઢંઢણ ઋષિજી જેવા પરમતારકોને આ શુભકર્મે ન છોડ્યા તો આપણે કોણ માત્ર ?

### પરમ પૂજ્યપાદશ્રીજીની અમૃતસમ ધર્મદેશના

પરમ પૂજ્યપાદ પ્રવર તારક ગુરુવર્યશ્રીજીની અમૃતસમ પરમસુમધુર અને ઉત્કટ ત્યાગ વૈરાગ્ય પોષક ધર્મદેશનાનું શ્રવણ કરતાં જાણે સાક્ષાત્ દિવ્યઅમૃતરસનું પાન ન કરતાં હોઈએ એવી અનુભૂતિ થતી હતી. કવિરાજ ઉત્પ્રેક્ષા કરે છે, કે મુનિ-વરો અનુભૂતિમાં એવા તરબોળ બની જતા હતા, કે પરમ સમતાશીલ મહાઉગ્રતપસ્વી-મુનિવરોનાં નવનીતથી પણ પરમ-વિનમ્ર, અને પારિજાતપુષ્પથી પણ સુકુમાલ પવિત્ર હૈયામાં

सबहुमानेन विज्ञापिता हे पूज्यपादभगवन्तः ! अमूनि वस्तूनि ममीर्ध-राज्यं च स्वकार्य ममोपरि महतीं कृपां कुरुध्वं, येनाहमनृणी स्याम् ।”

અર્થ :—મહારાજાધિરાજશ્રીની આજ્ઞાથી કોષાધ્યક્ષે અનેક પ્રકારના માણિક્ય મોતી પ્રમુખ સારભૂત વસ્તુઓ લાવીને પરમપૂજ્યપાદશ્રીની સમક્ષ ધરી. રાજાએ અંજલિબદ્ધ–નત–મસ્તકે પરમસબહુમાન વિજ્ઞપ્તિ કરી, કે હે પૂજ્યપાદ ભગવન્તઃ ! આ મણિમાણિક્ય પ્રમુખ રત્નો, તથા મારું અર્ધરાજ્ય સ્વીકાર કરીને મારા ઉપર મહતી કૃપા કરો. જેથી હું અનૃણી થાઉં. અર્થાત્ ઋણમુક્ત થાઉં.

“पूज्यपादः कथितमलमनेन राज्येन, मम न किमपि कार्यम् ।”

પરમપૂજ્યપાદશ્રીએ જણાવ્યું કે આ રાજ્યથી, મારે સર્યું, એનું મારે કંઈ જ પ્રયોજન નથી રાજન્! વૈતાઢ્ય પર્વત ઉપર પરમ્પરાગત પૈતૃક અતિવિશાળ રાજ્ય હતું. જે આપના રાજ્ય કરતાં અતિવિશાળ હતું તે રાજ્ય ઉપર મારું સમ્પૂર્ણ પ્રભુત્વ યાને અધિપત્ય હતું. તથાપિ પરમપૂજ્યપાદ આચાર્ય પ્રવરથી સ્વયમ્પ્રભસૂરીશ્વરજી ગુરુ મહારાજના સદુપદેશરૂપ અસીમ ઉપકારથી તે રાજ્ય મને ક્ષણવિનશ્વર અને અસાર લાગ્યું. એટલે તેને સર્વથા તિલાંજલિ આપીને અર્થાત્ તેનો ત્યાગ કરીને એકાન્તે પરમકલ્યાણકારક શ્રી જૈનેન્દ્રપ્રવ્રજ્યા અંગીકાર કરી છે. દીક્ષા અંગીકાર કરે ત્યારથી જૈનમુનિવરો સર્વથા અકિંચન હોવાથી. શાસ્ત્રોએ જૈનમુનિવરોને અણગાર કહ્યા છે, જેથી જૈનમુનિવરો સ્વાધિપત્ય કે સ્વાધિકારમાં રાજ્ય–ગરાસ કે ગામ તો નહિ, પણ મઠ, મન્દિર કે મહાલય આદિ પણ

(સ્વાધિપત્ય કે સ્વાધિકારમાં) રાખતા નથી, એ નિયમનું સમ્પૂર્ણ અંશે પાલન કરનારને જ શાસ્ત્રોએ જૈનમુનિવરરૂપે સ્વીકાર્યા છે. અન્યથા સાધ્વાભાસ ગણાવ્યા છે.

શ્રી ઉત્પલદેવ રાજાએ પુન: વિજ્ઞપ્તિ કરી, તો ભગવન્ત: ! આપશ્રીજી મારા ઉપર પરમ અનુગ્રહ કરીને મારા રાજભવનમાં પધારો, થોડા દિવસ ત્યાં સ્થિરતા કરીને, ભોજન આદિનો લાભ આપીને મને તારો જેથી મારું કલ્યાણ થાય, અને પરમ્પરાએ હું પણ મોક્ષપદને પામું.

**એ સર્વસ્વ જૈનાચારથી વિરુદ્ધ છે.**

પરમપૂજ્યપાદશ્રીએ જણાવ્યું, કે જૈનમુનિવરોએ બ્રહ્મચર્યની નવવાડનું પાલન અને રક્ષણ માટે ગૃહસ્થનિવસિત આવાસસ્થાનોમાં રહેવું, કે પાટલે બેસી થાળીવાડકા આદિ ગૃહસ્થના ભાજનોમ ભોજન કરવું, એ સર્વસ્વ જૈનાચારથી વિરુદ્ધ હોવાથી હે રાજન્ ! ત્રણકાળમાં ય એમાંનું કંઇ પણ શકય જ નથી.

રાજા આશ્ચર્યમગ્ન થઇને વિચારે છે, કે વાત્સલ્યમહાનદ પરમકારુણિક પરમપૂજ્યપાદશ્રીજીએ મારા ઉપર અસીમ ઉપકાર કરવા છતાં, એ મહાઉપકારના પ્રતિલાભની ન કોઇ અપેક્ષા, કે ન કોઇ મુખ ઉપર પ્રતિભાવ. અનેકવિધ પ્રાર્થનાઓ વિજ્ઞપ્તિઓ અને આજીજીઓ કરવા છતાં, કંઈ પણ સ્વીકારતા નથી. મુનીશ્વર કેવા પરમનિસ્પૃહસત્તમ છે?

## જૈનાચાર્ય કેવા હોય ?

પરમપૂજ્યપાદશ્રીની પરમઉત્તમકોટીની સંયમધર્મની આરાધના અને નિસ્પૃહસત્તમતાથી પરમઉલ્લસિતભાવે આનન્દ વિભોર થયેલ રાજા પરમપૂજ્યપાદશ્રીજીને પરમવિનમ્રભાવે વિજ્ઞપ્તિ કરે છે, ભગવન્તઃ! જૈનમુનિવરોનો આચાર કેવા પ્રકારનો હોય? જૈનાચાર પ્રમાણે કઇ વસ્તુ કલ્પ્ય? અને કઇ વસ્તુ અકલ્પ્ય? તેનું અંશમાત્ર અમને જ્ઞાન નથી. અમ જેવા પરમપામર મહાઅજ્ઞો ઉપર અસીમ કૃપા કરીને જૈનાચારની સમજ આપો. જેથી અમારા જેવા પરમ પામર મહાઅજ્ઞો ઉપર મહા-ઉપકાર કર્યો ગણાશે. મહારાજાધિરાજ સ્વજાતનો પરિચય પરમ પામર મહાઅજ્ઞથી કરાવે છે. એ જ એમની પરમ ઉચ્ચતમ કુલીનતા-લઘુતા અને પરમ ઉચ્ચતમ ગુણાનુરાગની પ્રતીતિ કરાવે છે.

પરમપૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું કે ચૌદરજ્જુલોકાત્મક આ વિશ્વબ્રહ્માણ્ડ-નિવસિત જીવસૃષ્ટિ અનાદિકાળથી બે પ્રકારે વહેંચાયેલ છે. તેમાંનો એક પ્રકાર સમ્પૂર્ણ આત્મકલ્યાણ સાધીને પંદરભેદે મોક્ષપદને પામેલ મુક્ત જીવસૃષ્ટિનો છે. અને બીજો પ્રકાર છે અસાંવ્યાવહારિક સૂક્ષ્મનિગોદ, સાંવ્યાવહારિકનિગોદ-પૃથ્વીકાય-અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, અને સાધારણ તેમજ પ્રત્યેક વનસ્પતિકાયરૂપ એકેન્દ્રિયજીવો બે ઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયજીવો, પંચેન્દ્રિયમાં નારકીઓ-પશુપક્ષિ આદિ તિર્યંચોમનુષ્યો અને દેવો એ

સર્વે ભેદ પ્રભેદ મળી કુલ પાંચસોઅડતાલીશ (૫૪૮) ભેદવાળો સંસારી જીવનસૃષ્ટિનો છે.

પાંચસોઅડતાલીશ (૫૪૮) ભેદવાળી સંસારી જીવસૃષ્ટિ-માંથી કોઈ પણ જીવને માનસિક-વાચિક કે કાયિક અંશમાત્ર દુઃખવેદના કે પીડા ન થાય, તે માટે સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે પ્રાણાતિપાતવિરમણ અર્થાત્ અહિંસા આદિ પંચમહાવ્રતોનું ધીરતાપૂર્વક પાલન કરવું, જ્ઞાનાદિ પંચાચારનું પરમ ઉલ્લસિત-ભાવે પાલન કરવાનું સામર્થ્ય કેળવવું. પંચસમિતિથી સમિત રહેવું, ત્રિગુપ્તિથી ગુપ્ત રહેવું, અર્થાત્ પંચસમિતિ અને ત્રિગુપ્તિરૂપ અષ્ટપ્રવચનમાતાનું અખંડપણે પાલન, અને રક્ષણ માટે અપ્રમત્તભાવે નિરન્તર કટિબદ્ધ રહેવું, અભક્ષ્ય અનન્તકાયનો સર્વથા ત્યાગ, સંયમધર્મના નિર્વાહ સાટે ભિક્ષા-વૃત્તિ માત્રથી જીવન નિર્વાહ કરવા માટે આધાકર્મી આદિ બેંતાલીશ (૪૨) દોષ રહિત. અર્થાત્ મુનિવરના નિમિત્તો નિર્મિત ન થયેલ હોય, તેવા શુદ્ધ આહાર પાણીની ગવેષણા કરવી. આહાર પાણી વાપરતી વેળાએ માંડલીના સાતદોષ ટાળવા, વિષય કષાય આત્માના અનન્તાનન્ત-મહાગુણોને ઉત્કૃષ્ટથી અનન્તકાળ પર્યન્ત ગાઢ આચ્છાદન કરનાર હોવાથી દૃઢ આત્મવિશ્વાસપૂર્વક વિષય કષાયને આત્માના ઘોરમહાશત્રુ માનીને વિષય કષાયથી સદન્તર પર રહેવું, તેમજ મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાને રક્તાભિસરણ અને શ્વાસોચ્છ્વાસની જેમ આત્મસાત્ કરીને જીવમાત્ર સાથે

પરમ આત્મીયભાવે વર્તવું. અર્થાત્ ઉપર્યુક્ત જૈનાચારનો સંક્ષિપ્તમાં સાર એ, કે તદ્ભવમાં કે ભાવિકાળના અલ્પભાવોમાં આત્મકલ્યાણ સાધવા પૂર્વક પરમ્પરાએ મોક્ષપદની પ્રાપ્તિ થાય, એ રીતે અપ્રમત્તભાવે પ્રવર્તવું, તેનું નામ મુનિવરોનો જૈનાચાર.

ભગવન્તઃ ! આપશ્રીજીએ પંચમહાવ્રતાદિનું પાલન, અભક્ષ્ય અનન્તકાયનો સર્વથા ત્યાગ અને સંયમધર્મની આરાધનાર્થે બેંતાલીશ દોષરહિત વિશુદ્ધ એષણીય આહારપાણીની ભીક્ષાવૃત્તિથી જીવનનિર્વાહ, વિષય કષાયથી સદન્તર પર રહેવું, અને મૈત્રી આદિ ચાર ભાવના આત્મસાત્ કરવાપૂર્વક અપ્રમત્તભાવે સંયધર્મની આરાધના કરવી, તેમાં પણ ધ્રુવલક્ષ્યાંક, તો આત્માનું કલ્યાણ અને મોક્ષની પ્રાપ્તિનો. જૈનમુનિવરોનો એ આચાર તો પરમ ઉચ્ચતમ છે. મહાશક્તિ સમ્પન્ન દેવો પણ એ આચારને પાલન કરવા અસમર્થ છે. તે આચારને આપશ્રીજી સહજપણે પાલન કરી રહ્યા છો, તે માટે હું આપશ્રીજીના પરમપાવન ચરણકમળોમાં પ્રતિક્ષણે અંજલિબદ્ધ નતમસ્તકે અનન્તાનન્તકોટાકોટિશઃ વન્દન નમસ્કાર કરું છું.

ભગવન્તઃ ! મારા મનમાં એક શંકા છે, કે આપશ્રીજીએ સંયમધર્મ આરાધનાર્થે બેંતાલીશ (૪૨) દોષમુક્ત વિશુદ્ધ એષણીય આહારપાણીની ભીક્ષાવૃત્તિથી જીવનનિર્વાહ કરવું એ પણ મુનિ આચાર છે. પણ મને નથી લાગતું, કે આ મહાનગરમાં એ કોટીના વિશુદ્ધ આચારવિચારવાળું એક પણ

ભક્તઘર હોય ? કે જ્યાંથી આપશ્રીજીને વિશુદ્ધ એષણીય આહારપાણી ઉપલબ્ધ થતા હોય. પરમપુજ્યપાદશ્રીજી મૌન રહે છે. પરમપુજ્યપાદશ્રીજીના મુખ્યશિષ્ય કહે છે, કે રાજન્ આપનું અનુમાન અક્ષરશઃ સત્ય છે. રાજા પુન; પ્રશ્ન કરે છે ભગવન્ત ! આપશ્રીજી અત્ર કેટલા સમયથી અર્થાત્ કેટલા દિવસથી વિરાજમાન છો ? રાજન્ ! કેટલા દિવસથી વિરાજમાન છો ? એમ ન પૂછતાં એમ પૂછો કે ભગવન્તઃ ! અત્ર કેટલા મહિનાથી વિરાજમાન છો ? રાજન્ ! ચાર માસ પુર્વે પાંચસો (૫૦૦) મુનિવરોના સુવિશાળ પરિવાર યુક્ત પરમપૂજ્યપાદશ્રીજી આ મહાસાગરમાં પધાર્યા હતા ભગવન્તઃ ! અન્ય મુનિવરો ક્યાં ? ત્યારે મુખ્યશિષ્ય મુનિવરે જણાવ્યું, કે પ્રતિદિન વિશુદ્ધ એષણીય આહારપાણીની ગવેષણા કરવા સંઘાટક મુનિવરો ગોચરી જવા છતાં, તથા પ્રકારના વિશુદ્ધ એષણીય આહારપાણી ઉપલબ્ધ ન થવાથી નિર્જળ ચોવિહાર ઉપવાસ થવાથી અને નિકટના ભવિષ્યમાં તથા પ્રકારના વિશુદ્ધ એષણીય આહારપાણી ઉપલબ્ધ થાય, તેવું કોઇ એંધાણ ન જણાતા, પરમપુજ્યપાદશ્રીની આજ્ઞાથી ૪૬૫ મુનિવરોએ અન્યત્ર વિહાર કર્યો, અને પરમપુજ્યપાદશ્રીજી સહિત છત્રીશ (૩૬) મુનિરોએ અત્ર સ્થિરતા કરી. તેમાં સાત મુનિવરોતો દશ (૧૦)થી બાર (૧૨) વર્ષની લઘુતમ વય અવસ્થા વાળા બાળમુનિવરો છે, અને શેષ મુનિવરો પરમપૂજ્યપાદશ્રીજીની આજ્ઞાથી વિહાર કરીને અન્યત્ર પધાર્યા છે.

પરમપૂજ્યપાદ સહિત છત્રીશે મુનિવરોને ચાર માસના નિર્જળ ચોવિહાર ઉપવાસ થયાની વાત સાંભળતાં જ રાજાનું હૈયું કમકમે છે. રાજા સાશ્ચર્ય પૂછે છે, કે ભગવન્ત : ! અન્ય મુનિવરો ક્યાં ? અને એ સાત બાળમુનિવરોએ પણ ચાર-માસના ચોવિહારા નિર્જળ ઉપવાસ શી રીતે કર્યા હશે ? પરમ પૂજ્યપાદશ્રીએ જણાવ્યું, કે તપશ્ચર્યાપૂર્વક સંયમ ધર્મના અનેરા આનન્દનું વાસ્તવિક સત્યનું દર્શન, તો એ સાત બાળ-મુનિવરોના દર્શન કરીને તેમને પૂછવાથી જ થશે. આકિંચ-નસુવર્ણમાં પરમનિરીહભાવરૂપ મઘમઘાયમાન સુવાસનો પમરાટ કેવો પ્રસરી રહ્યો છે ? અને તેથી આત્મા તપ અને સંયમ-ધર્મની આરાધના કરવામાં કેવો લીન, પરમલીન, તરબોળ અને મગ્ન બની જાય તે, તો બાળમુનિવરોનો જાતપરિચય કરવાથી જ સમજાશે

ભગવન્તઃ ! બાળમુનિવરો ક્યાં વિરાજે છે ? પરમપૂજ્ય-પાદશ્રીજીએ જણાવ્યું અંદર ગુફામાં જ્ઞાન, ધ્યાનાસ્વાધ્યાય, કાયોત્સર્ગાદિ કરતા હશે ? પરમપૂજ્યપાદશ્રીજીને વન્દન નમસ્કાર પ્રણામ કરીને, રાજા મન્ત્રીશ સેનાપતિ નગરશેઠ પ્રમુખ અનેક અગ્રગણ્ય નરરત્નો ગુફામાં પ્રવેશ કરે છે. મુનિવરોને પ્રણામ કરે છે, તથાપિ મુનિવરોના મુખ ઉપર અહોભાવ કે આશ્ચર્ય-ની કોઇ નાની સરખીસુરેખ પણ ઉપસતી નથી. અમુક મુનિવરો પરસ્પર પૂજ્યતમ શ્રી જિન આગમની વાચના લે છે. અમુક મુનિવરો પરસ્પર પ્રાકરણિક તેમજ કાર્મગ્રન્થિક વિષયનો

સ્વાધ્યાય કરે છે, અમુક મુનિવરો પરસ્પર વ્યાકરણ સાહિત્ય અને ન્યાય આદિનું અધ્યયન કરે છે, અમુક મુનિવરો દાર્શનિક વિષયનું તલસ્પર્શી તત્ત્વચિન્તન કરે છે, અમુક મુનિવરો કાર્યોત્સર્ગાદિમાં મગ્ન છે, એકે મુનિવર રાજા મન્ત્રીશ સેનાપતિ અને નગરશેઠ પ્રમુખ નરરત્નોની સમક્ષ દૃષ્ટિ પણ કરતા નથી. રાજા પ્રભાવિત થઈને મનોમન નમસ્કાર કરે છે. ધન્ય છે મુનિવરોના સંયમધર્મને અને પરમનિરીહભાવને એ રીતે રાજાથી મનો મન બોલી જવાય છે.

જ્યારે વાર્તમાનિક એટલે આધુનિક ચિત્ર કંઈક ભિન્ન જ પ્રકારનું છે. એ ભિન્નચિત્રે જીવનમાત્રને એકાન્તે પરમહિતકર સન્માર્ગ માટે પરમ નિઃસ્વાર્થભાવે નિરન્તર ઝઝુમનારાઓની પ્રતિષ્ઠા ખંડિત કરી છે તેમને યેન કેન પ્રકારેણ છિન્ન ભિન્ન અને હતાશ કરવા માટે, ધૃષ્ટતાપૂર્ણ નિર્લજ્જપણે કૂટનીતિ રીતિપૂર્વકના છળપ્રપંચોનો આશરો લઈને મહા-અસત્યપૂર્ણ અણછાજતા અક્ષન્તવ્ય આક્ષેપો કરવામાં પાવરધા, અને એ રીત અપનાવીને પોતે ધારેલી મનમાની વાતમાં સફળતા પ્રાપ્ત થાય, તો જાણે કોઈ અજોડ આત્મસિદ્ધિ પ્રાપ્ત કર્યાનો અનેરો આત્મસંતોષ અનુભવતા માલેતુજાર મહારથિઓ ક્ષણવિનાશી અધિકારને ચિરસ્થાયી કે શાશ્વત્ માનવાના દિવાસ્વપ્નમાં રાચતા હોય છે, અને એ ક્ષણવિનાશી અધિકાર પ્રાપ્ત કરવા માટે આકાશપાતાળ એક કરવા જેટલો અથાક પરિશ્રમ કરનારા સત્યથી સદન્તર વેગળા અર્થાત્ કાગનો

વાઘ-રજનો ગજ-ગાગરને સાગર અને બિન્દુ ને સિન્ધુનું સ્વરૂપ આપતા સાવ અસત્યોક્તિભર્યા અને અતિશયોક્તિભર્યા નિવેદનો કરવાપૂર્વક સ્વઆત્મશ્લાઘા કરતાં જીભ, બે હોઠ, અને બત્રીશી ઘસાઈ જાય, તો પણ નહિ થાકનારા, અને વિનામૂલ્યે સસ્તી કીર્તિ ખાટવા માટે નિરન્તર લોકૈષણાના પ્રવાહમાં તણાતા એવા સંસારી-આત્માઓ ત્યાગી સંયમી મુનિવરો ઉપર પ્રભાવ પાડવા, અને એ પૂજ્ય તારક આત્માઓથી પણ માનસન્માન પામવાની અપેક્ષા રાખતા હોય છે. એ પણ દુષમકાળના દોષનો અક્ષન્તવ્ય કુપ્રભાવજ છે. એવા માલેતુજારની શેહ શરમમાં અંશમાત્ર ન આવી જવાય તે માટે સાચા ત્યાગી સંયમી મુનિવરોએ પૂર્ણ જાગૃત રહેવું.

અતિપ્રભાવિત થયેલ રાજા આનંદવિભોર થઇને અંજલિબદ્ધ નતમસ્તકે પરમવિનમ્રભાવે પૂજ્ય બાળમુનિવરોને પૂછે છે, કે ભગવન્તઃ આટલી લઘુતમ બાળવયમાં આપે ચાર માસના નિર્જળ ઉપવાસની મહાઉગ્ર તપશ્ચર્યા શી રીતે કરી શકયા ? પૂજ્ય બાળમુનિવરો મૌન રહે છે. પુનઃ રાજા પૂછે છે, ત્યારે પૂજ્ય બાળમુનિવરો માત્ર એટલું જ બોલે છે કે પરમપૂજ્યપાદગુરુશ્રીજીની આજ્ઞા વિના અમારાથી એક શબ્દ બોલવા વિચારાય પણ નહિ, એ માટે રાજન્ આપે પરમપૂજ્યપાદગુરુ મહારાજશ્રીજીને પૂછવું એ જ પરમ હિતાવહ છે. રાજાએ જણાવ્યું, પરમપૂજ્યપાદ ગુરુમહારાજશ્રીજીની તારક આજ્ઞાથી જ અમે આપશ્રીજીને પૂછવા આવ્યા છીએ. તો પણ બાળમુનિવરો તો મૌન જ સેવે છે.

મહારાજાધિરાજશ્રી સાશ્ચર્ય મન્ત્રમુગ્ધ થઇને વિચારે છે. કે પરમપૂજ્યપાદશ્રીજી પાસે નથી સત્તા, નથી સંપત્તિ, કે નથી સેના તથાપિ પરમપૂજ્યપાદશ્રીજીનો કેવો પરમ અજોડ પ્રભાવ છે ? કે મહાસમર્થ દિગ્ગજપંડિતોને પણ મહાત કરે, તેવા મહાસમર્થ વિદ્વાન્, અનેક ઉચ્ચતમ ગુણસમૃદ્ધિના મહાનિધાન અને અમાપશક્તિસમ્પન્ન એવા મહાતપસ્વિ મુનિવરોનો પણ જિનઆજ્ઞા અને પરમપૂજ્યપાદશ્રીજીની તારક આજ્ઞા પ્રત્યે અખંડ બહુમાનપૂર્વકનો કેવો, પરમ ઉચ્ચ કોટીનો આદર્શ સમર્પિતભાવ. એ તો પરમ દિવ્યતા છે.

મારી પાસે અમાપ સંપત્તિ, શક્તિ, સત્તા અને સેના હોવા છતાં પણ મને એમ લાગે છે કે પરમપૂજ્યપાદશ્રીજીની અપેક્ષાએ હું ખૂબ જ વામણો છું. એ પરમ દિવ્યતાની સ્પર્ધા કે તુલના કરવી એ મહાસામર્થ્યશાળી દેવતાઓ માટે પણ અતીવ દુષ્કર અને દુર્લભ છે. ત્યારે પરમપૂજ્ય મુનિવરો એવું પરમ આદર્શ દિવ્યજીવન સહજ ભાવે જીવી રહ્યા છે. પરમપૂજ્ય બાળમુનિવરોમાં પણ એવો પરમ ઉચ્ચકોટીનો સમર્પિતભાવ શી રીતે પ્રગટયો હશે ? એ જ મને સમજાતું નથી. અહોભાવથી મહારાજાધિરાજશ્રીનું હૈયું પુલકિત બનીને પરમપૂજ્ય મુનિવરોને મનોમન નમસ્કાર કરે છે.

પરમપૂજ્યપાદશ્રીજીએ પૂજ્ય બાળમુનિવરોને મહારાજાધિરાજશ્રી આદિ સાથે વાતચીત કરવાનો સ્પષ્ટ સંકેત કર્યો ત્યારે પૂજ્યબાળમુનિવરોમાં જે મુખ્ય હતાં તેઓશ્રીજીએ

મહારાજાધિરાજશ્રીને જણાવ્યું, કે પરમકારુણિક પરમપૂજ-
પાદશ્રીજીએ સુવર્ણમાં સુવાસની જેમ અમારા જેવા પરમ-
પામર મહા અજ્ઞો ઉપર અસીમ કરુણા કરીને અમૃતસમ
પરમ સુમધુર વાણી દ્વારા જણાવ્યું, કે જીવમાત્ર ઉપર
અનન્તાનન્તપરમઉપકારક દેવાધિદેવની અનન્તકરુણાનો મહા-
ઘોઘ પુષ્કરાવર્ત મહામેઘની જેમ અવિરત વર્ષી રહેલ હોવા
છતાં, એ અમીવર્ષાના ઘોઘને ધારણ કરવા જેટલા પાત્ર
આપણે થયા નહિ હોઇએ, જેથી પૂર્વના કોઈપણ ભવે
આપણાથી મહામિથ્યાત્વદશામાં મહાઅજ્ઞાન અને મહામોહવશ
બંધાયેલ ગાઢ અન્તરાય આદિ અશુભકર્મો આત્મામાં ઘરઆયેલ
અકબંધ પડયા રહેલ, તે અન્તરાયકર્મ આજે ઉદયમાં
આવવાથી પૂજ્ય ગીતાર્થ સંઘાટક મુનિવરો પ્રતિદિન એષણીય
શુદ્ધ આહારપાણીની ગવેષણા કરવા માટે આ મહાનગરના
ભિન્ન ભિન્ન પાટકોમાં જવા છતાં, જૈન મુનિવરોના આચાર
અનુસારના એષણીય શુદ્ધ આહારપાણી ઉપલબ્ધ થતા નથી.
એવા અતિકપરા સંયોગોમાં પણ આપણે સહુએ ખિન્ન ન
થતાં, વિશેષ પ્રસન્ન થવા જેવું છે. કારણ કે અન્તરાયકર્મ
ઉદયમાં આવવાથી આપણા આત્મામાંથી અશુભ કર્મો દૂર થઇ
રહ્યા છે.

**આપણી સહુની ભવ્ય ભાવના :**

આત્માનું કલ્યાણ સાધી પરમ્પરાએ મોક્ષ એટલે
અણા-હારીપદ પામવા માટે, તો અતિસમૃદ્ધ વિશાળ રાજ્ય,

રાજમહાલયો, હાટહવેલી, ધનસંપત્તિ ને અફાટ વૈભવવિલાસનાં પ્રચુર સાધનોથી ઊભરાતા એવા સંસારનો સર્પની કાંચળીની જેમ સર્વથા ત્યાગ કરીને પ્રત્યૂષ પ્રાર્થનીય પરમપૂજ્ય આરાધ્ય-પાદ તારક ગુરુવર્યશ્રીજીને જીવન સમર્પણ કરીને, આપણે સહુએ અચિન્ત્યચિન્તામણિરત્ન જેવું અમૂલ્ય સંયમ અંગીકાર કર્યું. એ સંયમ અંગીકાર કરવા પાછળ આપણી સહુની ભવ્ય ભાવના તો એક જ છે, કે આત્માનું કલ્યાણ સાધીને મોક્ષ અર્થાત્ અણાહારી પદ પામવાની. આંશિક પણ એ ભવ્ય ભાવના સફળ થવાનો આ પુણ્ય અવસર છે.

આપણા લાભાન્તરાયકર્મના ઉદયે એષણીય શુદ્ધ આહાર-પાણી ઉપલબ્ધ થતાં નથી, જેથી પ્રતિદિન ચોવિહાર ઉપવાસ કરવાનું સુશક્ય બન્યું છે. આપણે તો પરમ આદર્શ સમતાપૂર્વક એમ જ વિચારવું, કે "अलब्धेतपोवृद्धिर्लब्धे देहस्य धारणम्" એષણીય શુદ્ધ આહારપાણી ઉપલબ્ધ ન થાય, તો તપોવૃદ્ધિ અને એ કોટીનાં શુદ્ધ આહારપાણી ઉપલબ્ધ થાય, તો સંયમ ધર્મની આરાધનાને અનુકૂળ ધર્મદેહનું ધારણ થશે. એ કોટીની પરમ આદર્શ સમતાપૂર્વક ધર્મધ્યાનમાં રત રહેવાથી ચિત્તમાં પરમ પ્રસન્નતા, આત્મામાં આનન્દ, ધર્મ આરાધનામાં અપૂર્વ ધૈર્ય, આહારમાં અનાસક્તિ અને અણાહારી પદના આસ્વાદની ઝાંખી થશે.

નિકટના અલ્પભવોમાં આપણી એ ભવ્ય ભાવના સફળતાના ચરમ સોપાને પહોંચે તે માટે આપણાથી પ્રતિદિન થતી

ચોવિહાર ઉપવાસની તપશ્ચર્યા, અને એ તપશ્ચર્યા દ્વારા થતી કર્મનિર્જરામાં આ પુણ્યભૂમિ, અને આ પુણ્યભૂમિના પુણ્યવન્ત નગરજનો સહાયક થઈ રહ્યા છે, એ પણ અપેક્ષાએ તો આપણું પરમ સદ્‌ભાગ્ય જ ગણાય, કારણ કે આપણે અન્યત્ર હોત, અને ત્યાં આહારપાણીની ઉપલબ્ધિ સુલભ હોત, તો આ કોટીની એકધારી તપોધર્મની આરાધના સુશક્ય ન થાત, અને આત્મામાંથી અન્તરાય આદિ અશુભ કર્મોની નિર્જરા પણ સુશકય ન થાત. આપણે તો એ પુણ્યવન્તો પ્રત્યે પણ એવી ગુણદષ્ટિ રાખવામાં જ આપણું કલ્યાણ અને મોક્ષ છે.

**એ તો આપણી અગ્નિપરીક્ષા છે.**

અપેક્ષાએ તો આપણો પરમ પુણ્યોદય ગણાય, કે પુષ્ટ સશક્ત અને રોગમુક્ત એવી બાલ્ય-યુવા અને પ્રૌઢ અવસ્થામાં પૂર્વોપાર્જિત અશુભ અન્તરાયકર્મ ઉદયમાં આવવાથી શુદ્ધ આહારપાણીની ગવેષણા કરવા છતાં તેવા પ્રકારના શુદ્ધ આહાર પાણીની ઉપલબ્ધિ ન થવાથી, આપણાથી અપૂર્વસમતાપૂર્વક પરમ પ્રસન્નચિત્તે તપશ્ચર્યા થતી રહે, એ તો આપણી અગ્નિ-પરીક્ષા છે. એ પરીક્ષામાં સાંગોપાંગ ઉત્તીર્ણ થયા, તો મહા-નિર્જરા અને એ પરીક્ષામાં લપસ્યા તો કદાચ ભવાન્તરમાં એનાથી પણ આકરી પરીક્ષામાંથી પસાર થવું પડે, તોય નકારી શકાય તેમ નથી.

**અશુભકર્મ કેટલું દુષ્કર થાત ?**

અસાધ્યરોગાક્રાન્ત અશક્ત અને દુર્બળ એવી વૃદ્ધાવસ્થામાં

થશે, અને ગોષ્ઠિકો (મંદિરના સાર સંભાળ લેનારા) આ નગરનો ત્યાગ કરીને યત્ર-તત્ર અન્યત્ર ચાલ્યા જશે. આચાર્ય-શ્રીજીએ જણાવ્યું હે પરમભક્ત દેવિ ! જે નિશ્ચિત થવાનું હશે તે થઇને જ રહેશે. પરન્તુ તમે આ રક્તસ્રાવને નિવારો અર્થાત્ રુધિરને બંધ કરો. શ્રી શાસનદેવીએ જણાવ્યું, કે ત્રણ દિવસ (ઉપવાસ) પૂર્ણ થાય, ત્યારે અર્થાત્ ચતુર્થદિને દૂધ, દહીં, ઘી ઇક્ષુરસ અને જળના ઘડાઓ એટલે મોટા કુંભ કળશો ભરીને તાંતેડ-બાફણા-કર્ણાવટ-બલહ-મોરખ-કુલહટ-વિરિહટ-શ્રી શ્રીમાળ અને શ્રેષ્ઠી આ નવ ગોત્રવાળા સ્નાત્રકારો પ્રભુજીની જમણી બાજુ, અને સૂચંતિ-આદિત્યગણ-ભૂરિ-ભદ્ર-ચિંચડ-કુંભટ-કન્યાકુબ્જ-ડિંડુભ અને લઘુશ્રેષ્ઠી આ નવગોત્રવાળા સ્નાત્રકારોની ડાબીબાજુ એ રહીને આ પ્રભુજીને સ્નાત્ર કરવું. એ વિના આ ઉપદ્રવની શાન્તિ થશે નહીં.

0 શ્રી વીર પરમાત્માની પ્રતિષ્ઠા દિવસથી ૩૦૩ વર્ષ વ્યતીત થયા, ત્યારે શ્રી વીર પરમાત્માના ઉર: પ્રદેશ ઉપર રહેલ બે ગાંઠોને ભેદવાથી આ મહા-ઉપદ્રવ થયેલ. આ દૃષ્ટાન્તથી ચોક્કસપણે નિર્ણય થાય છે, કે શ્રી ઉપકેશપુર (શ્રી ઓસિયાજી)નો ધ્વંસ શ્રી ઓસિયાજી માતાના અભિશાપથી નહિ, પણ દેવાધિદેવની ઘોર આશાતનાના મહાપાપથી શ્રી ઓસિયાજી નગરનો ધ્વંસ થયેલ છે.

સંવેગરંગનો આવેગ એટલા બધા ઉત્કટવેગે ઉછાળા મારતો હતો, કે જોનારને એમ જ ભાસે કે પૂર્ણિમાના ચન્દ્રદર્શનથી પ્રચંડવેગે ઉછાળા મારતો, હિલોળા લેતો અને ઘુઘવાતો જાણે સાક્ષાત્ મહાસાગર જ ન હોય! પૂજ્ય મુનિવરોના આનન્દ-વિભોર પુલકિત હૈયે અહિંસા સંયમ અને તપનો એવો પ્રબળ થનથનાટ હતો.

## પરમપૂજ્ય ગુરુવર્યશ્રીજીના હાર્દિક શુભ આશીર્વાદ

પરમપૂજ્યપાદશ્રીજીની અમૃતમય ધર્મદેશના પૂર્ણ થતાં જ, અમે સર્વે મુનિઓ પરમપૂજ્યપાદશ્રીજીને પરમ સબહુમાન વિધિવત્ વન્દન કરીને, પરમ પૂજ્યપાદશ્રીજીના પરમ પવિત્ર શ્રીમુખે નિર્જળ ચોવિહાર ઉપવાસનું પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) કરતા હતા એ રીતે પ્રતિદિન પરમ પૂજ્યપાદશ્રીજીની પરમ ઉત્કટ વૈરાગ્યપૂર્ણ અમૃતમય ધર્મદેશનાના પ્રબળ પ્રભાવે, અને પરમપૂજ્યપાદ પરમતારક ગુરુવર્યશ્રીજીના હાર્દિક શુભ આશી-ર્વાદથી અર્થાત્ દેવગુરુ ધર્મના પરમ પ્રભાવે પરમ પ્રસન્નતાથી અમારાથી ચાર માસના ચોવિહારા ઉપવાસની તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થઈ છે.

ચાર માસની ઉગ્રતપશ્ચર્યાનું વર્ણન સાંભળતાં જ રાજા-મન્ત્રી-સેનાપતિ-નગરશેઠ-પ્રજાજનો તેમજ સેનાના હૈયે આંચકો આવ્યો, શરીરમાં ધ્રુજારી છૂટી, અને નેત્રોમાં ઝળહળિયાં આવ્યાં. રાજા વિચારે છે, કે રાજનીતિમાં જણાવ્યું છે, કે સર્વોપરિ ધર્મસત્તાને આધીન રહેવા રાજસત્તા બંધાયેલ છે.

ધર્મસત્તા ઉપર ક્યાંક આક્રમણ આવે, તો પ્રાણના ભોગે પણ ધર્મસત્તાનું રક્ષણ કરવું, એ રાજાનું સર્વપ્રથમ મુખ્ય કર્તવ્ય છે. રાજગુરુએ પણ મને વારંવાર સમજાવ્યું છે, કે ધર્મ અને ધર્મિઓનું રક્ષણ કરવું, એ રાજાઓનું સર્વપ્રથમ મુખ્ય કર્ત્તવ્ય છે. પરમ સમતાશીલ એવા આ ઉગ્રમહાતપસ્વી-મુનિવરોની ગણના માત્ર ધર્મીઓમાં જ નહિ, પરન્તુ પરમ ધર્માત્મારૂપે ગણાય. તેવા તારક મહાતપસ્વી–મુનિવરોની પણ મેં સારસંભાળ ન લીધી. હું કર્ત્તવ્યપરાયણ કે કર્તવ્ય-પરાઙ્ગમુખ, કર્ત્તવ્યનિષ્ઠ કે કર્ત્તવ્યભ્રષ્ટ.

**પરમપૂજ્યપાદશ્રીજીનો નગરપ્રવેશ**

મહારાજાધિરાજશ્રીએ મહાઆડમ્બરપૂર્વકપરમ પૂજ્યપાદ-શ્રીજી પ્રમુખ ૩૬ મુનિવરોને નગર પ્રવેશ કરાવવા માટે લૂણા-દ્રહી પર્વતથી પ્રયાણ કરતાં ક્ષણભર પૂર્વની શોકાકુળ સ્મશાન-યાત્રા આનન્દવિભોર થઈને પ્રવેશયાત્રારૂપે પરિવર્તિત થઈ.

મહાસાગરની જેમ અતિવિરાટ માનવમેદનીથી ઊભરાતી એવી નગર પ્રવેશયાત્રા મહાનગરના મુખ્ય મુખ્ય રાજમાર્ગો ઉપરથી પસાર થઈને રાજભવનના વિશાળ પટાંગણમાં ઊતરે છે. પરમ કારુણિક પરમપૂજ્યપાદશ્રીજીએ અવસરોચિત મેઘ-ધ્વનિસમ અતિગંભીર, મહાઓજસ્વી, પરમપ્રભાવક, દિવ્યવાણીમય, તલસ્પર્શી, પાપોન્મૂલક ધર્મદેશના આપતાં જણાવ્યું, કે મનઃશુદ્ધિ અને તનશુદ્ધિનો પરમ આધાર અને મૌલિક ઉપાય છે–અન્નશુદ્ધિ. પરમ હિતચિન્તક તારક ભગવન્તોએ

અન્નશુદ્ધિ ઉપર અતિવિશદ મીમાંસા કરીને તેના ઉપર કેવો ઘેરો પ્રકાશ પાથરેલ છે? તે અંગે યત્કિંચત્ વિચારીએ.

**અન્નશુદ્ધિ મીમાંસા ઉપર દૃષ્ટિપાત**

સ્વપર પરમ હિતકર અર્થાત્ વિશ્વ માટે પરમ આશીર્વાદરૂપ દિવ્ય જીવનનો પરમ આધાર અને મૌલિક પાયો, તપધર્મ સાપેક્ષ અર્થાત્ અણાહારીપદના આદર્શપૂર્વકની અન્નશુદ્ધિ છે. એ મૌલિક પાયામાં કયાંય અને કયારેય જાણે-અજાણે પણ અભક્ષ્ય અનન્તકાય આદિના ભક્ષણરૂપ કાચી ઈંટનું અપેયપાનરૂપ ધૂળ કે રાખથી ચણતર ન થઈ જાય, તદર્થે નિરન્તર સજાગ રહેવું પરમ આવશ્યક છે.

પંચમહાવ્રતધારક અને પંચાચારપાલક એવા જૈન મુનિવરોએ એષણીય પ્રાશુક શુદ્ધ આહારપાણીની ઉપલબ્ધિ માટે ગવેષણા કેવી રીતે કરવી? અને લાવેલ શુદ્ધ આહારને કઈ રીતે વાપરવામાં આવે? તો દોષ કે અતિચાર ન લાગે તેની તલસ્પર્શી સમજ માટે અનન્તાનન્ત પરમતારક દેવાધિદેવે અનન્ત મહાઉપકાર કરીને મોટા મોટા અતિવિશદ ગ્રન્થો લખાય તેટલો સદુપદેશ આપેલ છે. એ તારક સદુપદેશનું અક્ષરશ: પાલન થાય, તો જ જૈનમુનિઓની તનશુદ્ધિ અને મન:શુદ્ધિ સચવાય. અભક્ષ્ય-અનન્તકાય-વર્જિત ચારે પ્રકારનો શુદ્ધ આહાર પણ બેંતાલીશ (૪૨) દોષ રહિત નિર્દોષ હોય, તો જ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ વહોરી (ગ્રહણ) કરી શકે. વહોરી લાવેલ એ શુદ્ધ આહાર વાપરતાં પૂજ્ય

સાધુસાધ્વીજીએ માંડલીના પાંચ દોષ અવશ્ય ટાળવાના હોય છે. પંચમહાવ્રતધારક પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજાઓ જેવા તારક આત્માઓને પણ મનઃ અને તનની પવિત્રતા જાળવવા માટે શુદ્ધ નિર્દોષ આહાર લાવતાં અને વાપરતાં આટલી બધી તકેદારી કે જાગૃતિ રાખવી પડતી હોય, તો ગૃહસ્થોએ તન અને મનની શુદ્ધિ-પવિત્રતા જાળવવા અન્નશુદ્ધિ માટે કેટલી તકેદારી રાખવી જોઈએ? તેનો વિચાર સરખોય આવ્યો ખરો?

**સર્વોપરિ ઉચ્ચતમ કક્ષાએ પરમધર્મી માનવસૃષ્ટિ**

આમ તો વિશ્વમાં જીવસૃષ્ટિ એક એવું અજોડ અને અમૂલ્ય તત્ત્વ છે, કે તેનું મૂલ્યાંકન વિશ્વકીય અન્ય કોઈ પણ અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુથી પણ થઈ શકે તેમ જ નથી. સમસ્ત વિશ્વ અનાદિકાળથી જડ ચેતનથી વ્યાપ્ત છે. લોકનો એક પણ આકાશપ્રદેશ એવો નથી, જ્યાં જડ-ચેતનનું ભયંકર ઘર્ષણ ચાલતું ન હોય. એવા ઘોર સંઘર્ષમાં પણ કોઇક ક્ષણે જીવ સ્વ-સંવેદનની અનુભૂતિ કરી શકે. એ અનુભૂતિ અને પરમ્પરાએ નિજાનન્દની પૂર્ણતા યાને સ્વરૂપની પૂર્ણતા પામવા માટે અનન્તજ્ઞાનિઓએ માનવભવને જ અતિમહત્ત્વનો બતાવ્યો છે.

**પરમ ઉચ્ચતમ કર્ત્તવ્યપરાયણતા અને ધર્મપરાયણતાને માનવસૃષ્ટિ જ પચાવી શકે છે.**

અનન્તજ્ઞાનીઓએ સમસ્ત જીવસૃષ્ટિમાં પણ સર્વોપરિ

ઉચ્ચતમકક્ષાએ તો માનવસૃષ્ટિને જ વર્ણવી છે. તેનું મુખ્ય કારણ છે સમસ્ત જીવસૃષ્ટિ માટે પરમ આશીર્વાદરૂપ પરમ સુસજ્જનતાપૂર્વકની પરમ ઉત્કટ કર્ત્તવ્યપરાયણતા અને મહામંગળકારી તપ જપ આદિ સુવાસથી નિર્મળ સંયમ જીવનરૂપ પરમ ઉત્કટ ધર્મપરાયણતા. એ સર્વસ્વ પરમ અમૃત છે, પણ એ અમૃત કાચા પારા જેવું છે. એને માત્ર માનવ-સૃષ્ટિ જ સમ્પૂર્ણ રીતે પચાવી શકે છે. એટલા જ માટે અનન્ત મહાજ્ઞાનિ ભગવન્તોએ માનવસૃષ્ટિને સર્વોપરિ જણાવી છે. તે અક્ષરશઃ સત્ય, સત્ય ને સત્ય જ છે.

### તો તેને માનવજીવન કહેવાય જ શી રીતે ?

ઉપર્યુક્ત પરમ આશીર્વાદરૂપ મહામંગળકારી જીવનથી સર્વથા વિપરીત મહામિથ્યાત્વયુક્ત, અક્ષમ્ય ઘોર હિંસા, ભયંકર અનાચાર, વ્યભિચાર, દુરાચાર, માંસાહારાદિ અભક્ષ્ય ભક્ષણ, મદ્યાદિ અપેયપાન તેમ જ અનાચાર દુરાચાર આદિ અગમ્ય ગમન જેવા અનેક અક્ષમ્ય ઘોર મહાપાપોથી ખદ-બદતું ભ્રષ્ટ માનવજીવન હોય, તો તેને માનવ કહેવાય જ શી રીતે ? ભલે આકારથી માનવ રહ્યો, પણ કર્મથી તો તે માનવને કોઈ દાનવ કે ચંડાળ કહે, તો પણ તમારાથી નકારી શકાય તેમ નથી. મહાક્રૂર વ્યાઘ્ર વરુ કે સિંહ આદિ મહાહિંસ્ર પશુઓથી પણ માનવનું જીવન મહાક્રૂરતાપૂર્ણ હિંસ્ર જીવન હોય, તો તે જીવન તો સમસ્ત જીવસૃષ્ટિ માટે મહાભયંકર અભિશાપરૂપ અને અતિક્લિષ્ટ અમંગળરૂપ છે. એ કોટીના

અધમાધમ માનવજીવને આ ક્ષણ પર્યન્ત સંસારી જીવસૃષ્ટિ ભયંકર ઘોર ખોદીને સ્વર્ગ જેવા સંસારને ભયંકર નરકાગાર બનાવ્યો છે. એવું તો સાવ ટૂંકી સમજ ધરાવનાર માનવ પણ સહજમાં સમજી શકે તેવું આ મહાનગરનું વર્તન અને આચરણ છે. કહો રાજન્! મારું આ કથન અસત્યોક્તિ ભર્યું કે અતિશયોક્તિ ભર્યું તો નથી ને?

ભગવન્તઃ! આપશ્રીજીનો સદુપદેશ અક્ષરશઃ સત્ય સત્ય ને સત્ય જ છે. આ ક્ષણ પર્યન્ત તો અમે યજ્ઞયાગાદિ હોમહવનમાં મહાક્રૂરતાભરી રીતે મૂક પ્રાણિઓની ઘોરહિંસા રૂપ મહાઅધર્મ કરીને તેને કોઈક મહાધર્મ કર્યાનો પરમ આત્મસન્તોષ અનુભવતા હતા. છે કંઈ અમારી ઘોર અજ્ઞતાની સીમા?

## એ તો મહાબાલિશ નર્યો પશુમાર્ગ છે.

ઓ રાજન્! આપના જેવા સુજ્ઞ સજ્જનો! સહેજ વિચારો કે કથિરમાંથી કંચન કે કુન્દન, પતિતમાંથી પાવન, પાપાત્મામાંથી પરમાત્મા થઈ શકે. તેવી પરમ ઉચ્ચતમ યોગ્યતા ધરાવતું માનવ જેવું મહામૂલું માનવન્તુ સ્થાન પામીને ધર્મના નામે યજ્ઞયાગાદિમાં મહાક્રૂરતાભરી ઘોર-હિંસા, માંસાહાર, મદ્યપાન અને અનાચારાદિ મહાપાપોનું સેવન, એ તો ઘોર અજ્ઞાનમય મહાબાલિશ પાશવી લીલાયુક્ત નર્યો પશુમાર્ગ છે. અરે! પશુમાર્ગ કરતાંય મહાભયંકર છે. એવા ઘોર મહાપાપો તો પશુઓ પણ ન કરી શકે.

હિતાહિતની વિવેકદૃષ્ટિ ધરાવનારા માનવો એવ ઘોર મહાપાપાચરણ કરીને માનવ મટી દાનવ બને છે. સજ્જન મટી દુર્જન બને છે. ધર્મી મટી અધર્મી બને છે. પુણ્યાત્મા મટી પાપાત્મા બને છે. સ્વર્ગ જેવા સંસારને ભયંકર નરકાગાર બનાવે છે. આ સાંભળતાં જ રાજા અને પ્રજાના હૈયે આંચકો આવે છે. શરીર થર થર કમ્પે છે. અને ઘોર પાપમય મહાપાખંડલીલા આચરનારા વામમાર્ગીઓ શમશમી ઊઠે છે.

## વામમાર્ગીઓના પાપી હૈયે ખળભળાટ

મહાપાખંડી-વામમાર્ગીઓની મહાઅભિશાપરૂપ પાખંડ લીલાઓ ઉપરથી પડદો ઊંચકાયો, એમનું ગોઝારું મહાપાપ પ્રગટ થયું. એમના પાપી હૈયે ખળભળાટ ફફડાટ અને ઉચાટ જાગ્યો. તેઓ તેજોદ્વેષથી શમશમી ઊઠે છે. પણ પરમપૂજ્યપાદ પ્રવરશ્રીજીના પરમ પવિત્ર ચરણાંગુષ્ઠમાં અને તેઓશ્રીજીના અભિમન્ત્રિત વાસચૂર્ણ (વાસક્ષેપ)માં અનેક મહાચમત્કારી લબ્ધિઓ અને અચિન્ત્ય દિવ્ય મહાશકિતના પ્રત્યક્ષ દર્શન થવાથી પરમ પૂજ્યપાદ પ્રવરશ્રીજી સમક્ષ તો આંખ ઊંચી કરવાય કોઇ સમર્થ ન હતું. રાજા, પ્રજા, મન્ત્રી, નગરશેઠ, સેનાપતિ સેના આદિ સર્વે પરમ પૂજ્યપાદશ્રીજીના અચિન્ત્ય દિવ્ય મહાપ્રભાવથી પ્રભાવિત થવાથી પરમ પૂજ્યપાદશ્રીજી પ્રત્યે પરમ અહોભાવ પ્રગટ્યો. પરમ પૂજ્યપાદશ્રીજીએ "सर्वमङ्गलमाङ्गल्यम्..." કાવ્ય શ્રવણ કરાવવાપૂર્વક ધર્મદેશના પૂર્ણ કરી.

## શ્રી ચક્રેશ્વરી પ્રમુખ શાસનદેવીઓનું સુભગ આગમન

ધર્મદેશના પૂર્ણ થતાં જ સુવર્ણમાં સુવાસના સુભગ મિલનની જેમ શ્રી ચક્રેશ્વરીજી-અમ્બિકાજી, પદ્માવતીજી અને સિદ્ધાયિકાજી એ ચારે શાસનદેવીઓનું પરમ સુભગ આગમન થયું. પરમ પૂજ્યપાદશ્રીજીને પરમ સબહુમાન વિધિવત્ વન્દન કરીને સંયમયાત્રા નિર્વહનની અને પરમ પુણ્યવતી ધર્મકાયાની સુખશાતાની પૃચ્છા કરીને, અનન્ત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનનો અને પરમ પૂજ્યપાદશ્રીજીનો અપૂર્વ મહિમા કર્યો. તથાપિ પરમ પૂજ્યપાદશ્રીજીના પરમ પ્રસન્ન પુણ્ય શ્રી વદન ઉપર શાસનદેવીઓના આગમનની, કે દેવીઓએ પોતાનો કરેલ અપૂર્વ મહિમા અને સ્તુતિસ્તવના-પ્રશંસાની એક નાની સરખી સુરેખ પણ ઊપસી ન હતી. ત્યારે વર્તમાનમાં મહદંશે એનાથી વિપરીત પરિસ્થિતિનાં જ દર્શન થઈ રહ્યા છે. પરમ પૂજ્યપાદશ્રીજીનો પરમ ઉચ્ચકોટીનો એ નિરીહભાવ આપણ સહુને માટે દીવાદાંડી અને રત્નદીપક સમાન છે. શ્રી જિનેન્દ્રશાસનનો પરમ ઉદ્દ્યોત થવાથી સમસ્ત પ્રજાજનો જૈનધર્મની અને પરમ પૂજ્યપાદશ્રીજીની મુક્તકંઠે ભારોભાર અનુમોદના અને પ્રશંસા કરવા લાગ્યા. ત્યારે તેજોદ્વેષી વામમાર્ગીઓનો કુપ્રભાવ નષ્ટ થવાથી શ્યામલ કાજળ જેવા નિસ્તેજ થયા અને શમશમી ઊઠ્યા. પરન્તુ પરમપૂજ્યપાદશ્રીજીના અચિન્ત્ય દિવ્ય મહાપ્રભાવને પ્રત્યક્ષ નિહાળવાથી એમને નિરુપાયે મૌન રહેવું પડયું હતું.

**આત્માની અસ્મિતા અને અમરતા અનાદિકાલીન છે.**

મહારાજાધિરાજ શ્રી ઉત્પલદેવ રાજાએ પરમ સબહુમાન વિનયપૂર્વક કરબદ્ધાંજલિનત મસ્તકે પરમ વિનમ્રાતિવિનમ્રભાવે પરમ પૂજ્યપાદશ્રીજીને વિજ્ઞપ્તિ કરી, કે 'હે ભગવન્તઃ ! આપશ્રીજીના પરમ પુણ્ય શ્રીમુખે અમૃતસમ અમોઘ દિવ્ય દેશના શ્રવણ કરતાં આત્માની અસ્મિતા અને અમરતા અનાદિ કાલીન છે તેનું ભાન થયું. આત્માના અચિન્ત્ય અનન્ત આનન્દના આસ્વાદની અનુભૂતિ થઇ. ભગવન્તઃ ! પ્રતિભાવની અપેક્ષા વિના પણ આપશ્રીનો અમારા ઉપર કેટલો બધો સીમાતીત અનન્ત ઉપકાર છે ? તેનું ચિન્તન કે મનન કરવું'ય અવશ્ય પ્રાયઃ ગણાય; તો પછી વર્ણન કે આલેખનની તો વાત જ શી કરવી ? ભગવન્તઃ ! હવે તો અમને આત્મપ્રતીતિ થાય છે, કે વિના વિલમ્બે જૈનધર્મ સ્વીકારીને તેની ઊંચામાં ઊંચી આરાધના કરીએ, તો જ આત્માનું કલ્યાણ થાય, અને પરમ્પરાએ મોક્ષ પામી શકાય.'

**એષણીય શુદ્ધ આહારપાણી માટે મહારાજાધિરાજશ્રી પ્રમુખે કરેલ વિજ્ઞપ્તિ :**

એષણીય શુદ્ધ આહારવાણીનો લાભ દેવા માટે મુનિવરોને પોતાના ઘરે મોકલાવવા માટે મહારાજાધિરાજશ્રીએ પરમ પૂજ્યપાદશ્રીજીને પરમ સબહુમાન અત્યાગ્રહપૂર્ણ વિનતિ કરતાં પરમ પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું, કે અચિન્ત્યચિન્તામણિકલ્પભૂત પ્રગટ પ્રભાવી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજીની પરમ્પરામાં

ચતુર્થ પાટે શ્રી જિનેન્દ્રશાસનના પરમપ્રભાવકશ્રી કેશીસ્વામીજી અમારા દાદા ગુરુજી હતા. તેઓશ્રીજીએ ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામિજીનું શાસન સ્વીકારેલ ત્યારથી અમારા તારક પૂજ્ય પુરુષોની ગણના ચરમશાસનપતિના મુનિવરોરૂપે થયેલ હોવાના કારણે અમારા માટે રાજપીંડ અનેષણીય (અકલ્પ્ય) ગણાય. મહારાજાધિરાજશ્રીને સુપાત્રદાનનો અપૂર્વલાભ ન મળવાથી અત્યન્ત આઘાત લાગ્યો. રાજપીંડ સ્વીકારવાની જિન આજ્ઞા ન હોવાથી મુનિવરો આહારપાણી ન સ્વીકારી શકે, એટલે મહારાજાધિરાજ નિરુપાયા હતા

પરમ પૂજ્યપાદશ્રીજીએ "ઇચ્છકાર" સામાચારી પૂર્વકના કરેલ સંકેતાનુસાર પૂજ્ય ગીતાર્થ સંઘાટક મુનિવરો પરમ પૂજ્યપાદશ્રીજીની આજ્ઞા શિરસાવન્દ્ય શિરોમાન્ય કરીને એષણીય શુદ્ધ આહારપાણીની ગવેષણા કરવા મન્ત્રીશ્વરજી આદિની સાથે એમના ઘરે પધારે છે. રાજમાર્ગ ઉપર પ્રતીક્ષા કરતા અનેક પુણ્યવન્તો એષણીય શુદ્ધ આહારપાણીનો લાભ દેવા માટે ખેંચાખેંચ અને પડાપડી કરવા લાગ્યા.

### અન્તરાયાદિ અશુભકર્મ વિચિત્રતા

અજ્ઞાન અને મોહવશ કોઇક ભવે અશુભ અધ્યવસાયથી બંધાયેલ અશુભ અન્તરાયકર્મની વિચિત્રતા તો જુઓ–આહાર પાણીનો લાભ દેવા માટે આજે જે મુનિવરોની ખેંચાખેંચ કરી રહ્યા છે. એજ મુનિવરો ચાર માસ પર્યન્ત પ્રતિદિન શુદ્ધ આહારપાણીની ગવેષણા કરવા એ જ રાજમાર્ગ ઉપરથી નીકળી

ભિન્ન ભિન્ન શેરીઓ અને પાડાઓમાં પર્યટન કરવા છતાં કોઇની સામે જોવાની પણ તત્પરતા ન હતી. છે ને આત્મન્! તારા અપરાધના ફળસ્વરૂપ અન્તરાયકર્મના ઉદયની વિચિત્રતા. આજે તે અપરાધની શિક્ષા પૂર્ણ થવાથી અને લાભાન્તરાય-કર્મના ક્ષયોપશમથી પરમપૂજ્યપાદશ્રીજી સહિત છત્રીશે (૩૬) મુનિવરો ભારોભાર તોલાઈ જાય, તેટલાં આહારપાણી દેવાની તીવ્ર ઉત્કંઠાપૂર્વકની પુણ્યવન્તોની વર્ણ તત્પરતા હતી. કલ્પ્ય તેમજ શુદ્ધ અર્થાત્ બેંતાલીશ (૪૨) દોષરહિત શુદ્ધ આહાર પૂજ્ય મુનિવરોને પ્રતિલાભીને પુણ્યવન્તો પરમ અહોધન્યતા અનુભવવા લાગ્યા.

શીઘ્રાતિશીઘ્ર આત્માનું કલ્યાણ કરાવી મોક્ષની પ્રાપ્તિ કરાવે તેવી પરમપૂજ્યપાદશ્રીજીની પરમ અમૃતમય મહામાંગ-લિક ધર્મદેશનાનું પ્રતિદિન શ્રવણ કરતાં મહારાજાધિરાજશ્રી, મહામન્ત્રીજી સેનાનાયકજી તેમજ નગરશેઠ આદિ નગરજનો પરમ પ્રભાવિત થઈને અનન્ત મહાતારકશ્રી જિનેન્દ્રશાસનના પરમ અનુરાગી થયા. જૈન ધર્મ અંગીકાર કરવાની ઉત્કંઠામાં દિનપ્રતિદિન તીવ્રતમ અભિવૃદ્ધિ થવા લાગી.

### જૈનધર્મ અંગીકાર કરાવવા માટે પરમપૂજ્યપાદશ્રીજીને મહારાજધિરાજશ્રીએ કરેલી વિજ્ઞપ્તિ

મહારાજાધિરાજ મન્ત્રીશ આદિ સૂર્યચન્દ્રવંશીય રણબંકા ધીરવીર ક્ષત્રિય નરરત્નોની જૈનધર્મ અંગીકાર કરવાની આતુર-તામાં અણધારી ભરતી આવવાથી તે નરરત્નોએ પરમ

સબહુમાન વિનયપૂર્વક કરબદ્ધાંજલી નતમસ્તકે પરમવિનમ્રાતિ-વિનમ્ર મધુરવાણીએ પરમપૂજ્યપાદશ્રીજીને વિજ્ઞપ્તિ કરી કે ભગવન્તઃ ! અનન્ત મહાતારક શ્રી જૈનધર્મ અંગીકાર કરવાની ઉત્કંઠા અને આતુરતામાં એવો તીવ્રતમ વેગ આવ્યો છે, કે જૈનધર્મ અંગીકાર કર્યા વિના હવે અમારે જીવવું અતિવસમું છે. ભગવન્તઃ ! અમ જેવા બાળજીવો ઉપર અસીમ કરુણા કરીને અમને જૈનધર્મ અંગીકાર કરાવો. પરમપૂજ્યપાદશ્રીજી-એ જણાવ્યું "તથાસ્તુ".

**જૈનધર્મ અંગીકાર કરાવી "શ્રી મહાજન સંઘ" રૂપે ઘોષિત કર્યા.**

તે જ સમયે રત્નજડિત સુવર્ણ થાળમાં દિવ્ય વાસચૂર્ણ લઈને શ્રી ચક્રેશ્વરજી દેવી પ્રગટ થયા. પરમપુજ્યપાદશ્રીજીએ શ્રી સમ્યક્ત્વ આલાપક ઉચ્ચારાવવાપૂર્વક સૂરિમન્ત્રથી અધિ-વાસિત દિવ્યવાસચૂર્ણ મહારાજાધિરાજ, મન્ત્રીશ આદિ ૩,૮૪,૦૦૦ ક્ષત્રિય નરરત્નોને જૈન ધર્મ અંગીકાર કરાવીને "શ્રી મહાજન સંઘ" રૂપે ઘોષિત કર્યો, અનન્ત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનની અપૂર્વ પ્રભાવના કરી. તે મહામાંગલિક શુભ દિન હતો. મહાશુદિ પાંચમનો. નગરરક્ષિકા દેવીને પણ પ્રતિબોધીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવવાપૂર્વક શ્રી જિનેન્દ્રશાસનના પરમ અનુરાગી બનાવી. તે દેવી એ જ આજના ઓસિયા-માતાજી.

**નૂતન શ્રાવકોનું સ્થૈર્યીકરણ**

પરમપૂજ્યપાદશ્રીજી પ્રતિદિન સંયમ એ જ એક સારભૂત ધ્રુવાંકવાળી, અર્થાત્ શબ્દેશબ્દમાં આત્માનું કલ્યાણ અને મોક્ષના ધ્યેયનું લક્ષ્ય કરાવતી પરમ ત્યાગ અને વૈરાગ્યમય સારગર્ભિત ધર્મદેશનારૂપ અમૃતનું પાન કરાવીને મહારાજાધિરાજ શ્રી ઉત્પલદેવ, મહામન્ત્રીશ શ્રી ઊહડ આદિ નૂતન શ્રાવકોને જૈનાચાર અને શ્રાવકાચારમાં સ્થિર કરી અનન્ત મહાતારક શ્રી જૈનેન્દ્રશાસનના પરમ અનુરાગી બનાવ્યા.

**પ્રબળ પુષ્ટાલમ્બનરૂપ શ્રી જિનેન્દ્રભક્તિ અને જિનવાણી**

પ્રબળ પુષ્ટાલમ્બનરૂપ શ્રી જિનેન્દ્ર ભક્તિ અને શ્રી જિનવાણીના શ્રવણ વિના સ્થૈર્યીકરણ પામ્યા પછી પણ, આ જીવાત્મા સમ્યક્ત્વની ભૂમિકા ઉપરથી ડગમગી કે ગબડીને ક્યારે વામમાર્ગનું અનુસરણ કરતા થઈ જાય તે કહી ન શકાય. એ વાત પરમ પૂજ્યપાદશ્રીજી ખૂબ સારી રીતે જાણતા હતા. એટલે પરમપૂજ્યપાદશ્રીજીના હૈયે એક વાત તો ઘર કરીને બેઠી જ હતી, કે મહારાજાધિરાજ–મન્ત્રીશ આદિ પુણ્યવન્તોને શ્રી જૈનધર્મમાં સ્થિર રાખવા માટે શ્રી જિનેન્દ્રપ્રાસાદ નિર્માણ અર્થે સદુપદેશ આપવો આવશ્યક છે.

શ્રી જૈનધર્મ અંગીકાર કર્યા પહેલાં શ્રી ઊહડ મહામન્ત્રીશ શ્રી વિષ્ણુનારાયણનું મન્દિર નિર્માણ કરાવતા હતા. પરન્તુ દિવસે જેટલું ચણતર કરાવે તે સર્વસ્વ રાત્રીએ ખરી જાય. મહામન્ત્રીશજીએ પરમપૂજ્યપાદશ્રીજીએ પૂછયું : 'ભગવન્તઃ !

હું શ્રી વિષ્ણુનારાયણનું મન્દિર નિર્માણ કરાવું છું. પરન્તુ દિવસે જેટલું ચણતર થયું હોય, તે રાત્રિએ ધરાશાયી થઈ જાય છે. એ ઉપદ્રવ નિવારવા માટે અનેક મન્ત્ર-તન્ત્ર-વાદિઓએ બતાવેલ ઉપાયો કરવા છતાં, તેમાં નિષ્ફળતા જ મળી. ભગવન્તઃ ! આપશ્રીજી મારા ઉપર મહતી કૃપા કરીને ઉપદ્રવ ટાળવાનો સત્ય ઉપાય બતાવો.' પરમપૂજ્યપાદશ્રીજીએ ઉપયોગ મૂકીને જ્ઞાનબળથી જાણીને કહ્યું, કે 'શ્રી વિષ્ણુનારાયણના સ્થાને અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક ચરમશાસનપતિ જિનેશ્વર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્માનો જિનેન્દ્રપ્રાસાદ નિર્માણ કરાવવાથી ઉપદ્રવ ટળશે અને ચૈત્ય નિર્વિઘ્ન પૂર્ણ થશે.'

ભગવન્તઃ ! આપશ્રીજીનો નિર્દિષ્ટ મહામંગળકારી ઉપાય મારા માટે તો "ભાવતું હતું અને વૈદ્યે કહ્યું "ના જેવો અભીષ્ટ અને અતિમનોજ્ઞ છે. જ્યારથી મેં આપશ્રીજીના શ્રીમુખથી અમૃતમય ધર્મદેશનાનું પાન કર્યું છે, ત્યારથી જ હું અનન્તકરુણાનિધાન ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીર-સ્વામિજી-પરમાત્માના અનન્તાનન્ત પરમ ઉપકારથી એવો પરમ પ્રભાવિત થયો છું, કે એ દેવાધિદેવ પ્રત્યે મારા હૈયામાં અતૂટ શ્રદ્ધા અને અસીમ ભક્તિ પ્રગટી છે. તેના પ્રભાવે પ્રભુજી માટે શુંનું શુંય કરી દઉં ?–એમ ચિત્તમાં થયા કરતું હતું. તેમાં આપશ્રીજીએ 'સુવર્ણ'માં સુવાસ'ની જેમ શ્રી

જિનેન્દ્રપ્રાસાદ નિર્માણનો મહામંગળકારી ઉપાય નિર્દેશ્યો તેથી હું પરમ અહોધન્યતા અનુભવું છું. અને આપશ્રીજીએ મારા ઉપર કરેલ એ અસીમ ઉપકાર અર્થે હું આપશ્રીજીનો પણ ભવોભવનો દાસ અને ઋણી રહીશ.

પરમપૂજ્યપાદશ્રીજીની મર્મોદ્‌ઘાટક ધર્મદેશનારૂપ અમિય-પાનથી મહારાજાધિરાજને પણ શ્રી જિનેન્દ્રપ્રાસાદ નિર્માણના મંગળકોડ જાગ્યા. લૂણાદ્રહી પર્વત ઉપર શુભમુહૂર્તે પ્રગટ પ્રભાવી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથજી પરમાત્માનો વિશાળ જિનેન્દ્રપ્રાસાદ નિર્માણનો મંગળ આરંભ કરેલ, તે મન્દિર આજે શ્રી એસિયાજી માતાજીના મન્દિરરૂપે પ્રસિદ્ધ છે.

કોઈ એક સમયે શ્રી સચ્ચાયિકાદેવીજી (શ્રી ઓસિયાજી માતાજી) પ્રગટ થઈને પરમપૂજ્યપાદશ્રીજીને પરમ સબહુમાન વિધિવત્ વંદન કરીને 'સંયમયાત્રા સુખપૂર્વક નિર્વહન કરો છો જી.' એ રીતે સુખશાતા પૂછીને ધર્મ શ્રવણ કરવા બેઠા. શ્રી મહાવીરસ્વામિજીના મન્દિરને અનુરૂપ પ્રતિમાજી સંબંધી વાતચીત થતાં માતાજીએ જણાવ્યું. 'ભગવન્તઃ ! આપશ્રીજીના અમૃતમય સદુપદેશને શિરસાવન્દ્ય શિરોમાન્ય કરીને પરમ પૂજ્યપાદશ્રીજીને વિજ્ઞપ્તિ કરું છું, કે ભગવન્તઃ ! દેવાધિદેવ તેમજ આપશ્રીજીના અનન્ત પરમ પ્રભાવે લૂણાદ્રહી પર્વતની સમીપમાં પહેલાંથી જ પ્રતિમાજી નિર્માણ કરી રહી છું. છ માસ અને સાડા સાત દિવસ પૂર્ણ થતાં વાલુકા અને દૂધથી સર્વાંગ-સુન્દર શ્રી મહાવીરસ્વામિજીની પ્રતિમાજી નિર્માણ થશે, ત્યારે જ તેને ભૂમિમાંથી બહાર કઢાવવી, તે પહેલાં નહિ.'

મહારાજાધિરાજ, મહામન્ત્રીશ પ્રમુખ શ્રી જૈનસંઘે પરમ પૂજ્યપાદશ્રીજીને વિજ્ઞપ્તિ કરી, કે 'ભગવન્તઃ ! શ્રી મહાવીર સ્વામીજી–પરમાત્માના પ્રાસાદનું નિર્માણ કાર્ય પૂર્ણ થવા આવ્યું છે. પ્રતિમાજી કયાંથી મેળવવી ? પરમપૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું : 'તમો નિશ્ચિંત રહો, છ માસ પછી પ્રતિમાજી મળશે.'

આ તરફ મહામન્ત્રીજીની કામધેનુ સદશ ગાયનું પ્રતિદિન થોડું થોડું દૂધ ઝરતાં છ માસમાં પ્રતિમાજી પૂર્ણ થવા આવી. પણ ગાયનું દૂધ અત્યલ્પ થતાં ગોવાળને પૂછવામાં આવ્યું. ગોપાળને સૂક્ષ્મ રીતે અન્વેષણ કરીને મન્ત્રીશ્વરજીને નિવેદન કર્યું, કે લૂણાદ્રહી પર્વતની સમીપમાં એક કેરનું ઝાડ છે. લીલું ઘાસ ચરવાની લાલચે ગાય ત્યાં પહોંચે છે, કે તુર્ત તેનું દૂધ ઝવરવા માંડે છે. મન્ત્રીશ્વરજીએ મહારાજાધિરાજ નગરશેઠ આદિ મહાજન શ્રી સઘના અગ્રગણ્ય પુણ્યવન્તોને ગાયના દૂધ ઝરવાની વાત કરી, સાશ્ચર્ય અગ્રગણ્યો પરમપૂજ્ય-પાદશ્રીની પુણ્ય ઉપસ્થિતિમાં પહોંચે છે. વિધિવત્ વન્દન કરીને વિનયપૂર્વક સબહુમાન પરમ વિનમ્રભાવે મન્ત્રીશ્વરજીની ગાયનું દૂધ ઝરવાનું કારણ પૂછે છે. પરમપૂજ્યપાદશ્રીજી તો પ્રથમથી જ જાણતા હતા, કે શ્રી સચ્ચાયિકાદેવીજી પોતાના દિવ્યપ્રભાવે લૂણાદ્રહી પર્વતની સમીપમાં ભૂમિના પેટાળમાં વેળુનાં પ્રતિમાજી નિર્માણ કરી રહ્યા છે. તેમાં દૂધની અપેક્ષા રહેતી હોવાથી દિવ્યપ્રભાવે લીલું ઘાસ ઉત્પન્ન કરીને ગાયને તેનું પ્રલોભન બતાવે છે. ગાય ત્યાં પહોંચે એટલે દેવીજી દિવ્યપ્રભાવથી તેનું

દૂધ ત્યાં ઝરાવે છે. પરમપૂજ્યપાદશ્રીજીએ આ સર્વસ્વ ઘટના મહારાજાધિરાજશ્રી પ્રમુખને જણાવી. મહારાજશ્રી પ્રમુખ અગ્રગણ્યો અતીવ પ્રભાવિત થયા. પરમપૂજ્યપાદશ્રીજીને વિજ્ઞપ્તિ કરી : 'ભગવન્ત! સકળ સંઘને પરમાત્માનાં દર્શન કરાવવા આપશ્રીજી કૃપાવન્ત થાઓ. "परमपूज्यपादैः प्रोक्तं जिनबिम्बमधुना किञ्चिदपूर्णं वर्तते, सप्तदिनानि प्रतीक्षध्वम् " પરમપૂજ્યપાદશ્રીએ કહ્યુ શ્રી જિનબિમ્બ હજી કંઈક અપૂર્ણ છે સાતદિવસ પ્રતીક્ષા કરો. "महाराजाधिराजप्रमुख-श्री सङ्घेन विज्ञप्तं भगवन्तः! भवतां परमपूज्यपादानामचिन्त्य महाप्रभावेण जिनबिम्बं पूर्णं भविष्यति" મહારાજાધિરાજ પ્રમુખ શ્રી સંઘે વિજ્ઞપ્તિ કરી કે, ભગવન્તઃ! આપ પરમપૂજ્યપાદશ્રીજીના અચિન્ત્ય મહાપ્રભાવે જિનબિમ્બ પૂર્ણ થશે. આપશ્રીજી અમને પ્રભુજીના દર્શન કરાવવા કૃપા કરો. હવે અમે પ્રભુજીના દર્શન વિના રહી શકીયે તેમ નથી.

શ્રી જિનેન્દ્ર પરમાત્ના દર્શન કરાવવા માટેની તીવ્રોત્કંઠિત અભિલાષાપૂર્વકની શ્રી સંઘની અત્યાગ્રહપૂર્ણ વિનતિથી પરમ પૂજ્યપાદશ્રીજીએ જિનાબમ્બ પૂર્ણઅપૂર્ણતાની વાત ભવિતવ્યતા ઉપર છોડી દીધી.

ઉત્તમકોટીના હીરા પન્ના માણેક મોતી આદિ રત્નો સહિત ઉત્તમકોટીની પૂજનની સામગ્રી લઈને શ્રી સંઘ પરમ-પૂજ્યપાદશ્રીજી પ્રમુખમુનિવરોના પરિવાર સહિત મહાઆડમ્બર-પૂર્વક અનેકવિધ વાજિંત્રોના સુમધુર ગગનગુંજિત મહાનાદ,

જાણે ગગન નિવસિત દેવોને શ્રી જિનેન્દ્ર પરમાત્માની રથયાત્રામાં પ્રભુભક્તિનો અપૂર્વ લાભ લેવા માટે આહ્વાન કે સંકેત ન કરતાં હોય, તેવી અતિવિરાટ માનવમેદનીયુક્ત રથયાત્રા રાજભવનથી પ્રયાણ કરીને લુણાદ્રહી સમીપ જ્યાં દૂધ ઝરતું હતું ત્યાં આવી.

પરમપૂજ્યપાદશ્રીજીએ ભાવપૂર્વક પરમાત્માને નમસ્કાર કરીને, ભૂમિ ઉપર સૂરિમન્ત્રથી અધિવાસિત વાસક્ષેપ કરવા પૂર્વક ભૂમિ અધિવાસિત કરીને ક્ષેત્રદેવતાની અનુમતિ લઈને પવિત્ર કોદાળાથી ભૂમિ ખનન કરીને પ્રભુજીને બહાર કાઢયા. સર્વાંગસુન્દર પ્રભુજીનાં દર્શન થતાં શ્રી સંઘ તેમ જ પ્રજાજનો અતીવ પ્રભાવિત થયા. મહારાજાધિરાજ પ્રમુખ પુણ્યવન્તોએ રત્નજડિત સુવર્ણપટ્ટક ઉપર સુવર્ણાક્ષતનો બૃહત્ સ્વસ્તિક આલેખીને અમૂલ્ય રત્નો તેમજ ફળ નૈવેદ્યો ચઢાવ્યા. રત્નો અને સાચા મોતીથી પ્રભુજીને વધાવ્યા. શ્રી જિનબિમ્બને ગજરાજ ઉપર આરૂઢ કરાવીને નગરના મુખ્ય મુખ્ય રાજમાર્ગો ઉપરથી ફરીને રથયાત્રા જિનેન્દ્રપ્રસાદની સમીપમાં આવીને જિનપ્રતિમાજીને અત્યુલ્લસિતભાવે શ્રી જિનેન્દ્રપ્રાસાદના ગર્ભગૃહ (ગભારા)માં પ્રવેશ કર્યો.

અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માના સર્વાંગસુન્દર અત્યાકર્ષક પ્રતિમાજીના વક્ષઃસ્થળ ઉપર લીંબુ પ્રમાણની બે ગાંઠો હતી. લોકોએ સાશ્ચર્ય વિનયપૂર્વક પરમપૂજ્યપાદશ્રીજીને પૂછ્યું : 'ભગવન્ત : ! આ બે ગાંઠો શેની છે ?'

"परमपूज्यपादैः कथितं किञ्चिदूनैर्दिनैर्निष्कासितं तेन जिन-बिम्बस्य हृदि ग्रन्थीद्वयं वर्तते" પરમ પૂજ્યપાદશ્રીજીએ કહ્યું, કેટલા દિવસો પહેલાં કાઢવાથી શ્રી જિનબિમ્બના વક્ષઃસ્થળ ઉપર આ બે ગાંઠો છે.

પરમ પૂજ્યપાદશ્રીજીને મહારાજાધિરાજ પ્રમુખ મહાજન શ્રી સંઘે પ્રતિષ્ઠા કરાવવા માટે અત્યાગ્રહપૂર્ણ વિનતિ કરતાં, પરમ પૂજ્યપાદશ્રીજીએ પ્રતિષ્ઠા માટે શ્રી વીર સંવત્ ૭૦ના માઘ શુકલા પંચમી દિનનું અતિશુદ્ધ મુહૂર્ત્ત જણાવ્યું. શ્રી સંઘ અત્યાનન્દપૂર્વક હર્ષાન્વિત થઈને મહામંગળકાર તે શુભ મુહૂર્તને શિરસાવન્દ્ય શિરોમાન્ય કર્યું. પ્રતિષ્ઠા મહોત્સવની અપૂર્વ તૈયારીઓ કરવા લાગ્યા. ધ્વજા પતાકા આદિથી સમસ્ત નગરને વિભૂષિત કર્યું.

ચાતુર્માસ પૂર્વે પરમપૂજ્યપાદશ્રીજીની આજ્ઞાથી ૪૬૫ મુનિવરો શ્રી કોરંટકપુરમાં ચાતુર્માસ કરેલ. ત્યાંના શ્રી સંઘે પણ અનન્તાનન્ત પરમ ઉપકારક ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્માનું ભવ્ય જિનાલય નિર્માણ કરાવેલ તેની પ્રતિષ્ઠા પણ શ્રી સંઘે પરમ પૂજ્યપાદશ્રીજીના પરમ પવિત્ર વરદ શુભ હસ્તે કરાવવા નિર્ણય કરેલ. શ્રી કોરંટક પુર જૈન સંઘ ઉપકેશપુર નગર આવીને પરમ પુજ્ય-પાદશ્રીજીને અત્યાગ્રહપૂર્ણ વિનતિ કરી કે માઘ શુકલા પંચમી દિને પ્રતિષ્ઠા રાખેલ છે. તે પ્રતિષ્ઠા આપશ્રીજીના પરમ પવિત્ર વરદ શુભ હસ્તે જ કરાવવા શ્રી સંઘે નિર્ણય કરેલ છે.

ભગવન્તઃ ! આપશ્રીજી અમારા ઉપર અસીમ કરુણા કરીને અમારા શ્રી સંઘની અત્યાગ્રહપૂર્ણ વિનતિનો સ્વીકાર કરીને "શ્રી કોરંટકપુર" પધારવા કૃપા કરો. પરમ પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું, તે દિવસે તો અત્ર પણ પ્રતિષ્ઠા હોવાથી તત્ર આથવું શી રીતે શકય બને ? ભગવન્તઃ ! અમારા શ્રી સંઘનો નિર્ણય અફર હોવાથી, તે પુણ્ય પ્રસંગ ઉપર આપશ્રીજીને અવશ્ય પધારવું જ પડશે.

પરમ પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું કે તે જ શુભ મુહૂર્તે તો શ્રી ઉપકેશપુરમાં ચરમશાસનપતિ દેવાધિદેવની પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિતિ રહેવા અત્રસ્થ શ્રી સંઘને જણાવી દીધું છે. તથાપિ શ્રી કોરંટકપુરના શ્રી સંઘની એટલી બધી પ્રબળ આગ્રહપૂર્વકની વિનતિ રહી, કે પરમ પૂજ્યપાદશ્રીજીએ પરમ પ્રસન્નતાથી વિનતિનો સ્વીકાર કરીને જણાવ્યું કે ક્ષેત્રસ્પર્શના હશે, તો વર્તમાન જોગ, "प्रतिष्ठायाः शुभमुहूर्तवेलायामागमिष्यामि" પ્રતિષ્ઠાના શુભ મુહૂર્તવેળાએ આવીશ.

શ્રી ઉપકેશપુર અને શ્રી કોરંટકપુર એમ ઉભય નગરમાં અનન્ત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનની અપૂર્વ પ્રભાવનાપૂર્વક શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે.

'श्री वीर संवत् सप्ततितमे वर्षे माघशुक्लपञ्चम्यां शुभदिने शुभमुहूर्तवेलायां धनुषि लग्ने परमपूज्यपादप्रवरैः श्री रत्नप्रभसूरीश्वरैः निज रूपैः श्री उपकेशपुरनगरे श्र महावीरस्वामिजिनबिम्बं प्रतिष्ठितं वैक्रियरूपैः श्री कोरण्टकपुरनगरे श्री महावीरस्वामिजिनबिम्बं प्रतिष्ठितं च, श्राद्धैः द्रव्यव्ययः कृतः ।"

શ્રી વીર સંવત્ ૭૦ના માઘશુકલપંચમીના શુભદિને શુભ મુહૂર્ત વેળાએ ધનલગ્નમાં પરમ પૂજ્યપાદ પ્રવર શ્રી રત્નપ્રભ-સૂરીશ્વરજી મહારાજ સાહેબે નિજરૂપથી શ્રી ઉપકેશપુરનગરમાં નવનિર્મિત શ્રી જિનાયતનમાં શ્રી મહાવીરસ્વામિજી–પરમાત્માના જિનબિમ્બને પ્રતિષ્ઠિત કર્યું. અને વૈક્રિયરૂપથી શ્રી કોરંટકપુરનગરમાં શ્રી મહાવીરસ્વામિજી–પરમાત્માના જિન-બિમ્બને પ્રતિષ્ઠિત કર્યું. શ્રાવકોએ દ્રવ્યવ્યય કરીને અપૂર્વ જિનેન્દ્રભક્તિ મહોત્સવ કર્યો.

**શ્રી ઓસિયાજી તેમજ કોરંટકની પ્રતિષ્ઠા અને શ્રી ઓસવાળ વંશની સ્થાપના અંગે પ્રાચીનલેખો અને કેટલાક લેખોનું સારભૂત અવતરણ:**

सप्तत्या वत्सराणां चरमजिनपतेर्मुक्तजातस्य वर्षे,
पञ्चम्यां शुक्लपक्षे सुरगुरुदिवसे ब्रह्मणि सन्मुहूर्ते ।
रत्नाचार्यैः सकलगुणयुतैः सर्वसङ्घानुज्ञातैः,
श्रीमद् वीरस्य बिम्बे भवशतमथने निर्मितेयं प्रतिष्ठा ॥

उपकेशे च कोरण्टे, तुल्यं श्री वीरबिम्बयोः ।
प्रतिष्ठा निर्मिताशक्त्या, श्री रत्नप्रभसूरिभिः ॥

શ્રી આત્મારામજી અપર નામ શ્રી વિજયાનન્દસૂરિજી મ. "જૈનધર્મ વિષયક પ્રશ્નોત્તર" નામના પુસ્તકના પૃષ્ઠ ૮૧માં કાવ્ય ૧૮૫ થી ૧૮૭ સુધીમાં જણાવે છે કે–

ततः श्रीमत्युपकेशपुरे वीरजिनेशितुः ।
प्रतिष्ठां विधिनाऽऽधाय, श्री रत्नप्रभसूरयः ॥१८५॥

कोरण्टकपुरे गत्वा, व्योममार्गेण विद्यया ।
तस्मिन्नेव धनुर्लग्ने, प्रतिष्ठां विदधुर्वराम् ॥१८६॥

श्री वीर निर्वाणात् सप्तति सङ्ख्यै-र्वत्सरैर्गतैः ।
उपकेशपुरे वीरस्य, सुस्थिरा स्थापनाऽजनि ॥१८७॥

પરમપૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજે શ્રી ઉપકેશપુરમાં શ્રી વીર પરમાત્માની યથાવિધિ પ્રતિષ્ઠા કરીને, વિદ્યાના બળે આકાશમાર્ગે શ્રી કોરંટકપુરમાં જઈને તે જ ધનલગ્નમાં તે શ્રેષ્ઠ પ્રતિષ્ઠા કરાવી. શ્રી વીર નિર્વાણથી સિત્તોર (૭૦) વર્ષ વ્યતીત થયા, ત્યારે શ્રી ઉપકેશપુરમાં શ્રી વીર પરમાત્માની પ્રતિષ્ઠા સુસ્થિર થઈ.

શ્રી વીર સંવત, વિક્રમ સંવત્ ૨૨૨માં શ્રી ઉપકેશવંશીય શ્રી દેશલના સુપુત્ર શ્રી જગશાહને શ્રી સચ્ચાયિકાજી દેવી અર્થાત્ વર્તમાનકાળે ખ્યાતનામ શ્રી ઓસિયાજી માતાજીએ દિવ્ય પરચો (પરિચય) બતાવ્યો, તે દિવ્ય પ્રભાવથી પ્રભાવિત થઈને શ્રી ઉપકેશપુર મહાતીર્થની યાત્રાર્થે શ્રી આભાપુરીથી પ્રયાણ કરીને ઉપકેશપુર આવે છે, ત્યાં એક લાખ ગાય, અને એક લાખ તેજસ્વી ઘોડા દાનમાં આપે છે. સાતસો મણ સુવર્ણ અને એક હજાર મોતીઓની માળાઓ દાનમાં આપે છે. અને રૂપું આદિ અન્ય વસ્તુઓનું દાન કર્યું તેની તો કોઈ સીમા કે ગણના જ નથી. એક કરોડ રૂપિયાનું દાન તો ભોજકોને આપ્યું. કારણ કે "उपकेशे बहुलं द्रव्यम्" એ પ્રકારના શ્રી સચ્ચાયિકાજી દેવીના વરદાનથી પરમપુણ્યશાળી

શ્રી ઉપકેશવંશીયો મહાસમૃદ્ધશાળી હતા. શ્રી ઉપકેશવંશીય પ્રત્યેક વ્યક્તિએ મહદંશે સંઘ કાઢીને આબાલવૃદ્ધ પ્રત્યેક યાત્રિકોને સુવર્ણથાળની પ્રભાવના કર્યાના અનેક ઉલ્લેખો પૂર્વાચાર્યરચિત ધર્મગ્રન્થોમાં ઉપલબ્ધ થાય છે. તે કાળે સુવર્ણમુદ્રાનો વ્યવહાર આધુનિક કથિરના નવા પૈસા જેવો હતો, એથી પ્રતીતિ થાય છે, કે તે કાળે એક તોલા સુવર્ણનો ભાવ (મૂલ્ય) એક રૂપિયાથી પણ ન્યૂન હશે. તે કાળે એકસો તોલાનો એક શેર અને સો શેરનો એક મણ. આ વ્યવહાર જોધપુર રાજપૂતાના મારવાડમાં વિક્રમની વીશમી શતાબ્દી પર્યન્ત ચાલુ હતો.

શ્રી વિક્રમ સંવત્ ૨૨૨ સુધીમાં અર્થાત્ જૈનધર્મ અંગીકાર કર્યા પછી ૬૨૨ સુધીમાં તો શ્રી ઉપકેશવંશીયો અર્થાત્ આધુનિક ઓસવાળો ઠેઠ આભાપુરી સુધી પહોંચી ગયા હતા. જૈન ધર્મની પ્રબળ શ્રદ્ધા, વ્યાવસાયિક નૈપુણ્ય તેમજ કુશાગ્રબુદ્ધિના નિધાન આદિના કારણે મહાસમૃદ્ધશાળી થયા હતા.

શ્રી વૈક્રમીય દ્વિતીય શતાબ્દીમાં શ્રી ઉપકેશગચ્છના ધુરન્ધર મહાપ્રભાવક પરમપુજ્યપાદ આચાર્યપ્રવર શ્રી યક્ષદેવસૂરિજી મહારાજ શ્રી સોપારકપટ્ટનમાં વિરાજતા હતા. તે સમયે દશ પૂર્વધર પરમપૂજ્યપાદ શ્રી વજ્રસ્વામિજી મહારાજના પટ્ટધર શિષ્ય પરમપૂજ્યપાદ શ્રી વજ્રસેનસૂરિજી મહારાજ પોતાના ચાર શિષ્યોને દીક્ષા આપીને શ્રી જિનાગમના અધ્યયન અર્થે સપરિવાર સોપારકપટ્ટન પ. પૂ. આ. શ્રી યક્ષદેવસૂરિજી મહારાજ પાસે

પધારે છે. ત્યારે શિષ્યોને જ્ઞાનાભ્યાસ ચાલુ કરાવે છે. કેટલાક સમય પશ્ચાત્ આયુષ્ય પૂર્ણ થતાં પ. પૂ. આ. શ્રી વજ્રસેન-સૂરિજી મહારાજ કાળધર્મ પામે છે. અનુક્રમે શ્રી નાગેન્દ્રમુનિ, શ્રી ચન્દ્રમુનિ, શ્રીનિવૃત્તિમુનિ અને શ્રી વિદ્યાધર મુનિ—આ ચારે મુનિવરોને (બાર) વર્ષ પર્યન્ત શાસ્ત્ર અભ્યાસ કરાવીને શાસ્ત્રના પરમ નિપુણ અર્થાત્ પારંગત બનાવીને ચારે મુનિવરો-નો શિષ્યપ્રશિષ્યાદિનો વિશાળ પરિવાર થતાં, તે ચારે મુનિ-વરોને સૂરિમન્ત્રથી અધિવાસિત વાસચૂર્ણ મસ્તકે ક્ષેપ કરવા-પૂર્વક વિધિવત્ સૂરિપદ અર્પણ કરી સૂરિપદથી વિભૂષિત કર્યા ત્યાર પછી અન્યત્ર વિહાર કર્યો. તે ચારે સૂરિવરોના નામથી નિમ્ન લિખિત ભિન્ન ભિન્ન ચાર શાખાઓ નીકળી.

(૧) શ્રી નાગેન્દ્રસૂરિજીના નામથી "નાગેન્દ્રશાખા" નીકળી જેમાં પ. પૂ. આચાર્યશ્રી ઉદયપ્રભસૂરિજી મહારાજ, પ. પૂ. આ. શ્રી મલ્લિસેનસૂરિજી મહારાજ આદિ શ્રી જિનશાસની ઉન્નતિ કરનારા અનેક મહાપ્રભાવક આચાર્યો થયા.

(૨) શ્રી ચન્દ્રસૂરિજીના નામથી "ચન્દ્રશાખા" નીકળી જેમાં વડગચ્છ, તપાગચ્છ, ખરતરગચ્છ આદિ અનેક શાખા-પ્રશાખાઓ નીકળી તેમાં અનેક મહાપ્રકાંડ ધુરન્ધર વિદ્વાનો દિગ્ગજપંડિતો, શ્રી જિનેન્દ્રશાસનના મહાપ્રભાવક આચાર્યો થયા. આજે પણ તપાગચ્છમાં અનેક મહાપ્રકાંડ વિદ્વનો, ઉગ્ર-તપસ્વીઓ, અને શ્રી જિનેન્દ્રશાસનના પ્રભાવકો વિદ્યમાન છે.

(૩) શ્રી નિવૃત્તિસૂરિજીના નામથી શ્રી નિવૃત્તિશાખા નીકળી તેમાં શ્રી શિલાંકાચાર્યજી મહારાજ, શ્રી દ્રોણાચાર્યજી મહારાજ આદિ અનેક પ્રભાવક તારક મહાપુરુષો થયા. જેઓશ્રીએ શ્રી આચારાંગની ટીકા શ્રી ઓઘનિર્યુક્તિની વૃત્તિ તેમજ અનન્ત મહાતારક શ્રી જિનાગમાનુસારી અનેક ગ્રંથોની રચના કરીને શ્રી જૈનસાહિત્યને ખૂબ સમૃદ્ધ બનાવેલ.

(૪) શ્રી વિદ્યાધરસૂરિજીના નામથી "વિદ્યાધરશાખા" નીકળી તેમાં ચૌદસો ચુમ્માલીશ (૧૪૪૪) ગ્રંથના રચયિતા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જેવા મહાસમર્થ પ્રકાંડ વિદ્વાન્ અને અનન્તમહાતારક શ્રી જિનેન્દ્રશાસનના પરમ પ્રભાવક એવા અને અનેક તારક મહાપુરુષો થયા.

एवं अनुक्रमे श्री वीरात् ५८५ तमे वर्षे श्री यक्षदेवसूरिर्बभूव महाप्रभावकर्ता द्वादश वार्षिके दुर्भिक्षे जाते श्री वज्रस्वामिशिष्यस्य श्री वज्रसेनस्य गुरोः परलोक-प्राप्ते श्री यक्षदेवसूरिणा चतस्रः शाखाः स्थापिताः ॥

શ્રી વીર સંવત્ ૧૮૬૩ વિક્રમ સંવત્ ૧૩૯૩માં પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી કક્કસૂરિજી કૃત "શ્રી નાભિનન્દન જિનોદ્ધાર ગ્રન્થ" ની રચના કરી છે. તેના ૨૩-૨૪ શ્લોકનું અવતરણ :

यत्रास्ते वीर निर्वाणात् सप्तत्या वत्सरैर्गतैः ॥
श्रीमद् रत्नाचार्यैः, स्थापितं वीर-मन्दिरम् ॥२३॥
तदादि निश्चलासीनो, यत्राख्याति जिनेश्वरः ।
श्री रत्नप्रभसूरीणां, प्रतिष्ठाऽतिशया जने ॥२४॥

શ્રી ઉપકેશપુર નગરમાં શ્રી વીર નિર્વાણથી સીતેર (૭૦) વર્ષ વ્યતીત થયાં, ત્યારે શ્રી મહાવીરસ્વામિજિનમન્દિરની પ્રતિષ્ઠા કરવી જનસમુદાયમાં શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ ની અતિશય પ્રભાવશાળિની પ્રતિષ્ઠા હતી.

"उपकेशगच्छे श्री रत्नप्रभसूरिः, येन उसियानगरे कोरण्टकनगरे च समकाले प्रतिष्ठा कृता रूपद्वायकरणेन चमत्कारश्च दर्शितः (ઇતિ શ્રી કલ્પસૂત્રજીની "કલ્પદ્રુમકલિકા" વૃત્તિ સ્થવિરાવલી અધિકારે).

મહાતીર્થાધિરાજરાજેશ્વર શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર શ્રી વિમલવસીમાં ઉત્કીર્ણ કરેલ શિલાલેખમાંથી ઉદ્ધૃત કરેલ નિન્મલિખિત બે કાવ્યો :

एतश्च गोपाह्व गिरौ गरिष्ठः, श्री बप्पभट्टी प्रतिबोधितश्च ।
श्री आमराजोऽजनियस्य पत्नी, काचिद् बभूव व्यवहारिपुत्री ॥

तत्कुक्षि जातः किल राजकोष्ठागाराह्व गोत्रे सुकृतैकपात्रे ।
श्री ओसवंशे विशदे विशाले, तस्यान्वायेऽमी पुरुषाः प्रसिद्धाः ॥

પરમ પૂજ્યપાદ પરમ પ્રભાવક આચાર્યપ્રવર શ્રી બપ્પ ભટ્ટીસૂરીશ્વરજી મહારાજે વિક્રમ સંવત્ ૮૦૦ની આસપાસ શ્રી ગવાલિયરના નાગાવલોક–આમરાજાને પ્રતિબોધીને જૈનધર્મના પરમ અનુરાગી બનાવ્યા. તે રાજાની એક રાણી વ્યવહારી પુત્રી અર્થાત વણિક્પુત્રી હતી તેનો પુત્ર રાજાનો કોઠાર સંભાળતો હતો. તે પુત્રને પ. પૂ. આચાર્ય પૂ. શ્રી

બપ્પભટ્ટીસૂરીશ્વરજી મહારાજે અતિવિશદ અર્થાત્ અતિવ્યાપકતા-ને પામેલ એવા ઓસવંશમાં સંમિલિત કર્યો. રાજા કોઠારનું કાર્ય સંભાળવાથી તે પુત્રનું ગોત્ર રાજકોષ્ઠાગાર અર્થાત્ કોઠારી થયું. તે ગોત્રની પરમ્પરામાં અનન્ત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનના પરમ અનુરાગી સ્વનામધન્ય શ્રી કમ્માશાહે વિક્રમ સંવત્ ૧૫૮૭માં શ્રી શત્રુંજય મહાતીર્થનો સોળમો ઉદ્ધાર કરાવેલ તે આજે વિદ્યમાન છે.

स्वयम्भू श्री महावीरस्नात्रविधिकाले कोऽसौ विधिः? कदा किमर्थं च सञ्जातः? इत्युच्यते। तस्मिन्नेव देवगृहेऽष्टाह्निकादिकं महोत्सवं कुर्वतां तेषां मध्येऽपरिणातवयसां केषाञ्चित् चित्ते इयं दुर्बुद्धिः सञ्जाता। यदुत भगवतो महावीरस्य हृदये गन्थिद्वयं पूजां कुशोमां करोति अतो मशकरोगवच्छेदने (यितां) को दोषः? वृद्धैः कथितं-अयमघटितो (बिम्बं) टङ्कनाघातं नार्हति। विशेष-स्तु अस्मिन् स्वयम्भू महावीरबिम्बे। परं वृद्धवाक्यमवगवाय्य प्रच्छन्नं सूत्रधारमाहूय तस्मै द्रव्यं दत्त्वा ग्रन्थिद्वयं छेदितं, तत्क्षणादेव सूत्रधारो मृतः। ग्रन्थिच्छेदप्रदेशे तु रक्तधारा छुटिता। तत उपद्रवो जातस्तदा-उपकेशगच्छाधिपति श्री कक्कसूरयश्चतुर्विध-सङ्घेनाऽऽहूतः। वृत्तान्तञ्च कथितमाचार्यैश्चतुर्विधसङ्घसहितै रुपवास-त्रयं कृतम्। तृतीयोपवासप्रान्ते रात्रि समये शासनदेव्या प्रत्यक्षी-भूय आचार्यायप्रोक्तं हे प्रभो! न युक्तं कृतं बालश्रावकैर्मद् घटितं (कलानिर) शकलानि कृतम्। अतोऽनन्तरमुपकेशनगरं शनैः शनै रुपभ्रंशं भविष्यति (गमिष्यति) गच्छे विरोधो भविष्यति,

श्रावकाणां कलहो भविष्यति । गोष्ठिका नगराद् दिशो दिशं यास्यन्ति । आचार्यैः प्रोक्तं परमेश्वरि ! भवितव्यं भवत्येव, परं त्वं श्रवत् तु रुधिरं निवारय, देव्या प्रोक्तम्-घृत-घटेन, दधि घटेन, इक्षुरसघटेन, दुग्धघटेन, जलघटेन कृतोपवासत्रयं यदा भविष्यति, तदाऽष्टादशगोत्रमेलं कुरुत । तेऽमी-तातहडगोत्रं (तप्तभटगोत्रं) बाफणा (बप्पनाग) गोत्रं, बलहगोत्रं, मोरखगोत्रं, कुलहटगोत्रं, विरिहटगोत्रं, श्री श्रीमालगोत्रं, श्रेष्ठिगोत्रं चैते दक्षिणबाहौ । सूचन्तिगोत्रं आइच्चनागगोत्रं, भूरिगोत्रं, भद्रगोत्रं, चिञ्चटगोत्रं, कुम्भटगोत्रं, कन्याकुब्जगोत्रं, डिण्डुभगोत्रं, लघु-श्रेष्ठिगात्रं चैते वाम बाहौ । स्नात्रं कर्तव्यं, नान्यथा शिवा शान्तिर्भविष्यति ।

मूल प्रतिष्ठानन्तरं वीर-प्रतिष्ठा-दिवसादतीते शतत्रये (त्र्यधिके त्रिशते ३०३ वर्षे) अनेहसि ग्रन्थियुगस्य वीरोहःस्थस्य भेदोऽजनि दैवयोगात्युक्तम् ॥

**ભાવાર્થ** :-ચરમતીર્થપતિ સ્વયમ્ભૂ શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માના સ્નાત્ર સમયનો શું વિધિ છે? અને શા માટે આ સ્નાત્રવિધિનો પ્રારંભ થયો? "તસ્મિન્નેવ" એટલે શ્રી ઓસવંશના આદ્ય સંસ્થાપક પરમ પૂજ્યપપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબે જે જિનાલયમાં દેવાધિદેવ શ્રી સ્વયમ્ભૂ મહાવીરસ્વામિજી પરમાત્માની પ્રતિષ્ઠા કરી હતી, તે દેવગૃહમાં શ્રી અષ્ટાહ્નિકા ઉજવાઈ રહ્યો હતો, તે સમયે અપરિપક્વ વય અવસ્થાવાળા કેટલાંક સ્નાત્રકારોના

હૈયામાં કુબુદ્ધિ ઉત્પન્ન થઈ, કે શ્રી મહાવીરસ્વામિજીના વક્ષઃ-સ્થળ ઉપર રહેલ આ બે ગાંઠો પૂજા કરતી વેળાએ કુશોભા રૂપ અર્થાત્ અભદ્ર લાગે છે. માટે એ ગાંઠોને દૂર કરવી જોઇએ. હરસમસાના રોગવત્ આ ગાંઠોને છેદવામાં શો દોષ છે ? સ્થવિર વૃદ્ધ શ્રાવકોએ કહ્યું એવું કરવું અઘટિત છે. પ્રતિષ્ઠિત જિનબિમ્બને ટાંકણાનો ઘાત કરવો યોગ્ય નથી. આ સ્વયમ્ભૂ મહાવીરસ્વામિજી–પરમાત્માના જિનબિમ્બમાં તો વિશેષ પ્રકારે સાચવવું જોઇએ. હિતેચ્છુ સ્થવિર વૃદ્ધોની હિતશિક્ષાની અવગણના કરીને, ગુપ્ત રીતે સૂત્રધાર–શિલ્પીને ધન દ્રવ્ય આપીને પ્રભુજીના ઉરઃપ્રદેશે રહેલી બન્ને ગાંઠો ટાંકણાથી દૂર કરાવી. તે જ ક્ષણે શિલ્પી ત્યાં જ મરણ પામ્યો. જે સ્થળથી ગાંઠો તોડાવી તે સ્થળથી અવિરત રક્ત-ધારા વહેવા લાગી. જનસમુદાયમાં ભયંકર ઉપદ્રવ થયો. ત્યારે ચતુર્વિધ શ્રી સંઘે શ્રી ઉપકેશગચ્છાધિપતિ પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી કક્કસૂરીશ્વરજી મહારાજને વિનતિ કરીને ઉપકેશપુર બોલાવ્યા, અને સર્વ વૃત્તાન્ત કહ્યું. પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાથે ચતુર્વિધ સંઘે અટ્ઠમ કર્યો. ત્રીજા ઉપવાસના અન્ત સમયે રાત્રિએ શ્રી શાસનદેવી પ્રત્યક્ષ થઇને પરમ પૂજ્યપાદશ્રીજીને કહ્યું. હે ભગવન્તઃ ! અબુધ શ્રાવકોએ આ ઉચિત નથી કર્યું. મારાથી નિર્માણ થયેલ શ્રી જિનબિમ્બને ખંડિત કરીને અજ્ઞશ્રાવકોએ પરમાત્માની ઘોર આશાતના કરી છે. તે આશાતનાના મહાપાપથી ધીમે ધીમે શ્રી ઉપકેશ-પુરનો ધ્વંશ થશે. ગચ્છમાં વિરોધ થશે. શ્રાવકસંઘમાં કલહ

માનવમેદની વચ્ચે હું અહીંયાં ક્યાંથી ? નથી રત્નજડિત સુવર્ણ ઝુમરોથી સુસજ્જ રાજભવન, નથી શયનગૃહ, નથી સુખશય્યા, એના સ્થાને માત્ર ઉપર આકાશ, તેમાં પણ મધ્યાહ્નથી પણ આગળ વધીને ઢળેલો સૂર્ય, મને અહિંયા શા માટે લાવ્યા હશે ? લાખોની અતિવિવાટ માનવમેદની અત્ર શા માટે એકત્ર થઈ હશે ? ટોળેવળીને લાખો મનુષ્યો ઊભેલા હોવાથી આ કયું સ્થાન ? તેનો પણ નિર્ણય કરી શકાતો નથી. શ્રી ત્રૈલોક્યસિંહજી સાશ્ચર્ય આ રીતે વિચારી રહ્યા છે, ત્યાં તો "लोकैः कथितं मन्त्रिपुत्रा नूतने जन्मनि आगतः" લોકોએ જણાવ્યું મન્ત્રીશપુત્ર નવો અવતાર પામ્યા.

પરમપૂજ્યપાદશ્રીના આશ્ચર્યકારક મહાચમત્કારયુક્ત અપ્રતિમ પરમપ્રભાવથી પ્રભાવિત થવાથી આનન્દવિભોર બનેલ મહારાજાધિરાજ–મહામન્ત્રીશ્વર–સેનાપતિ–નગરશેઠ–રાજકુળ સેના તેમ જ સમસ્ત પ્રજાજનો હર્ષાવેશના અતિરેકમાં "हर्षवादित्राणि बभूवुः" મંગળ વાજિન્ત્રો વગાડ્યા, જય જયકારની ઘોષણા કરવા લાગ્યા, અને પરમકલ્યાણકારક યાને મોક્ષદાયક શ્રી જિનેન્દ્રશાસનની, ને જૈન ધર્મની અને પરમપૂજ્ય પાદશ્રીની મુક્તકંઠે પ્રશંસા અને ભૂરિશ: અનુમોદના કરવા લાગ્યા.

## પરમપૂજ્યપાદશ્રીને મણિમૌક્તિક આદિ રત્નો તેમ જ રાજ્ય સ્વીકારવા મહારાજાધિરાજશ્રીની આગ્રહભરી વિનંતિ.

नृपाज्ञया कोषाध्यक्षेणानेकानि मणि-माणिक्य-मुक्ताफलादीनि सारभूतवस्तूनि आनीय पूज्यपादानामग्रे ढौकितानि । नृपेण परम-

૦ પરમ પૂજ્યપાદ તપાગચ્છીય આચાર્ય પ્રવર શ્રી બુદ્ધિ-સાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ "ગચ્છ મત પ્રબન્ધ" નામની પુસ્તિકામાં જણાવે છે, કે ઉપકેશગચ્છ સર્વ ગચ્છોમાં પ્રાચીન ગચ્છ છે. આચાર્ય પ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજે શ્રી વીર સંવત્ ૭૦માં વર્ષે ઉકેશનગરીમાં ઉકેશવંશ અર્થાત્ ઓસવાળવંશની સ્થાપના કરી.

૦ આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મ. (કાશીવાળા) એક લેખમાં જણાવ્યું છે, કે સર્વપ્રથમ આચાર્ય પ્રવર શ્રી રત્ન-પ્રભસૂરિજીએ ઓસિયાનગરીમાં શ્રી વીર નિર્વાણથી ૭૦ વર્ષે ઓસવાળોને બનાવ્યા (સ્થાપ્યા).

૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા ભાવનગરથી પ્રકાશિત "જૈન ધર્મનો ઇતિહાસ" નામક પુસ્તકમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે ઉકેશનગરમાં આચાર્ય શ્રી રત્નપ્રભ-સૂરિજીએ ઓસવાળો બનાવ્યા.

૦પંન્યાસ શ્રી લલિત વિજયજી મહારાજે "આબૂ મન્દિરોંકા નિર્માણ" નામક પુસ્તકમાં જણાવ્યું છે, કે આચાર્ય રત્નપ્રભ-સૂરિજીએ વીર પરમાત્માથી ૭૦ વર્ષે ઉકેશ નગરમાં ઉકેશ-વંશની સ્થાપના કરી.

૦ પંડિત શ્રી હીરાલાલ હંસરાજ (જામનગર) લિખિત "જૈનગોત્ર સંગ્રહ" નામક પુસ્તકમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષ બાદ શ્રી પાર્શ્વનાથજીના છઠ્ઠા પટ્ટધર

આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઉકેશનગરમાં ઉકેશવંશની સ્થાપના કરી.

o ખરતરગચ્છીય મુનિ શ્રી ચિદાનન્દજી મહારાજ લિખિત "સ્યાદ્વાદાનુભવ" નામક ગ્રન્થમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઓસા-નગરીમાં ઓસવાળવંશની સ્થાપના કરી.

o ખરતરગચ્છીય યતિ શ્રીપાળજીએ "જૈન સમ્પ્રદાય શિક્ષા" નામક પુસ્તકમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઉકેશપુરમાં, ઉકેશ-વંશની સ્થાપના કરી.

o ખરતરગચ્છીય યતિ રામલાલજીએ "મહાજન વંશ મુક્તાવલી" નામક પુસ્તકમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઓસવાળો બનાવ્યા.

o શ્રી શાન્તિવિજયજીએ "જૈનમત પતાકા" નામક દળ-દાર પુસ્તકમાં જણાવ્યું છે કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઓસવાળો બનાવ્યા.

o પ્રોફેસર મણિલાલ બકોરભાઈ સૂરતવાળાએ લખેલા "શ્રીમાળ વાણિયાનો જ્ઞાતિભેદ" નામના પુસ્તકમાં જણાવ્યું છે, કે વિક્રમ પૂર્વે ૪૦૦ વર્ષે ઉએસ–ઉકેશવંશની સ્થાપના શ્રી રત્નપ્રભસૂરિજી દ્વારા થઈ. અને અનેક વિસ્તૃત પ્રમાણો આપીને એ પણ સિદ્ધ કરી આપ્યું, કે શ્રીમાળ નગર તૂટીને જ ઉપકેશપુર વસ્યું છે.

o શ્રી યતીન્દ્રવિજયજી મહારાજે "કોરંટા તીર્થકા ઇતિહાસ" નામક પુસ્તકમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઉપકેશપુરમાં ઉપકેશવંશની સ્થાપના કરીને, ત્યાં શ્રી મહાવીરસ્વામિ જિન મન્દિરની પ્રતિષ્ઠા કરાવી. અને તે જ સમયે કોરંટપુરમાં પણ શ્રી મહાવીરસ્વામિ જિનમન્દિરની પ્રતિષ્ઠતા પણ આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજી મહારાજે કરાવી.

o તપાગચ્છીય પ્રાચીન પટ્ટાવલીમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્યથી રત્નપ્રભસૂરિજી મહારાજે ઓસા નગરીમાં ઓસવંશની સ્થાપના કરી.

o ઉપકેશગચ્છીય પટ્ટાવલીમાં વિસ્તૃતરૂપે જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજી મહારાજે "મહાજન સંઘ"ની સ્થાપના કરી.

o કોરંટગચ્છીય પટ્ટાવલીમાં જણાવ્યું છે, કે શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઓએસ-નગરીમાં ઓસવાળો બનાવ્યા.

o અંચળગચ્છીય પટ્ટાવલીમાં જણાવ્યું છે, કે આચાર્ય-શ્રી રત્નપ્રભસૂરિજીએ શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે ઉકેશપુરમાં ઉકેશવંશની સ્થાપના કરી.

o ખરતરગચ્છીય પટ્ટાવલીમાં જણાવ્યું છે કે શ્રી ઓસિયા નગરીમાં શ્રી વીર પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઓસવાળ બનાવ્યા.

૦ નાગપુર તપાગચ્છીય પટ્ટાવલીમાં જણાવ્યું છે, કે શ્રી પરમાત્માથી ૭૦ વર્ષે આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઉપકેશપુરમાં ઉપકેશવંશની સ્થાપના કરી.

લુણાદ્રહી પર્વત ઉપર મહારાજાધિરાજ શ્રી ઉત્પલદેવ દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથજી–પરમાત્માનું જિનચૈત્ય નિર્માણ કરાવી રહ્યા હતા, તે જિનેન્દ્રપ્રસાદ પૂર્ણ થતાં શુભ મુહૂર્તે તેની પ્રતિષ્ઠા પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મ. ના પરમપવિત્ર વરદકરકમળોથી અતિવિશદ મહોત્સવપૂર્વક થયેલ. તે જિનેન્દ્રપ્રસાદ આજે પણ ખૂબ સારી સ્થિતિમાં વિદ્યમાન છે. પરન્તુ દેવાધિદેવની ઘોર આશાતનાના મહાપાપથી ત્યાં ચિરકાળથી જૈનોનાં ઘરો ન રહેવાના કારણે અન્ય લોકોએ શ્રી પાર્શ્વનાથજી પરમાત્માની પ્રતિમાજી ઉત્થાપન કરીને, તે સ્થાને દેવીની મૂર્તિ સ્થાપન કરી દીધી.

પરમ પૂજ્યપાદશ્રીજી મહારાજમાં પરોપકારવૃત્તિ અતિ-પ્રબળ હોવાના કારણે પરમ પૂજ્યપાદશ્રીજીની એક જ ભાવના હતી, કે જીવમાત્ર અધર્મ અને પાપનો ત્યાગ કરીને પરમ ધર્મી બને. એ પરોપકારક ભાવનાવશ રાજપૂતાનાની પુણ્યધરા ઉપર પદાર્પણ કર્યા બાદ મહદંશનો સમય સૂર્યચંદ્રવંશીય શૂરવીર ક્ષત્રિય નરરત્નોને પ્રતિબોધ કરીને અધર્મનો ત્યાગ કરાવીને જૈનધર્મમાં સ્થિર કરવામાં જ વ્યતિત થયો હતો. એ રીતે અધર્મનો ત્યાગ કરાવીને ચૌદ લાખ સૂર્યચંદ્રવંશીય શૂરવીર રણબંકા ક્ષત્રિય નરરત્નોને જૈનધર્મમાં સ્થિર કરીને આરાધક બનાવ્યા હતા.

## પરમ પૂજ્યપાદશ્રીજીની પુણ્ય ઉપસ્થિતિમાં મહારાજાધિરાજે કાઢેલ શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ

જૈનધર્મ અંગીકાર કર્યા પછી કેટલાંક વર્ષે પરમ પૂજ્યપાદ પ્રવર શ્રીજી મહારાજની પુણ્ય ઉપસ્થિતિમાં મહારાજાધિરાજ શ્રી ઉત્પલદેવ રાજાએ તીર્થાધિરાજરાજેશ્વર શ્રી શત્રુંજય-ગિરનાર આદિ મહાતીર્થોની યાત્રાર્થે પૂજ્ય સાધુસાધ્વીજીના વિરાટ પરિવાર સહિત પાંચલાખ શ્રાવક શ્રાવિકાઓનો છ "રી" પાલિત એક મહાવિરાટ સંઘ કાઢયો. મહારાજાધિરાજ પ્રમુખનો તેમજ શ્રી સંઘનો આનંદ સીમાતીત અને કલ્પનાતીત હતો. મહારાજાધિરાજશ્રીની કલ્પનાતીત ચઢતી ભાવનાના કારણે પ્રત્યેક સાધર્મિક યાચકો દીનદુ:ખીઓને છૂટે હાથે દાન આપ્યું. યાત્રિકને સુવર્ણ થાળની પ્રભાવના કરી. અનન્ત મહાતારક શ્રી જિનેન્દ્રશાસનની અપૂર્વ પ્રભાવના થઈ.

## કાયા વિનાનો કાળ કળાતો નથી.

કાળ કાયા વિનાનો હોવાથી નથી કળાતો સ્પર્શેન્દ્રિયથી, જિહ્વેન્દ્રિયથી, ઘ્રાણેન્દ્રિયથી, ચક્ષુરિન્દ્રિયથી કે શ્રોતેન્દ્રિયથી તથાપિ કવિઓએ કવિતાઓમાં અને સાહિત્યાકારોએ સાહિત્ય રચનાઓમાં કાળને ઠેર ઠેર ક્રૂર નિર્દય ગોઝારો દુષ્ટ કુટિલ અને વક્રાદિ કહ્યો. તેમાં તેમનો ગર્ભિત આશય એ હશે, કે જેની ચાલે ધરા ધ્રુજે, અને જેની હાકે હાહાકાર મચે, એવા મહાસમર્થ માલેતુજાર માન્ધાતાઓ, અને ચમરબન્ધીઓના પણ પાંપણના પલકારામાં પાણી ઉતારી નાખ્યા. અરે!

વિશ્વોદ્ધારક વિશ્વવત્સલ વિશ્વવન્દનીય તીર્થંકરદેવો જેવા અનન્તાનન્ત પરમતારક પરમાત્માઓને, ગણધર મહારાજાઓને અને યુગપ્રધાન જેવા મહાપ્રભાવક ચૌદપૂર્વીઓને પણ આ કાળે ક્ષણાર્ધના વિલંબ વિના આંચકી લઈને જગતના જીવોને જબ્બરજસ્ત આંચકો આપ્યો, રડતા કકળતા કર્યા. કાવ્યોમાં અને સાહિત્યગ્રન્થોમાં કવિઓએ અને સાહિત્યકારોએ કાળને ક્રૂર નિર્દય દુષ્ટ કુટિલ અને વક્રાદિ વર્ણવ્યો છે. તેમાં તેમનો કદાચ એ જ ગર્ભિત આશય હશે.

## કાળનો અટલ નિયમ

કાળના એ અકળ અને અટલ નિયમથી ચરિત્રનાયક પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ બચી ન શક્યા, શ્રી વીર સંવત્ ૮૪ના માઘ શુક્લા પૂર્ણિમા દિને કાળઝપાટો લાગતાં અર્થાત્ પરમપૂજ્યપાદપ્રવરશ્રીજીનું આયુષ્ય પૂર્ણ થતાં સર્વતીર્થ શિરોમણિ મહાતીર્થાધિરાજ-રાજેશ્વર શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર દેવાધિદેવના ધ્યાન અને સ્મરણમાં પરમલીન બનીને ૮૪મા વર્ષે પરમપૂજ્યપાદશ્રીજી કાળધર્મ પામ્યા.

## વજ્ર જેવાં અભેદ્ય હૈયાં

પરમપૂજ્યપાદ પ્રવરશ્રીજીના કાળધર્મથી પહાડ અને વજ્ર જેવા અભેદ્ય પાષાણ હૈયા પણ હચમચી અને કકળી ઊઠ્યા. મહારાજાધિરાજ-મન્ત્રીશ-સેનાપતિ નગરશેઠ પ્રમુખ જૈન

સંઘે અસહ્ય તીવ્ર આંચકો અનુભવ્યો. સહુનાં નેત્રોમાંથી ગંગા જમનાના વહેણની જેમ અશ્રુઓ દડવા લાગ્યાં. પરમ ઉપકારક નો વિરહ કલ્પનાતીત અસહ્ય હોય છે, તેના પ્રત્યક્ષ જાત અનુભવ આજે સહુને થયો. એ પરમપૂજ્યપાદ પવરશ્રીજીના પરમ ઉપકારક પુણ્યાત્માને અનન્તાનન્તકોટાકોટિશઃ વન્દનશ્રેણી.

## પરમપૂજ્યપાદશ્રીજીની પાદપરમ્પરા

પરમપૂજ્યપાદ આચાર્યપ્રવરશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પરમ પૂજ્યપાદ મહાપ્રભાવક આચાર્ય પ્રવર શ્રી યક્ષદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ સિન્ધદેશમાં ત્યાંના શાસનકર્તા શ્રીરુદ્રાટ રાજા તેમના સુપુત્ર શ્રી કક્ક રાજકુમાર અને નાગરિકોને સદુપદેશ કરી પાપમાર્ગનો ત્યાગ કરાવી જૈનધર્મના પરમ અનુરાગી ઉપાસક અને આરાધક બનાવ્યા. મહાધિરાજ શ્રી રુદ્રાટના સુપુત્ર કક્ક રાજકુમારને દીક્ષા આપી શ્રી જિનાગમના પારગામી બનાવી આચાર્યપદથી વિભૂષિત કરીને પોતાની પાટે સ્થાપના કરી. આ પરમ પૂજ્યપાદ આચાર્ય શ્રી કક્કસૂરીશ્વરજી મહારાજ સાહેબ કચ્છ અને સુરાષ્ટ્ર દેશમાં વિચરીને સદુપદેશ કરીને ધર્મનો પ્રચાર અને પ્રભાવ ખૂબ વધાર્યો. તેઓશ્રીજીના પટ્ટવિભૂષક પરમપુજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી દેવગુપ્તસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ અનન્તમહાતારક શ્રી જિનેન્દ્રશાસનના પરમ પ્રભાવર થયા. તેઓશ્રીજી પાંચાલદેશમાં વિચરીને શ્રી જૈનધર્મનો પ્રભાવ ખૂબ જ વધારીને અનન્તમહાતારક શ્રી જિનેન્દ્રશાસનની અપૂર્વ

પ્રભાવના કરી. તેઓશ્રીજીના પટ્ટવિભૂષક પરમપૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ થયા. તેઓશ્રીજી પણ શ્રી જૈનધર્મનો પ્રભાવ અને પ્રચાર કરવામાં સિદ્ધહસ્ત કળાકાર હતા. તેઓશ્રીજી બંગ આદિ પૌર્વાત્ય દેશોમાં વિચરીને ધર્મોપદેશ કરી અગણિત આત્માઓને પાપાચરણનો ત્યાગ કરાવીને અનન્તમહાતારક શ્રી જૈનેન્દ્ર-શાસનના પરમ અનુરાગી અને અવિહડ ધર્મ આરાધક બનાવી અનન્ત મહાતારક શ્રી જૈનેન્દ્રશાસનની અપૂર્વ પ્રભાવના કરી. આ રીતે શ્રી ઉપકેશ યાને શ્રી ઓસવાળ ગચ્છીય પાટ પર-મ્પરામાં અનેક મહાપ્રભાવક જૈનાચાર્ય મહારાજાઓએ સાડા પચ્ચીસ દેશરૂપ શ્રી આર્યાવર્તમાં ઠેર ઠેર વિચરીને શ્રી જૈન-ધર્મની અદ્ભુત પ્રભાવના કરી આરાધનાની વેદિકા ઉપર પાપાચરણની આહુતિ દેવરાવીને લાખો તોડો પુણ્યવન્તોને પરમ ધર્મી બનાવ્યા એ રીતે પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ તારક પૂજ્યપુરુષો શ્રી જિનેન્દ્રશાસનના અપૂર્વ પ્રભાવક થયા.

અનન્તમહાતારક શ્રી જૈનેન્દ્રશાસનના પરમ પ્રભાવક તે તારક પૂજ્ય પુરુષોના મહાઉપકારને આપણે સહુ સ્મૃતિપટ ઉપર અતિઊંડાણ સુધી અંકિત કરીને તે તારક પૂજ્ય પુરુષોના પુણ્ય આત્માઓને પરમ સબહુમાન વિનમ્રાતિવિનમ્રભાવે પ્રતિક્ષણે અનન્તાનન્તકોટાકોટિશઃ વન્દન નમસ્કાર કરીને આપણા આત્માને પરમ ભાવિત કરવા પૂર્વક અહોધન્યતા અને કૃત-કૃત્યતાના પરમ સુમધુર આસ્વાદને અનુભવીએ.

**વન્દન કરવા માત્રથી કર્તવ્યની ઈતિ થતી નથી.**

પરમ આરાધ્યપાદ તે તારક પૂજ્ય પુરુષોને પરમ સબહુમાન વન્દન નમસ્કાર કરવાથી તેઓશ્રીજીના વિકસિત મહાગુણોના આપણે અનુમોદક થવા સાથે, આપણા આત્મામાં એ મહાગુણો પૂર્ણ પરાકાષ્ઠાએ વિકસાવવા માટે જ્ઞાનજ્યોતનો મંગળદીપ પ્રગટાવ્યો ગણાય. વન્દન કરવા માત્રથી આપણા કર્તવ્યની ઇતિશ્રી થઈ ગઈ એવો આત્મસંતોષ માનવાનો નથી.

**કર્તવ્યની ઇતિશ્રી અતિ દૂર છે.**

કર્તવ્યની ઇતિશ્રી થયાનો આત્મસંતોષ માનવો એ તો અતિ દૂર છે પરંતુ જે પુણ્યધરા ઉપર આપણા પૂર્વજોને એટલે શ્રી ઓસવંશીઓના આદ્યપુરુષોને સર્વપ્રથમ મિથ્યાત્વાદિ પાપાચરણનો સર્વથા ત્યાગ, અને પરમ શ્રેષ્ઠતમ જૈનધર્મના પરમ ઉચ્ચતમ સુસંસ્કારનો અદ્ભુત વારસો, અર્થાત્ શ્રી ઓસવંશીઓના આદ્ય પુરુષોમાં જૈન ધર્મના સંસ્કારોનું બીજારોપણ જે તારક પૂજ્ય પુરુષ દ્વારા થયું, તે મહાનગરની પુણ્ય સ્મૃતિરૂપે તે પુણ્યધરા ઉપર અર્થાત્ શ્રી ઓસિયાજી મહાતીર્થની એ પુણ્યધરા ઉપર સર્વસમીહિતપૂરક અચિન્ત્ય ચિન્તામણિરત્ન જેવું કોઈક અલૌકિક પરમ આરાધ્યપાદ તારક પ્રતીક ખડું કરવું જોઇએ.

**કાળનો ક્રૂર ઝપાટો**

આજથી ૨૨૦૦ વર્ષ પૂર્વે શ્રી ઓસિયાજી મહાતીર્થની

પુણ્યધરા નયનાનન્દ નન્દનવન જેવી અને આનન્દદાયી અમ-રેન્દ્રની અમરાવતી જેવી ઓપતી હતી. કાળનો ક્રૂર ઝપાટો જેમ જીવાત્માઓને ચિરવિદાય આપે છે, તેમ જળસ્થળનગર આદિને પણ એ ક્રુર કાળઝપાટો લાગતાં ક્ષણભરમાં એની શોભા હતપ્રહત બની જાય છે. નગરને સ્મશાન બનાવી દે છે. મહાલયોને ખંડેર બનાવી દે છે, જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ પાથરી દે છે. ક્રૂર કાળનો કારમો ઝપાટો લાગતાં શ્રી ઓસિયાજી મહાતીર્થની પુણ્યધરાની પણ એથી જ મહા-કારમી દુર્દશા થઈ. જેથી આજે તો એ પુણ્યધરા રાનવેરાન જેવી કારમી પરિસ્થિતિમાં પરિવર્તિત થયેલ આપણે સહુ પ્રત્યક્ષ નિહાળી શકીએ છીએ.

## કર્તવ્ય-વેદિકાના પ્રથમ સોપાન ઉપર પગલાં પાડયાં ગણાય

આત્માનું શીઘ્રાતિશીઘ્ર પરમકલ્યાણ અર્થાત મોક્ષ થાય, તેવું પરમ પુષ્ટાલંબનરૂપ પરમ આરાધ્યપાદ મહાતીર્થસ્વરૂપ દિવ્ય વિમાન સદૃશ અતિવિરાટ જિનેન્દ્રપ્રાસાદ ઓસિયાજીની એ પુણ્યધરા ઉપર નિર્માણ કરાવી આપણા પૂર્વજો જેવા પરમ આરાધક અને પરમ પ્રભાવક બનીએ, તો જ એ પુણ્યધરા પ્રત્યે, પરમ ઉપકારક તારક પૂજ્ય પુરુષો પ્રત્યે, અને મનન્ત મહા-તારક શ્રી જૈનેન્દ્રશાસન પ્રત્યે કૃતજ્ઞતા દાખવીને મહા-ઓજસ્વી ઓસવંશીઓએ અર્થાત્ ઓસવાળોએ કર્ત્તવ્યવેદિકાના પ્રથમ સોપાન ઉપર પગલાં પાડયા ગણાય.

## મારી સમૃદ્ધિ અને શાભા કેવી અદ્ભુત હશે ?

આજે પણ શ્રી ઓસિયાજી મહાતીર્થની પુણ્યધરા ઉપર પરમ પુજ્યપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીમહારાજ સાહેબથી પ્રતિષ્ઠિત ચોવીસસો આડત્રીશ ( ૨૪૩૮ ) વર્ષનો અતિપ્રાચીન મહાતીર્થસ્વરૂપ ચરશશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માનો ભવ્ય જિનેન્દ્રપ્રાસાદ અડીખમ ઊભેલ છે. તે ઓસવાળ માત્રને સાદ દે છે, કે તમે સહુ ક્ષણ-ભર મારી સામે દૃષ્ટિ કરો. મારી વિરાટ કાયા તમને સહુને કાનમાં સંકેત કરે છે, કે મારા નિર્માણ સમયે અને મારી પ્રતિષ્ઠા સમયે આ મહાતીર્થનીસમૃદ્ધિ અને શોભા કેવી અદ્ભુત અને અલૌકિક હશે ? આજે તો એ મહાવિરાટનગરના કવચિત્ અવશેષો જ ઉપલબ્ધ છે. આ મહાતીર્થ અને આ મહાવિરાટ નગરનો પુનરુદ્ધાર કરીને મૂળભૂત સ્થિતિએ અને સ્વરૂપે પ્રસ્થાપિત કરવા હે રણબંકા શૂરવીર ક્ષત્રિય નર-રત્નો માડીજાયા મહાસપૂત ઓસવાળો ! તમો કેમ સજાગ થતા નથી ? તમારા જેવા રણબંકા નરરત્નોને શ્રી કુમ્ભકર્ણીય નિદ્રા માં ઘોરવું શોભાસ્પદ નથી. હે નરરત્નો ! તમારા પૂર્વજોનો ભૂતકાળ કેટલો ભવ્ય અને મહાપ્રભાવક હતો ? તેની સામે દૃષ્ટિપાત કરશો. તો તમને તમારા પૂર્વજોના ધર્મ આરાધના અને શાસન પ્રભાવનામય ભવ્ય ભૂતકાળનું વાસ્તવિક ભાન થશે.

## અડિખમ ઊભેલા વિરાટકાય જિનેન્દ્રપ્રસાદો સાક્ષી પૂરે છે.

વ્યક્તિગત એક એક પુણ્યવન્ત ઓસવાળે શ્રી રાજપૂતાના-

ની પવિત્રધરા ઉપર નિર્માણ કરાવેલ, અને આજે પણ અડિ-ખમ ઊભેલા વિરાટકાય સેંકડો તીર્થો અને હજારો ભવ્ય જિનેન્દ્રપ્રાસાદો, કચ્છ કાઠિયાવાડના અનેક તીર્થો અને સેંકડો ભવ્ય જિનેન્દ્રપ્રાસાદો ગૂજરાતના સેંકડો ભવ્ય જિનેન્દ્રપ્રાસાદો, હાલાર પ્રદેશના અનેક ભવ્ય જિનેન્દ્રપ્રાસાદો, મધ્યપ્રદેશના અનેક ભવ્ય જિનેન્દ્રપ્રાસાદો, બિહાર–બંગાળકા અનેક તીર્થો અને ભવ્ય જિનેન્દ્રપ્રાસાદો અને દક્ષિણ ભારતના અનેક ભવ્ય જિનેન્દ્રપ્રાસાદો આજે પણ સાક્ષી પૂરે છે, કે પરમ ખમીરવન્ત ઓસવાળોનો ભૂતકાળ કેટલો ભવ્ય અને પરમ ઉજ્જવળ હતો તેની કંઈક રૂપરેખા જણાવું છું.

'ભવ્યભૂતકાળનાં કેટલાંક સંસ્મરણો.

શ્રી વીર સંવત્ ૧૮૪૧, સંવત્ ૧૩૭૧ માં શ્રી સમર-સિંહજી (શ્રી સમરશા) ઓસવાળે સર્વતીર્થચૂડામણિ તીર્થા-ધિરાજરાજેશ્વર મહાતીર્થ શ્રી શત્રુંજય ગિરીરાજનો પંદરમો જીર્ણોદ્ધાર કરાવ્યો. શ્રી મૂખનાયકજીની ટૂંક.

o શ્રી વીર સંવત્ ૨૦૨૭, વિક્રમ સંવત્ ૧૫૮૭ ના વૈશાખ વદિ ૬ ના દિને શ્રી કર્મસિંહજી (શ્રી કર્માશા) ઓસા, વાળે શ્રી શંત્રુજય ગિરિરાજનો સોળમો જીર્ણોદ્ધાર કરાવ્યે-જે આજે પ્રવર્તમાન છે. :

o શ્રી મૂળનાયકજીની ટૂંક, (ઓસવાળ)
o શ્રી મોતીશા શેઠની ટૂંક ,,

0 શ્રી હેમાભાઈ નગરશેઠની ટૂંક (ઓસવાળ)

0 શ્રી પ્રેમાભાઈ નગરશેઠની ટૂંક ,,

0 શ્રી ઉજમફોઈની ટૂંક નગરશેઠ કુટુમ્બના ,,

0 શ્રી બાલાભાઈ શેઠની ટૂંક ,,

0 શ્રી ખરતરવસીની ટૂંક ,,

0 શ્રી નરસિંહ કેશવજીની ટૂંક ,,

0 શ્રી ધનપતસિંહજીની ટૂંક ,,

## શ્રી રાજનગર (અમદાવાદ)નાં ભવ્ય જિનાલયો

0 શેઠ શ્રી હઠીસિંહ (ઘ) કેસરીસિંહ (ઘ) હઠીભાઈની વાડીનું જિનાલય

0 શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથજીનું જિનાલય (રાજપુર)

0 શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથજીનું ,, (વાઘણપોળ)

0 શ્રી આદિશ્વરજી પરમાત્માનું ,, ,,

0 શ્રી અજિતનાથજી પરમાત્માનુ. ,, ,,

0 શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માનું ,, (શેઠની પોળ)

0 શ્રી સંભવનાથજી પરમાત્માનું ,, (ઝવેરીવાડ સંભવ-નાથની ખડકી)

0 શ્રી ચૌમુખજી પરમાત્માનું ,, (ઝવેરીવાડ ચૌમુખજીની ખડકી)

0 શ્રી અજિતનાથજી પરમાત્માનું ,, (ઝવેરીવાડ ચૌમુખજીની ખડકી)

0 શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માનું ,, (ઝવેરીવાડ સો-દાગરની પોળ)

c શ્રી મહાવીરસ્વામિજી પરમાત્માનું જિનાલય (ઝવેરી પોળ)
0 શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્માનું ,, (ઝવેરીવાડ લહેરી પોળ)
0 શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્માનું ,, (ગાંધીરોડ ફતાશાની પોળ)
0 શ્રી સીમન્ધરસ્વામિજી-પરમાત્માનું ,, (દોશીવાડાની પોળ)
0 શ્રી ભાભાપાર્શ્વનાથજી-પરમાત્માનું ;, (દોશીવાડાની પોળ)
0 શ્રી વાસુપૂજ્યસ્વામિજી-પરમાત્માનું ,, ,,
0 શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજી-પરમાત્માનું ,, ,,
0 શ્રી મહોરીયા પાર્શ્વનાથજી-પરમાત્માનું ,, (પાંજરાપોળ)
0 શ્રી ધર્મનાથજી પરમાત્માનું ,, ( ,, )
0 શ્રી પાંજરાપોળના ,, ( ,, )
0 શ્રી શેખનાપાડાના દેવશાના પાડાના ,, (શેખનો પાડો તથા ભોજનાલયો)

**શ્રી સૂર્યપુર(સૂરત)ના ભવ્ય જિનાલયો**

0 શ્રી વાસુપૂજ્યસ્વામિ-પરમાત્માનું ,, (શ્રીઓસવાળા મહોલ્લો)
0 શ્રી સૂરજમંડન પાર્શ્વનાથજી-પરમાત્માનું ,,
0 શ્રી શીતળનાથજી પરમાત્માનું ,,
0 શ્રી અનન્તનાથજી-પરમાત્માનું ,,
0 શ્રી ઓસવાળ મહોલ્લાના અને તેની આજુબાજુના અનેક જિનાલયો (શ્રી ઓસવાળ મહોલ્લો)
0 શ્રી પાટણ નગરનાં અનેક ,, (પાટણ)
0 શ્રી ખંભાત નગરનાં અનેક ,, (ખંભાત)
0 શ્રી પ્રલ્હાદનપુર (પાલનપુર)ના અનેક ,, (પાલનપુર)

0 શ્રી શાન્તિનાથજી પરમાત્માનું જિનાલય
શેઠ શ્રી વધર્માનશાનું (જામનગર)

0 શ્રી નેમિનાથજી પરમાત્માનું જિનાલય
પ્રમુખ અનેક જિનાલયો (જામનગર)

શ્રી મુંબઈનાં ભવ્ય જિનાલયો

0 શ્રી શાન્તિનાથજી પરમાત્માનું જિનાલય શ્રી મોતીશા શેઠનું
શ્રી ચોરીનું જિનાલય (જામનગર) (કોટ)

0 શ્રી ગોડીજી પાર્શ્વનાથજી પરમાત્માનું જિનાલય (પાયધુની)

0 શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્માનું જિનાલય
શ્રી મોતીશાશેઠનું (ભૂલેશ્વર લાલબાગ)

0 શ્રી આદીશ્વરજી માતાજી પરમાત્માનું જિનાલય
શ્રી મોતી શેઠનું (ભાયખલા)

0 શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્માનું જિનાલય
શ્રી વાડીલાલ સારાભાઈનું (સેન્ડહર્સ્ટ રોડ)

0 શ્રી આદીશ્વરજી–પરમાત્માનું જિનાલય
શ્રી નરસિંહનાથાનું (પાલાગલી)

0 શ્રી અનન્તનાથજી પરમાત્માનું જિનાલય શ્રી નરસિંહ
કેશવજી નાયક (મસ્જીદબંદર)

0 શ્રી પાર્શ્વનાથજી પરમાત્માનું જિનાલય આદિ અનેક
જિનાલયો (સાદડી)

0 શ્રી મુછાળા મહાવીરસ્વામિ પરમાત્મા પ્રમુખ અનેક
જિનાલયો (ઘાણેરાવ)

0 શ્રી દેસૂરિના અનેક જિનાલયો (દેસૂરિ)

0 શ્રી પદ્મપ્રભસ્વામિ પરમાત્મા પ્રમુખ અનેક જિનાલયો
(નાડોલ)

o શ્રી વરકારણા પાર્શ્વનાથજી–પરમાત્માનું જિનાલય (વરકાણા)

o શ્રી દયાળશા પ્રમુખ મેવાડના અનેક ભવ્ય જિનાલયો (મેવાડ)

o શ્રી ગોડીજી–નવલખા પાર્શ્વનાથજી પરમાત્મા પ્રમુખ અનેક ભવ્ય જિનાલયો (પાલી)

o શ્રી કાપરડા પાર્શ્વનાથજી પરમાત્માનું ભવ્ય તીર્થ (કાપરડાજી)

o શ્રી ફલોધિ પાર્શ્વનાથજી પરમાત્માનું ભવ્ય તીર્થ (મેડતારોડ)

o શ્રી નાગોર નગરના અનેક ભવ્ય જિનાલયો (નાગોર)

o શ્રી ભાંડાસરજી પ્રમુખ બિકાનેરના અનેક ભવ્ય જિનાલયો (બિકાનેર)

o શ્રી લોદ્રવા પાર્શ્વનાથજી પરમાત્માનું ભવ્ય તીર્થ (લોદ્રવા)

o શ્રી અમરસાગરના ભવ્ય જિનાલયો (જેસલમેર)

o શ્રી મહાવીરસ્વામિજી પરમાત્મા–પ્રમુખ અનેક ભવ્ય જિનાલયો (જેસલમેર)

o શ્રી શાન્તિનાથજી પરમાત્મા પ્રમુખ અનેક ભવ્ય જિનાલયો (પોકરણ ફલોધિ)

o શ્રી મહાવીરસ્વામિજી–પરમાત્માનું ભવ્ય તીર્થ (શ્રી ઓસિયાજી)

o શ્રી જોધપુર, જયપુર, કોટા ભરતપુર આદિ નગરોના અનેક ભવ્ય જિનાલયો.

o શ્રી સમ્મેતશિખરજી, પાવાપુરી–ચમ્પાપુરી ભાગલપુરી રાજગૃહી, ગુણીયાજી આદિ પૂર્વભારતના અનેક મહાતીર્થોનું એક એક પુણ્યવન્ત ઓસવાળે નિર્માણ કરાવીને વ્યક્તિગત રીતે તો અનન્તમહાતારક શ્રી જિનેન્દ્રશાસનના અનન્ત મહાઉપકારનું ઋણ અદા કરવામાં, અને શાસનની રક્ષા કાજે શક્તિ સમ્પત્તિ

શાણપણ અને સમયનો સદ્વ્યય કરવામાં અંશમાત્ર પાછું વાળીને જોયું નથી. શાસન રક્ષા અને પ્રભાવના કાજે સદકાળ કટિબદ્ધ રહ્યા છે. અરે ! શ્રી જિનશાસન કાજે પોતાના દેવ જેવા દીકરાઓની પ્રભાવના કરતાં પણ ઓસવાળો અચકાયા નથી.

## ૫૦૦ મુનિઓની હત્યા, અને ૨૧ ઓસવાળોએ વહોરાવેલ ૨૧ પુત્રો

પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી યક્ષદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાંચસો (મુનિવરો) સાથે વિહાર કરતાં ખપુટનગરમાં પધારે છે. શ્રી સંઘ પરમપૂજ્યપાદશ્રીજીની ધર્મદેશનાથી ખૂબ જ પ્રભાવિત થાય છે. કેટલાંક દિવસ પછી એ નગર ઉપર યવનોનું આક્રમણ થાય છે. શ્રી જિનબિંબોની રક્ષા કાજે પરમપૂજ્યપાદશ્રીએ મૂળનાયક પ્રભુજી મસ્તકે લીધા અને ૫૦૦ પ્રતિમાજી મસ્તકે લઈને રાતોરાત તે નગરમાંથી નીકળી અટવીમાં જાય છે. મુનિઓને નીકળતાં જોઈ જવાથી યવનો પાછળ પડે છે. ૫૦૦ મુનિવરોની હત્યા કરે છે, અને પરમપૂજ્યપાદશ્રીજીને પકડીને કારાગૃહમાં પૂરે છે. કેટલાક દિવસ પર્યન્ત મુનિજીવનની દિનચર્યાથી પ્રભાવિત થઈને આરક્ષકે પરમ-પૂજ્યપાદશ્રીજી મહારાજને કારાગૃહમાંથી મુક્ત કર્યા. કેટલાક મહિનાઓ પછી પરમ પૂજ્યપાદશ્રીજી મહારાજ વિચરતાં વિચરતાં ખપુટનગરમાં પધારે છે. પરમ પૂજ્યપાદશ્રીજી મહા-રાજને એકાકી હોવાનું કારણ પૂછતાં પરમપૂજ્યપાદશ્રીજી મહા-રાજના નેત્રના ખૂણા સહેજ ભીનાં થયા. મુનિઓની હત્યા

થયાનું જાણતાં જ શ્રી સંઘના એકવીશ (૨૧) પ્રમુખ શ્રાવકોએ નિર્ણય કરીને. ત્યાંને ત્યાં જ પોતાના પરમપ્રિય અને મહાતેજસ્વી એવા એક એક સુપુત્રને અર્થાત્ ૨૧ સુપુત્રોને પ્રતિલાભવા પરમ પૂજ્યપાદશ્રીજી મહારાજને પરમ સબહુમાન વિનતિ કરીને વહોરાવ્યા. આ છે ઓસવાળોની ભૂતકાળની ભવ્યાતિભવ્ય ઉદારતા.

## ૫ પૂ. શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજીમહારાજને 'તપા' પદથી વિભૂષિત

પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ શ્રી વીશા ઓસવાળવંશમાં જન્મેલ શ્રી જૈનેન્દ્રશાસનના અજોડ મહાભાવક, અને દિગ્ગજ પ્રકાંડ વિદ્વાન્ હોવાના કારણે પંડિતમૂર્ધન્ય હતા. તદુપરાન્ત ઉત્કટ સંયમ, ઉગ્રતપ અને આતાપના આદિ ઉગ્ર પરિષહો આદિ સહન કરવામાં સિદ્ધહસ્ત હતા.

ઉગ્રતપ અને આતાપના આદિથી ઉદયપુરના મહારાણાજી પરમ પ્રભાવિત થઈને મેદપાટ (મેવાડ) દેશાન્તર્ગત શ્રી ચિત્રવાળ (ચિત્તોડ)ની રાજસભામાં પરમ પુજ્યપાદ આચાર્ય પ્રવર શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને મહામંગળકારી "શ્રી તપા"ના પૂજ્યપદથી વિભૂષિત કર્યા. તે દિનથી વડગચ્છ તપાગચ્છરૂપે પ્રસિદ્ધિ પામી જૈન જગતમાં પરમ સુવિખ્યાત થયો. શ્રી તપા પદથી વિભૂષિત કર્યા તે સમયે એવું ઘોષિત કરવામાં આવ્યું, કે શ્રી તપાગચ્છની મૂળ ગાદી (પાટ) ઉદયપુર ગણાશે, અને એ મૂળ ગાદી ઉપર વીશા ઓસવાળવંશીય જૈનાચાર્ય જ આવી શકશે. એ પણ વીશા ઓસવાળ વંશની એક આગવી વિશિષ્ટ મહાસિદ્ધિ છે.

## શ્રી ઉપકેશપુર એ જ આજનું મહાતીર્થ શ્રી ઓસિયાજી

શ્રી ઉપકેશપુરનું કાળાન્તરે અપભ્રંશ થતાં ઉપકેશપુર એ જ આજનું શ્રી ઓસિયાજી, મહાતીર્થ અને ઉપકેશવંશીઓ એ જ આજના ઓસવાળો. એ ઉપરથી એક વાત તો નિર્વિવાદ નિઃશંક છે, કે વીશા હોય કે દશા હોય, પરન્તુ ઓસવાળ માત્રની જન્મભૂમિ તો માભોમ શ્રી ઓસિયાજી મહાતીર્થની પવિત્ર ધરા જ છે. ગમે તે દેશ ઉપર વસવાટ કરતા સૂર્ય ચંદ્રવંશીય ક્ષત્રિયોને પૂર્વાચાર્યોએ પ્રતિબોધ કરી પરમ જૈનધર્મી બનાવીને ઓસવાળ જ્ઞાતિમાં ભેળવ્યા એટલે તેઓ ઓસવાળ કહેવાયા. ઓસવાળ એ પ્રમાણે નામ શ્રી ઓસિયાજી મહાતીર્થ ઉપરથી જ થયેલ હોવાથી ઓસવાળ માત્રની જન્મભૂમિ કહો કે માભોમ કહો, પણ તે તો શ્રી ઓસિયાજી મહાતીર્થની પવિત્ર વસુંધરા જ ગણાશે.

જન્મજનેતા તુલ્ય માભોમ વિચારે છે, કે દેશવિદેશમાં મળીને લગભગ ત્રીશ (૩૦) લાખ આસપાસ મારા પરમ સુકુલીનઅને મહાસમૃદ્ધ ઓસવાળ સપૂતો હોવા છતાં મારી આવી દુર્દશા કેમ સંભવે ! હા, મેં મારા એ સપૂતોને દુર્દશામાંથી મારી મુક્તિ માટે, મારા પુનરુદ્ધાર માટે, મારા કાયાકલ્પ માટે આજ દિન પર્યન્ત સાદ દીધો નથી. આજે મારે મારા પરમ સુકુલીન એ સપૂતોને સાદ દેવો જ જોઇએ. એમ વિચારીને પરમ સુકુલીન સપૂતોને સજાગ કરવા માટે નિમ્નોક્ત રીતે સાદ દે છે:

**'ઓ મારા પરમ સપૂત ઓસવાળો ! તમો કુંભકર્ણીય નિદ્રામાં કેમ ઘોરો છો ?**

'ઓ મારા મહાસમૃદ્ધ લાખો સપૂત ઓસવાળ મહારથીઓ ! તમો નિદ્રાદેવીના ખોળામાં મસ્તક મૂકીને નિશ્ચિન્તપણે કુંભકર્ણની ચિર નિદ્રામાં કેમ ઘોરો છો ? હવે તો તમે જાગો,

જાગો 'ને જાગો જ. તમારી નસેનસમાં મહાધીર વીર અને શૂરવીર રણબંકા સૂર્યચંદ્રવંશીય ક્ષત્રિય નરરત્નોનું પરમ ખમીરવન્ત મહા-ઐજસ્વી ધબકતું શોણિત અવિરત પ્રવાહે વહી રહ્યું છે. તમારી પાસે સત્તા સમ્પત્તિ શક્તિ સમજ અને શાણપણ આદિ એટલું બધું વિશેષ છે, કે તમો વિશ્વમાં મોખરે છો. 'ઓસવાળ ભોપાળ' 'પુષ્કરાવર્ત મહામેઘ' 'કામધેનુ' 'કલ્પવૃક્ષ' 'ચિન્તામણિરત્ન' 'ચિત્રાવેલી' 'સુવર્ણસિદ્ધિ' 'ધનકુબેર' અને 'સ્વયમ્ભૂરમણમહાસાગર' જેવી અનેક મહા-ઉપમાઓ આપીને કવિઓએ અને અનુભવીઓએ તમારી યશોગાથા ગાવામાં અંશમાત્ર કચાશ રાખી નથી. દિગન્તવ્યાપી કીર્તિવાળા હોવાના કારણે યશોગાથા ગવાય તેમાં કોઈ આશ્ચર્ય નથી. પરન્તુ મારી એટલે તમારી માભોમની આવી કારમી દુર્દશાને તમો શી રીતે સહન કરી રહ્યા છો?–એ જ મને સમજાતું નથી. મારી આવી બિસ્માર હાલતથી તમને લજ્જા આવે કે ન આવે પણ મને તો લજ્જા આવે જ છે. કારણ કે મારા લાખો સુકુલીન સપૂતો પરમ સમૃદ્ધ અને મહાશક્તિ-સમ્પન્ન હોવા છતાં મારે એવી મહાભયંકર કારમી પરિ-સ્થિતિમાંથી પસાર થવું પડે એ જ મહદાશ્ચર્યમ્'

## ઓસવાળ ભોપાળ માભોમ કાજે કેવા વર્ષે છે.

'હું જોઉં છું : 'ઓસવાળ ભોપાલ' 'પુષ્કરાવર્તમહામેઘ' જેવા કહેવાતા ઓસવાળો માભોમ કાજે કેવા વર્ષે છે? તે જોવાના દિવસો હવે બહુ દૂર નથી.

## તેજી તોખાર ઘોડાને માત્ર ઈશારો જ બસ છે.

માભોમની મૂળભૂત દિવ્યતા અને ભવ્યતા પુનઃ પ્રસ્થા-પિત કરવા માટે અનન્તાનન્ત પરમ ઉપકારક પરમતારક વિહરમાણ દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી–પરમાત્માના

જાજરમાન ભવ્ય પ્રતિમાજી યુક્ત મહાતીર્થસ્વરૂપ અજોડ શિલ્પકળાયુક્ત અતિવિરાટકાય જિનેન્દ્રપ્રાસાદ નિર્માણ કરાવવાનું આયોજન કર્યું છે. એ મહાતીર્થને અનુરૂપ અન્ય અનેક સ્થાપત્યો નિર્માણ કરાવવાનું પણ સાથો સાથ વિચારેલ છે. તે મહાભગીરથ આયોજનમાં જોઈએ છીએ, કે કામધેનુ-કલ્પવૃક્ષ-ચિન્તામણિરત્ન-ધનકુબેર ઓસવાળ ભોપાળો કેવા વર્ષે છે? પુષ્કરાવર્તમહામેઘની ઉપમાને વરેલા ભોપાળો આયોજનને અનુરૂપ વર્ષ્યા, તો એમને કવિઓએ આપેલ પુષ્કરાવર્તમહાક્ષઘની ઉપમા સાર્થક ગણાશે. ઓસવાળ ભોપાળ પુણ્યવન્તોને એથી વિશેષ મારે કંઈ જ કહેવાનું રહેતું નથી. તેજી તોખાર ઘોડાને તો માત્ર ઈશારો જ બસ છે.

**વીશા દશાની સમીક્ષા**

મૂળ તો ઓસવાળમાત્ર વીસા ઓસવાળ જ હતા. પરંતુ શ્રી આબૂ મહાતીર્થની પ્રતિષ્ઠા સમયે મહામન્ત્રીશ શ્રી તેજપાળ-વસ્તુપાળે અખિલ ભારતવર્ષીય શ્રી જૈન સંઘને નિમન્ત્રેલ તે સમયે જેઓ તેમની નવકારસીમાં જમ્યા તેમના ૫૦ ટકાનો છેદ કરીને શ્રી વીશા ઓસવાળ જ્ઞાતિએ તેમને દશા ઓસવાળ રૂપે ઘોષિત કર્યા. તેમની સાથે વીશા ઓસવાળજ્ઞાતિએ બેટી વ્યવહાર બંધ કરીને રોટી વ્યવહાર ચાલુ રાખ્યો. એ ઘટનાને આજે લગભગ ૮૦૦ વર્ષ થવા આવ્યાં છે. વીશામાંથી દશાનો ભેદ એ કંઈ મૂળભૂત ભેદ નથી, પરંતુ નૈમિત્તિક ભેદ છે. શ્રી ઓસિયાજી મહાતીર્થનો પુનરુદ્ધાર કરીને તેની મૂળભૂત દિવ્યતા અને ભવ્યતા પુનઃપ્રસ્થાપિત કરવામાં વીશાદશાના ભેદ કે વિકલ્પ વિના સમસ્ત ઓસવાળ જ્ઞાતિ માભોગના પુનરુદ્ધારના મહાભગીરથ પુણ્યકાર્યમાં તન મન અને ધન આદિ સર્વસ્વ અર્પણ કરીને સાચી કૃતજ્ઞતા દાખવે તેમાં જ ઓસવાળમાત્રની પરમ શોભા છે. આપણા ઉપર કરેલ અનન્ત

મહાઉપકારના ઋણથી મુક્ત થવાનો અપૂર્વ અવસર આપણા પરમપુણ્યોદયે અનાયાસે પ્રાપ્ત થયો છે. તેને સહર્ષ વધાવી લેવો એ આપણા માટે પરમ હિતાવહ છે,

વ્યક્તિગત તો આજદિન પર્યન્ત હજારો લાખો મહાભાગીરથ કાર્યો ઓસવાળોએ પરમ પ્રસન્નતાથી સહર્ષ કર્યા છે. ત્યારે સમસ્ત ઓસવાળજ્ઞાતરૂપે, અને તે પણ ઓસવાળમાત્રની મા ભોમ જન્મભૂમિ શ્રી ઓસયાજી મહાતીર્થના પુનરુદ્ધાર માટે ૨૪૩૮ વર્ષ પછી સર્વપ્રથમ વાર જ આપણા પૂર્વોપાર્જિત પ્રબળ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ છે. વીશા દશાના વિકલ્પ વિના ઓસવાળમાત્રે પરમ ઉલ્લાસથી લાભ લેવા પ્રયત્નશીલ રહેવું. કયો ઓસવાળ એવો હશે કે જે આ પુણ્ય પ્રસંગમાં રૂપિયા એકત્રીશસો–એકતાલીશ (રૂા. ૩૧૪૧)નો એક ઇંટનો લાભ ન લે? મનેદૃઢ આત્મવિશ્વાસ છે કે જે પુણ્યવન્તની શક્તિ હશે, તે તો સહર્ષ પરમ સબહુમાન અવશ્ય લાભ લેશે લેશે'ને લેશે જ.

વિહરમાણ દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિનો જય હો! ચરમશાસનપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામિજી–પરમાત્માનો જય હો! ઓસવાળના આદ્ય સંસ્થાપક પરમ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજનો જય હો! શ્રી ઓસિયાજી મહાતીર્થનો જય હો!

અનન્ત મહાતારક શ્રી જિન આજ્ઞાથી વિપરીત વિચારાયું કે આલેખાયું હોય, તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં.

શ્રી વીરસંવત ૨૫૦૮ વૈશાખ શુદિ ૬ —**કલ્યાણસાગર**

શ્રી મહેસાણાનગરસ્થ
સીમન્ધરસ્વામિજિનમંદિર–પ્રતિષ્ઠા દિન

卐